


# ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઇ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33

વર્ષઃ ૦૨ અંક : ૧૯ તા.૦૩.૦૮.૨૦૨૪, શનિવાર પાનાઃ ૪ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 19 Dt. 03-08-2024, Saturday Page : 4 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


**સુવિચાર**

સમજદાર માણસ
પોતે જ શીખી જાય છે,
અને નાસમજ માણસને
સમય શીખવી દે છે !!

# સુપ્રીમ કોર્ટનો અંતિમ ચુકાદો ! ફરી નહીં યોજાય NEET ની પરીક્ષા..

**પેપર લીક મામલે સુપ્રીમ કોર્ટે અંતિમ ચુકાદો આપી દીધો છે. કોર્ટે કહ્યું કે તમામ પક્ષકારોની દલીલો સાંભળ્યા બાદ અમે આ નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ કે પેપર લીકની અસર હજારીબાગ અને પટના સુધી જ મર્યાદિત છે.સુપ્રીમ કોર્ટે હવે ફરીયાદના કિસ્સામાં હાઈકોર્ટમા જવા પણ જણાવ્યુ છે સાથે પરિક્ષા પ્રક્રિયા વધુ સુધારો કરવા પર ભાર મુક્યો હતો**

નવી દિલ્હી, તા.ર

NEET પેપર લીક મામલે સુપ્રીમ કોર્ટે અંતિમ ચુકાદો આપી દીધો છે. કોર્ટે કહ્યું કે, તમામ પક્ષકારોની દલીલો સાંભળ્યા બાદ અમે એ નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ કે આ કોઈ સિસ્ટમેટિક નિષ્ફળતા નથી. પેપર લીકની ઘટના માત્ર હજારીબાગ અને પટના સુધી મર્યાદિત છે. અમે માળખાકીય ખામીઓ પર ધ્યાન આપ્યું છે. CJIએ કહ્યું કે, અમે એ નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ કે પેપર નો કોઈ સિસ્ટેમેટિક બ્રીચ નથી થયો. પેપર લીક માત્ર પટના અને હજારીબાગ પૂરતું મર્યાદિત હતું. અમે NTA ની માળખાકીય પ્રક્રિયાઓમાં તમામ ખામીઓને પ્રકાશિત કરી છે.

તેમજ વધુમાં કહ્યું કે, પેપર લીક વ્યાપક સ્તરે નથી થયું. NTAએ ભવિષ્યમાં કાળજી લેવી જોઈએ. આ પ્રકારની બેદરકારી ટાળવી જોઈએ. અમે દ્વઈઈની પુનઃપરીક્ષા ની માંગને ફગાવી રહ્યા છીએ. સુનાવણી દરમિયાન કોર્ટે NTAને પરીક્ષા યોજવાની પદ્ધતિ બદલવા માટે કહ્યું છે. એજન્સીએ પ્રશ્નપત્ર સેટ થવાથી લઈને પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધી સખત તપાસ સુનિશ્ચિત કરવી જોઈએ. પ્રશ્નપત્રો વગેરેનું સંચાલન ચકાસવા માટે SOP બનાવવી જોઈએ. સીજેઆઈએ કહ્યું કે, સમિતિ ડેટા સુરક્ષા પ્રોટોકોલની ભલામણ કરશે જેથી કરીને તમામ સંવેદનશીલ માહિતી સુરક્ષિત રહે અને લીકને પણ ટાળી શકાય. ઈલેક્ટ્રોનિક ફિંગરપ્રિન્ટ્સ રેકોર્ડ કરવામાં આવશે. સાયબર સિક્યોરિટીનું ઓડિટ કરવું પણ જરૂરી છે. વિકલાંગ લોકો માટે પ્રવેશ માટેના અવરોધોને ઘટાડવાના પગલાંની ભલામણ કરો જેથી સમાનતા રહે. NEET UG પર ચુકાદો આપતી વખતે CJIએ કહ્યું કે ખુલ્લી ઈ-રિક્ષાને બદલે રિયલ ટાઈમ ઈલેક્ટ્રોનિક લોક સિસ્ટમ સાથે બંધ વાહનમાં પેપર મોકલવાની વ્યવસ્થા પર વિચાર કરવો જોઈએ. આ સમિતિ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યને લગતા કાર્યક્રમો માટે ની યોજનાઓની ભલામણ કરશે. NTA પ્રશિક્ષણ સભ્યો, પરીક્ષકો, સ્ટાફ વગેરેની સંભવિતતા પર વિચાર કરશે જેથી કરીને બધા પરીક્ષાની અખંડિતતાને સંભાળવા માટે સુસજ્જ હોય. CJIએ કહ્યું કે સરકાર દ્વારા કમિટીની રચના કરવામાં આવી છે. તેમાં મૂલ્યાંકન સમિતિનો સમાવેશ કરવામાં આવશે. તેમણે કહ્યું કે પરીક્ષા પ્રણાલીની સાયબર સુરક્ષામાં સંભવિત નબળાઈઓને ઓળખવા માટે ટેક્નોલોજી વિકસાવવાની જરૂર છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે પરીક્ષા યોજવામાં કોઈ પદ્ધતિસરની ખામી જોવા મળી નથી. જો પરીક્ષા રદ કરવામાં આવી હોત, તો તેની અસર લાખો વિદ્યાર્થીઓને થશે જેઓ પરીક્ષામાં બેઠા હતા. તે જ સમયે, પરીક્ષા પાસ કરતા વિદ્યાર્થીઓ પર તેની વિપરીત અસર થશે. આવી સ્થિતિમાં, સંપૂર્ણ તપાસ અને તમામ મુદ્દાઓને ધ્યાનમાં લીધા પછી, પરીક્ષા રદ ન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સર્વોચ્ચ અદાલતે પરીક્ષા અને તેની પ્રક્રિયાઓની પવિત્રતા અને અખંડિતતા સુનિશ્ચિત કરવા અને ઉમેદવારોની નકલ અટકાવવા માટે મિકેનિઝમ વિકસાવવા માટે પણ નિર્દેશો આપ્યા છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે ગોપનીયતાના અધિકાર સાથે સમાધાન કર્યા વિના, તકનીકી નવીનતાઓ અને ઉમેદવારોની ઓળખની સમયાંતરે ચકાસણી એ સુનિશ્ચિત કરવા માટે જરૂરી છે કે કોઈ ઉમેદવાર પરીક્ષા માટે પ્રોક્સી ન રાખે.

## ઈરાનના કોઈ પણ હુમલાથી અમેરિકા ઈઝરાયેલનું રક્ષણ કરશે : બિડેન

અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને ગુરુવારે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે ફોન પર વાત કરી હતી. આ વાતચીત દરમિયાન બિડેને વચન આપ્યું હતું કે અમેરિકા ઈરાનના કોઈપણ હુમલાથી ઈઝરાયેલનું રક્ષણ કરશે. ઉલ્લેખનીય છે કે ઈરાનમાં હમાસના ટોચના નેતા ઈસ્માઈલ હાનિયાની હત્યા બાદ પશ્ચિમ એશિયામાં તણાવ વધી ગયો છે અને ઈરાને ઈઝરાયેલને હુમલાની ધમકી આપી છે. બિડેન ઉપરાંત રાષ્ટ્રપતિ પદના દાવેદાર કમલા હેરિસે પણ બેન્જામિન નેતન્યાહુ સાથે ટેલિફોન પર વાત કરી હતી. હમાસના ટોચના નેતા ઈસ્માઈલ હાનિયાની સાથે ઈઝરાયેલે તાજેતરમાં જ બેરુતમાં હિઝબુલ્લાહના ટોચના કમાન્ડર ફુઆદ શુકરની હત્યા કરી હતી. આવી સ્થિતિમાં હિઝબુલ્લાહ પણ ઈઝરાયેલ સામે જવાબી કાર્યવાહી કરી શકે છે. જો કે ઈઝરાયેલ સરકારે હજુ સુધી ખુલ્લેઆમ સ્વીકાર્યું નથી કે ઈસ્માઈલ હાનિયાની હત્યા પાછળ તેનો હાથ છે, પરંતુ ઈઝરાયેલે તેનો ઈન્કાર પણ કર્યો નથી. હાનિયાના મોત બાદથી ઈઝરાયેલને ધમકીઓ મળી રહી છે. તેનાથી સમગ્ર પશ્ચિમ એશિયામાં ફેલાયેલા ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષનો ભય વધી ગયો છે.એવી આશંકા છે કે હાનિયાના મૃત્યુથી ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધવિરામના પ્રયાસોને ફટકો પડી શકે છે. અમેરિકી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાને કહ્યું કે હમાસના નેતા ઈસ્માઈલ હાનિયાના મૃત્યુથી ગાઝા યુદ્ધવિરામ કરાર માટે ચાલી રહેલી વાટાઘાટો પર શું અસર પડશે તે કહેવું બહુ વહેલું છે. અમે અત્યારે તેના પર અનુમાન લગાવવાના નથી. તમને જણાવી દઈએ કે ૭ ઓક્ટોબરના રોજ હમાસે દક્ષિણી ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો.

## શેરબજારમાં હાહાકાર, સેન્સેક્સ ૮૮૫ પોઈન્ટ ગગડ્યો, નિફ્ટી ૨૪,૭૨૧

ભારતીય શેરબજાર ટ્રેડિંગ સપ્તાહના છેલ્લા દિવસે ભારે ઘટાડા સાથે રેડ ઝોનમાં બંધ થયું હતું.બીએસઈ પર સેન્સેક્સ ૮૮૫ પોઈન્ટના ઘટાડા સાથે ૮૦,૯૮૧.૯૫ પર બંધ રહ્યો હતો. જ્યારે એનએસઈ પર નિફ્ટી ૧.૧૬ ટકાના ઘટાડા સાથે ૨૪,૭૨૧.૭૫ પર બંધ થયો હતો. કારોબારી સપ્તાહના અંતિમ દિવસે શેરબજારમાં ભારે વેચવાલી જોવા મળી હતી.બીએસઈ પર સેન્સેક્સ ૯૪૭ પોઈન્ટના ઘટાડા સાથે ૮૦,૯૧૯.૯૫ પર બંધ રહ્યો હતો.એનએસઈ પર નિફ્ટી ૧.૧૬ ટકાના ઘટાડા સાથે ૨૪,૭૨૧.૭૫ પર બંધ થયો હતો. આજના ટ્રેડિંગ દરમિયાન ડિવિસ લેબ્સ, એચડીએફસી બેંક, ડો. રેડ્ડીઝ લેબ્સ, સન ફાર્મા અને કોટક મહિન્દ્રા બેંકના શેર્સ નિફ્ટીમાં ટોચના ગેઈનર્સમાં હતા. જ્યારે આઈશર મોટર્સ, મારુતિ સુઝુકી, ટાટા મોટર્સ, હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, જેએસડબ્લ્યુ સ્ટીલ ટોપ લુઝર્સની યાદીમાં સામેલ હતા. ફાર્મા અને હેલ્થકેરને છોડીને, અન્ય તમામ સૂચકાંકો લાલ નિશાનમાં ટ્રેડ થયા હતા, જેમાં ઓટો, એનર્જી, પીએસયુ બેંક, આઈટી, મેટલ અને રિયલ્ટી ૧-૩ ટકા ઘટ્યા હતા.બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ ૧ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૫ ટકા ઘટ્યા છે. શુક્રવારે ભારતીય રૂપિયો પ્રતિ ડૉલર ૮૩.૭૪ પર બંધ થયો હતો, જ્યારે ગુરુવારે તે ૮૩.૭૨ પ્રતિ ડૉલર પર બંધ થયો હતો. નિરાશાજનક યુએસ ડેટાએ વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થામાં સંભવિત મંદીની ચિંતા ઊભી કરી હોવાથી વૈશ્વિક વેચવાલી બાદ શુક્રવારે ભારતીય શેરબજાર ઘટ્યું હતું. તમામ ૧૩ મુખ્ય ક્ષેત્રોમાં નુકસાન નોંધવામાં આવ્યું હતું. વ્યાપક, સ્થાનિક રીતે કેન્દ્રિત સ્મોલ અને મિડ-કેપ્સમાં ૧ ટકાનો ઘટાડો થયો હતો. ટ્રેડિંગ સપ્તાહના અંતિમ દિવસે શેરબજાર રેડ ઝોનમાં ખુલ્યું હતું. બીએસઈ પર સેન્સેક્સ ૬૬૬ પોઈન્ટના ઘટાડા સાથે ૮૧,૨૦૧.૦૧ પર ખુલ્યો.

## ગુજરાતને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્કથી રૂ. ૯,૭૨૬ કરોડની આવક

રાજ્ય કર વિભાગને જીએસટી, વેટ, વિદ્યુત વેરો અને વ્યવસાય વેરા પેટે કુલ રૂ. ૯,૭૨૬ કરોડની આવક થઈ છે. તેમા રાજ્યને જીએસટી પેટે રૂ. ૫,૮૩૮ કરોડ મળ્યા છે. વેટ હેઠળ રૂ. ૨,૯૭૪ કરોડની આવક થઈ છે. વિદ્યુત વેરા હેઠળ રૂ. ૮૯૨ કરોડની આવક થઈ છે. વ્યવસાય વેરા હેઠળ રાજ્યને રૂ. ૨૧ કરોડની આવક થઈ છે. આમ વર્તમાન નાણાકીય વર્ષમાં એપ્રિલથી જુલાઈના પ્રથમ ચાર માસમાં રાજ્યની આવક રૂ. ૩૯,૩૫૦ કરોડ થઈ છે, જે ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનાએ ૧૪ ટકા વધારે રૂ. રૂ. ૩૯,૩૫૦ કરોડ થઈ છે. જુલાઈ ૨૦૨૩ની તુલનાએ આ વર્ષે જુલાઈમાં રાજ્ય સરકારને થયેલી વિવિધ વેરાકીય આવકમાં રૂ. ૩,૮૬૮ કરોડનો વધારો થયો છે. નાણાકીય વર્ષના ૨૦૨૩-૨૪ ગુજરાત સરકાર માટે ખૂબ જ સારું રહ્યું છે. જીએસટી, વેટ અને ઈલેક્ટ્રોનિક ચાર્જિસની આવકના લીધે રાજ્ય સરકારની તિજોરી ભરાઈ ગઈ છે. રાજ્ય સરકારે જીએસટી, વેટ અને વિદ્યુત વેરા પેટે વિક્રમી આવક થઈ છે. કેન્દ્ર દ્વારા વસૂલવામાં આવતા જીએસટી માસિક ડેટા કલેક્શને મહિને બે લાખ કરોડની એવરેજ બનાવવા દોટ લગાવી છે. તેમા પણ આઈજીએસટી કલેક્શન તો મહિને એક લાખ કરોડને વટાવી જાય તેવી સંભાવના છે. જુલાઈ ૨૦૨૪માં જીએસટી કલેક્શન (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કલેક્શન) રૂ. ૧,૮૨,૦૭૫ કરોડ હતું જે જુલાઈ ૨૦૨૩માં રૂ. ૧,૬૫,૧૦૫ કરોડ હતું.

## 'ઈલેક્ટોરલ બોન્ડ મામલામાં સીટ તપાસની જરૂર નથી : SC

નવી દિલ્હી, તા.ર

સુપ્રીમ કોર્ટે રાજકીય પક્ષો દ્વારા કોર્પોરેટ કંપનીઓ પાસેથી ચૂંટણી બોન્ડ દ્વારા મેળવેલા રાજકીય દાનની 'સ્પેશિયલ ઈન્વેસ્ટિગેટિવ ટીમ' (SIT) તપાસની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ કથિત કૌભાંડની તપાસ કરવાની અત્યારે જરૂર નથી. કોઈને શંકા હોય તેવા કિસ્સામાં તે કાનૂની માર્ગ અપનાવી શકે છે. જો કોઈ ઉકેલ ન આવે તો તે કોર્ટમાં જઈ શકે છે. હકીકતમાં એનજીઓ 'કોમન કોઝ' અને 'સેન્ટર ફોર પબ્લિક ઈન્ટરેસ્ટ લિટિગેશન' (CPIL)ની અરજીમાં કહેવામાં આવ્યું હતું કે રાજકીય દાન દ્વારા કથિત રીતે લાંચ આપવામાં આવી હતી. અરજદારોએ જણાવ્યું હતું કે ઈલેક્ટ્રોલ બોન્ડ દ્વારા આપવામાં આવેલા દાનમાં કરોડો રૂપિયાનું કૌભાંડ થયું છે. સીબીઆઈ કે અન્ય કોઈ તપાસ એજન્સી આ મામલાની તપાસ કરી રહી નથી. આવી સ્થિતિમાં, અમે માંગ કરીએ છીએ કે કોર્ટની દેખરેખ હેઠળ SIT તપાસ કરવામાં આવે.

ચીફ જસ્ટિસે કહ્યું કે અમારે કંપનીઓ અને રાજકીય પક્ષો સામે તપાસ કરવા, ગેરરીતિથી મેળવેલ નાણા જપ્ત કરવા, કંપનીઓ પર દંડ લાદવા, કોર્ટ દ્વારા દેખરેખ હેઠળની તપાસ કરવા અને આવકવેરા વિભાગને ૨૦૧૮ થી ફરી રાજકીય પક્ષોની તપાસ કરવાની મંજૂરી આપવા માટે SIT બનાવવાની જરૂર છે. માંગણી પણ કરવામાં આવી હતી.

# હિમાચલ-ઉત્તરાખંડમાં ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત !

**કેરળના વાયનાડમાં ભૂસ્ખલનમાં મૃત્યુઆંક ૩૧૩ પર પહોંચી ગયો છે. જ્યારે હિમાચલ-ઉત્તરાખંડમાં ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ છે. અનેકના મોત સાથે હજુ કેટલાય ગુમ છે. અનેક રસ્તાઓ,સેવાઓ બંધ કરી દેવાઈ છે. વડાપ્રધાન સહિતના નેતાઓએ મદદ માટે તૈયારી દર્શાવી સ્થિતી અંગે માહિતી મેળવી રહ્યા છે. વાયનાડમાં દુર્ઘટના બાદ જાણીતી હસ્તીઓ,કોગ્રેસ મદદ માટે આગળ આવી છે. તો અમેરીકાએ પણ વાયનાડ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે.**

દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત છે. કેરળ, હિમાચલ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદના પગલે ભૂસ્ખલનની ઘટનાઓ બની છે. જેના કારણે જાનમાલનું મોટું નુકસાન થયું છે. હિમાચલની જેમ ઉત્તરાખંડમાં પણ સ્થિતિ ગંભીર છે. ટિહરી અને કેદારનાથના ભીમબલીમાં વાદળ ફાટવાના કારણે ભારે તબાહી મચી છે.હિમાચલમાં વાદળ ફાટવાથી મંડી, શિમલા, કુલ્લુમાં ભારે તારાજી સર્જાઈ છે. આ જિલ્લાઓમાં અનેક મકાનો, શાળાઓ, હોસ્પિટલોને નુકસાન થયું છે. આ ઉપરાંત શિમલાના રામપુરના ઝાકરીમાં વાદળ ફાટ્યા પછી પૂરની સ્થિતિ સર્જાઈ હતી. જેના કારણે ૨૨ લોકો ગુમ થયા છે. આ ઉપરાંત મંડીના રાજવાન ગામમાં વાદળ ફાટવાથી પૂર આવ્યું હતું. આ ત્રણેય જિલ્લામાં રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે.હવામાન વિભાગની આગાહી અનુસાર, હિમાચલ માટે હજુ ત્રણ વધુ ભારે દિવસો છે. રાજ્યમાં ઘણી જગ્યાએ ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. જેમાં કાંગડા, કુલ્લુ, મંડી, શિમલા, ચંબા અને સિરમૌર માં ભારેથી અતિભારે વરસદા પડી શકે છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન અને કાચા મકાનોને નુકસાન થવાની આશંકા વ્યક્ત કરી છે.પ્રલયમાં અત્યાર સુધીમાં સાત લોકોના મોત થયા છે, જેમના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે ૪૬ લોકો ગુમ છે. સમેજમાં ૩૬, મંડીના



બાગીપુલ અને રાજબનમાં પાંચ-પાંચ લોકો ગુમ છે. શુક્રવારે ચૌહર ઘાટીના રાજબનમાં સર્ચ ઓપરેશન દરમિયાન વધુ બે મૃતદેહ મળી આવ્યા હતા.અત્યાર સુધીમાં કુલ પાંચ મૃતદેહો મળી આવ્યા છે. પાંચ હજુ પણ ગુમ છે. નોંધનીય છે કે બુધવારે રાત્રે કુલ્લુ જિલ્લાના નૈન સરોવર, ભીમદ્વારી, મલાના, મંડીમાં રાજબન, ચંબાના રાજનગર અને લાહૌલમાં જહાલમામાં વાદળ ફાટ્યા હતા. વાદળ ફાટવાના કારણે ૪૭ મકાનો, ૧૦ દુકાનો, ૧૭ પુલ, ત્રણ શાળા, એક દવાખાનું, એક બસ સ્ટેન્ડ, ૩૦ વાહનો, બે પાવર પ્રોજેક્ટ અને એક ડેમ ધોવાઈ ગયા હતા. બીજી તરફ શ્રીખંડ મહાદેવ માર્ગ પર ભીમદ્વારીમાં લગભગ ૨૫૦ લોકો ફસાયેલા છે. આ લોકો પ્રવાસે નીકળ્યા હતા.રાજ્યના મુખ્ય પ્રધાન સુખવિંદર સિંહ સુખુ શુક્રવારે બપોરે શિક્ષણ પ્રધાન રોહિત ઠાકુર અને રામપુરના ધારાસભ્ય રામપુર નંદ લાલ સાથે સમેજ પહોંચ્યા હતા. આ દરમિયાન મુખ્યમંત્રીએ વાદળ ફાટવાને કારણે થયેલા નુકસાનની સમીક્ષા કરી હતી. તેમજ સ્થળ પર ચાલી રહેલા રાહત અને બચાવ કાર્યનું નિરીક્ષણ કર્યું હતું. કુલ્લુ જિલ્લાના નિમંડમાં નૈન સરોવર અને ભીમદ્વારીમાં એક સાથે વાદળ ફાટ્યું હતું. તેનું પાણી બાગીપુલ, સમેજ અને ગણવી તરફ આવ્યું અને ૩૦ કિમી સુધી ડાઉનસ્ટ્રીમ સુધી તબાહી મચાવી. શિમલા-કુલુ બોર્ડર પર સમેજમાં કોતરમાં આવેલા પૂરમાં ૩૦ ઘરો ધોવાઈ ગયા છે. અહીં છ બાળકો સહિત ૩૬ લોકો ગુમ છે. તેમાં ચાર સ્થળાંતર કરનારા, ગ્રીનકો સમાજ પ્રોજેક્ટના સાત કર્મચારીઓ અને ૨૨ સ્થાનિક લોકોનો સમાવેશ થાય છે. પૂરમાં ૧૫૦ પશુઓ પણ વહી ગયા હતા. એક શાળા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને બે પાવર પ્રોજેક્ટનો નાશ થયો હતો. બીજી તરફ નિર્મંડના બાગીપુલમાં પૂરના કારણે ૧૦ દુકાનો, જીયાલાલનું રહેણાંક મકાન જેમાં હોટલ ચાલતી હતી, બે પટવારઘર, પાર્કના ૧૫ વાહનો, બસ સ્ટેન્ડ અને ૮ પુલ ધોવાઈ ગયા હતા. મુખ્યમંત્રીએ કહ્યું કે સરકાર આજથી વરસાદના અંત સુધી ત્રણ મહિના માટે આપત્તિગ્રસ્ત લોકોને ઘર ભાડા તરીકે ૫,૦૦૦ રૂપિયા આપશે. ઉપરાંત ગેસ સિલિન્ડર પણ ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત અસરગ્રસ્ત ઉત્તરા ખંડના ટિહરી જિલ્લાના ઘનસાલીમાં વાદળ ફાટવા ના કારણે બે લોકોના મોત થયા છે. જ્યારા કેદારનાથ પદયાત્રાના માર્ગ પર ભીમબલીના ગડેરામાં વાદળ ફાટ્યું હતું, જેના કારણે માર્ગમાં કાદવ-કીચડ જમા થઈ ગયો છે. જેના કારણે વાહનવ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો છે. ભીમબલીમાં ફસાયેલા ૨૦૦થી વધુ શ્રદ્ધાળુઓને સલામત સ્થળે રોક્યા હતા. ઉત્તરાખંડમાં ઘણી નદીઓમાં ઘોડાપૂર આવ્યું છે. રાજ્યભરમાં છેલ્લા ૨૪ કલાકમાં વરસાદ સંબંધિત અકસ્માતોમાં ૧૧ લોકોના મોત થયા છે. હવામાન વિભાગે અનુસાર, ઉત્તરાખંડના છ જિલ્લામાં ભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. ઉત્તરકાશી માટે ઓરેન્જ એલર્ટ અને અન્ય પાંચ રાજ્યો માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. ચમોલી, રૂદ્રપ્રયાગ, દેહરાદૂન, બાગેશ્વર અને નૈનીતાલમાં ગાજવીજ સાથે ભારે વરસાદ થઈ શકે છે.જમ્મુ અને શ્રીનગર સહિત અનેક જિલ્લાઓમાં વરસાદને કારણે નદીઓ અને નાળાઓ ઉભરાઈ ગયા હતા.

## ઈતિહાસ :ઓલિમ્પિકમાં ૫૨ વર્ષ પછી ઓસ્ટ્રેલિયાને ભારતે હરાવ્યું




પેરિસ, તા.ર

હરમનપ્રીત સિંહની આગેવાનીમાં પેરિસ ઓલિમ્પિકમાં ભારતીય હોકી ટીમે કમાલ કરી દીધો છે. ઓસ્ટ્રેલિયા સામે મેચમાં ભારત ૩-૨થી શાનદાર જીત મેળવી છે. આ જીતની ખાસ વાત તે રહી કે એસ્ટ્રો ટર્ફ પર ભારતે પ્રથમવાર ઓસ્ટ્રેલિયાને ઓલિમ્પિકમાં હરાવ્યું છે. ભારતે ઓલિમ્પિકમાં ઓસ્ટ્રેલિયાને છેલ્લે ૧૯૭૨માં હરાવ્યું હતું. ત્યારે મેચ ઘાસના ગ્રાઉન્ડ પર રમાતી હતી. હરમનપ્રીતની સેના ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી ચૂકી છે. ભારતીય ખેલાડીઓએ મેચની શરૂઆતમાં આક્રમક હોકી રમી હતી. ભારતે પ્રથમ ક્વાર્ટરથી પોતાના ઈરાદા સ્પષ્ટ કરી દીધા હતા. ભારતની આક્રમક રમતને કારણે ટીમ ઈન્ડિયાએ પ્રથમ ક્વાર્ટરમાં બે ગોલ કરી ૨-૦ની લીડ મેળવી લીધી હતી. ભારત માટે પ્રથમ ગોલ અભિષેકે કર્યો જ્યારે બીજો ગોલ કેપ્ટન હરમનપ્રીત સિંહે કર્યો હતો. જ્યારે ભારતે પેનલ્ટી કોર્નરનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો હતો. હાફ ટાઈમ સુધી ભારતે ૨-૧ની લીડ બનાવી રાખી હતી. પરંતુ ઓસ્ટ્રેલિયાએ બીજા ક્વાર્ટરમાં એક ગોલ કરી વાપસીનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ ભારત તરફથી કેપ્ટન હરમનપ્રીત સિંહે ફરી ગોલ કરી સ્કોર ૩-૧ કરી દીધો હતો. હરમનપ્રીત સિંહે પેનલ્ટી પર ગોલ કર્યો હતો. ત્રીજા ક્વાર્ટરના અંતે ભારતનો સ્કોર ૩-૧ રહ્યો હતો. ઓસ્ટ્રેલિયાએ ચોથા ક્વાર્ટરમાં ફરી એક ગોલ કર્યો હતો. પરંતુ અંતિમ સમયમાં ભારતે શાનદાર રમત દાખવી હતી. ભારતીય ટીમે ઓસ્ટ્રેલિયાના પ્રહારના બચાવ પણ કર્યાં હતા. અંતે ભારતે મેચ ૩-૨થી જીતી લીધી હતી.

## ખેડૂતોના પ્રશ્નોને ઉકેલો, નહીં તો કોર્ટ હસ્તક્ષેપ કરશેઃ સુપ્રીમ

નવીદિલ્હી,તા.ર

સુપ્રીમ કોર્ટે શંભુ બોર્ડર અંગે હરિયાણા અને પંજાબને કહ્યું કે, કાં તો બંને રાજ્યોએ રાષ્ટ્રહિતમાં ખેડૂતોનો મુદ્દો ઉકેલવો જોઈએ, નહીં તો કોર્ટ કરશે હસ્તક્ષેપ - સરહદ ખોલવી જ છે કે અરજદાર પાસે કેટલાક સારા સૂચનો છે, કહો કે જો એમ્બ્યુલન્સ અથવા કાર વરિષ્ઠ નાગરિકોને લઈને આવતી હોય તો તેઓ પગપાળા જઈ શકતા નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેણે બંને રાજ્ય સરકારોને અમારા સૂચનો પર વિચાર કરવા અને અમને જણાવવા કહ્યું છે કે હાલમાં શંભુ સરહદ પર યથાવત સ્થિતિ યથાવત રહેશે. આગામી સુનાવણી ૧૨ ઓગસ્ટના રોજ થશે.

અગાઉ, હરિયાણા વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે છેલ્લી સુનાવણી દરમિયાન, કોર્ટે એક નિષ્ણાતનું નામ આપવા કહ્યું હતું જે સરકાર અને આંદોલનકારી ખેડૂતો સાથે વાત કરી શકે. નામ ફાઈનલ કરવામાં સમય લાગી રહ્યો છે, તેથી સુનાવણી શુક્રવાર સુધી મુલતવી રાખવી જોઈએ.

સુપ્રીમ કોર્ટે હરિયાણા અને પંજાબ સરકારને કહ્યું કે અમે આ મામલે ઉકેલ ઈચ્છીએ છીએ. અમે વાતચીતની ખૂબ જ સરળ શરૂઆત કરવા માંગીએ છીએ. દેશમાં ઘણા અનુભવી લોકો છે. તટસ્થ વ્યક્તિત્વ વિશે વિચારો. તેનાથી ખેડૂતોમાં વધુ આત્મવિશ્વાસ વધશે. તેઓ કહેતા રહે છે કે ન્યાયાધીશોને પણ સામેલ કરવા જોઈએ. ન્યાયાધીશો નિષ્ણાતો નથી, પરંતુ ભૂતપૂર્વ ન્યાયાધીશો છે અને બારના સભ્યો પણ હોઈ શકે છે. તેને હલ કરવાનો પ્રયાસ કરો. સુપ્રીમ કોર્ટે પંજાબ સરકારને કહ્યું- તમે ખેડૂતોને કેમ સમજાવતા નથી. પરિસ્થિતિને વધુ ખરાબ ન કરો. તમારે તેમની લાગણી દુભાવવાની જરૂર નથી. લોકશાહી પ્રણાલીમાં તેમને તેમની ફરિયાદો ઉઠાવવાનો અધિકાર છે. એસજીએ કહ્યું કે રાજ્ય તેમને જવા દો નહીં કહી શકે.

# રાહુલ ગાંધીનો દાવો : મારા પર ઈડીના દરોડાની તૈયારી

**લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે મારી સામે ઈડી એક મોટી રેડ મારવાની યોજના બનાવી રહી છે. સંસદમાં ચક્રવ્યૂહવાળા ભાષણ બાદ આ પગલાં ભરવાની તૈયારી કરાઈ હોવાનો ચોંકવનારો દાવો તેણે કર્યો છે.સાથે લખ્યુ છે કે હું તો મુક્તમને તેમને આવકારું છું. સોસીયલ પોસ્ટમાં ઈડી ને ટેગ કરતાં રાહુલે આગળ લખ્યું હતુ કે, 'મારા તરફથી ચા અને બિસ્કિટ'**

નવી દિલ્હી, તા.ર

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ શુક્રવારે મોટો દાવો કરતા કહ્યું કે સંસદમાં તેમના 'ચક્રવ્યુહ' ભાષણ પછી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) તેમના પર દરોડા પાડવાની યોજના બનાવી રહ્યું છે. કોંગ્રેસ સાંસદે દાવો કર્યો હતો કે ઈડીના આંતરિક અધિકારીઓએ આ અંગે માહિતી આપી છે.રાહુલ ગાંધીએ ટ્વિટર પર એક પોસ્ટ માં કહ્યું, "દેખીતી રીતે, ૧માંથી ૨ને મારું ચક્રવ્યુહ ભાષણ પસંદ ન આવ્યું. EDના અંદરના લોકોએ મને કહ્યું કે દરોડા પાડવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ખુલ્લા હાથે ઈડીની રાહ જોઈ રહ્યો છું. હું અહીં ચા અને બિસ્કિટ સાથે છું. મારી બાજુથી."વાસ્તવમાં, ૨૯ જુલાઈએ લોકસભામાં કેન્દ્રીય બજેટ ૨૦૨૪ પર બોલતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે દેશના ખેડૂતો, મજૂરો અને યુવાનો ડરી ગયા છે. તેમણે કમળના પ્રતીકને મુખ્ય રીતે દર્શાવવા માટે પીએમ મોદીની ટીકા કરી અને દાવો કર્યો કે ૨૧મી સદીમાં એક નવું 'ચક્રવ્યુહ' બનાવવામાં આવ્યું છે.રાહુલ ગાંધીએ કહ્યું, 'ચક્રવ્યુહ' જે બનાવવામાં આવ્યું છે. જેના કારણે લોકોને કરોડોનું નુકસાન થયું છે. અમે આ ચક્ર તોડી નાખીશું. આને તોડવાનો સૌથી મોટો રસ્તો જાતિની વસ્તી ગણતરી છે. જેનાથી તમે બધા ડરો છો. ભારત આ ગૃહમાં ગેરંટી કૃત કાનૂની MSP પસાર કરશે. અમે આ ગૃહમાં જાતિ ગણતરી પાસ કરીને તમને બતાવીશું.મહાભારત યુદ્ધના ચક્રવ્યુહ સંરચનાનો ઉલ્લેખ કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે તેમાં ભય, હિંસા છે અને છ લોકોએ અભિમન્યુને ફસાવીને તેની હત્યા કરી નાખી. ચક્રવ્યુહને પદ્મવ્યુહ ગણાવતા તેમણે કહ્યું કે તે ઊંધી કમળ જેવું છે. રાહુલે કહ્યું, 'એક નવું ચક્રવ્યુહ તૈયાર કરવામાં આવ્યું છે, તે પણ કમળના આકારમાં, જેને પીએમ મોદી આજકાલ છાતી પર રાખીને ફરે છે. અભિમન્યુને ૬ લોકોએ મારી નાખ્યો, જેમના નામ દ્રોણ, કર્ણ, કૃપાચાર્ય, કૃતવર્મા, અશ્વસ્થામા અને શકુની હતા. આજે પણ ચક્રવ્યુહની



મધ્યમાં ૬ લોકો છે. ચક્રવ્યુહના ખૂબ જ કેન્દ્રમાં, ૬ લોકો તેને નિયંત્રિત કરે છે, જે રીતે તે સમયે ૬ લોકો તેને નિયંત્રિત કરતા હતા, આજે પણ ૬ લોકો તેને નિયંત્રિત કરી રહ્યા છે.રાહુલ ગાંધીના આ નિવેદન પર લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ તેમને અટકાવ્યા અને તેમને યાદ અપાવ્યું કે જે વ્યક્તિ આ ગૃહના સભ્ય નથી તેનું નામ ન લેવું જોઈએ. આના પર રાહુલ ગાંધીએ કહ્યું કે જો તેઓ અજિત ડોભાલ, અદાણી અને અંબાણીના નામ ન લેવા માંગતા હોય તો નહીં લે.રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે, દેશની જનતાને મોદી સરકાર દ્વારા ચક્રવ્યૂહમાં ફસાવી દેવામાં આવી છે, જેમાં ખેડૂતો અને યુવાનો સૌથી વધુ પીડાઈ રહ્યા છે, તેમણે કહ્યું કે, 'અન્નદાતા, તમે જેને આ ચક્રવ્યૂહમાંથી બહાર આવવા નથી દેતા તેમને કંઈ આપ્યું નથી. તેણે એક વસ્તુ માંગી હતી...એમએસપી. તમે તેમને સરહદ પર રોક્યા. આજ સુધી રસ્તો બંધ છે, તેની સાથે કોઈ વાત કરવા તૈયાર નથી, તે અહીં મને મળવા આવે છે તો તમે તેને અંદર આવવા નથી દેતા. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ દુષ્યંત ગૌતમ અને જેડીયુ નેતા નીરજ કુમારે તેમના નિવેદન પર આકરી પ્રતિક્રિયા આપી છે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ દુષ્યંત ગૌતમે રાહુલ ગાંધીના દાવા પર પ્રતિક્રિયા આપી છે. તેણે કહ્યું કે આ ચોરની દાઢીમાં વરઘોડો છે. જ્યારે તમે ખોટું કરશો અને ઈડીના દાયરામાં આવો છો, ત્યારે તમારા પર દરોડા પાડવામાં આવશે. તમારે ભૂલી જવું જોઈએ કે તમારો જન્મ રજવાડામાં થયો હતો. અહીં લોકશાહી છે. આમાં કોઈ વ્યક્તિ મોટી નથી.

## દિલ્હી કોચિંગ દુર્ઘટનાની તપાસ CBIને સોંપાઈ

નવીદિલ્હી,તા.૩

રાજધાની દિલ્હીના રાજેન્દ્ર નગરમાં થયેલા કોચિંગ અકસ્માતના મામલામાં હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે દિલ્હી પોલીસની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, તે ખૂબ જ દયાળુ છે કે તમે ગટરના પાણી માટે ચલણ જારી નથી કર્યું. નોંધનીય છે કે દિલ્હી હાઈકોર્ટમાં પીઆઈએલ દાખલ કરવામાં આવી છે જેમાં ડૂબી જવાથી ત્રણ બાળકોના મોતની તપાસ માટે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવાની માંગ કરવામાં આવી છે. છેલ્લી સુનાવણી દરમિયાન દિલ્હી હાઈકોર્ટે એમસીડી કમિશનર, વિસ્તારના ડીસીપી અને તપાસ અધિકારીને શુક્રવારની સુનાવણી માટે સમન્સ પાઠવ્યા હતા.

એમસીડીના વકીલે કહ્યું કે દિલ્હી પોલીસ રાઉ ઈન્સ્ટિટ્યૂટ અંગે કાર્યવાહી કરી રહી છે, તેથી અમે તેને બાજુ પર રાખીએ છીએ અને બાકીના પર કાર્યવાહી કરી રહ્યા છીએ. કોર્ટે દિલ્હીની પોલીસને પૂછ્યું કે તમે અત્યાર સુધી શું કર્યું? કોર્ટે પૂછ્યું કે શું બાકીના માટે જવાબદાર લોકોની ઓળખ થઈ?

કોર્ટે દિલ્હી પોલીસને પૂછ્યું કે રસ્તા પર ચાલતા માણસની ધરપકડ કેમ કરવામાં આવી? પોલીસે માફી માંગવી જોઈએ જ્યારે તે નિર્દોષને પકડે છે અને જો તમે નિર્દોષને છોડી દેવાનું શરૂ કરો છો, તો તે ખૂબ જ ખરાબ પરિસ્થિતિ હશે આ પ્રકારની છાપ ઊભી કરવામાં આવી છે. અમે માફી માંગીએ છીએ કોર્ટે કહ્યું- તમે કોઈપણ પ્રકારના દબાણમાં મતદાન ન કરો, માત્ર સત્ય કહો, અમે બધા દબાણમાં કામ કરીએ છીએ. તમારે પરિસ્થિતિનો સામનો કરવો પડશે અને વૈજ્ઞાનિક રીતે તપાસ થવી જોઈએ.

કોર્ટે કહ્યું કે સ્ટ્રોમ વોટર ડ્રેઈન કેમ કામ નથી કરી રહ્યું તે જણાવવામાં આવ્યું નથી. એટલે કે મોટી ગટર જેના કારણે આ ઘટના બની છે. કોર્ટે પૂછ્યું કે તમારા અધિકારીઓ ક્યાં છે. તે વિસ્તારમાં પાણી કેમ જમા થઈ રહ્યું હતું? એમસીડી કમિશનરે કહ્યું- રોડની બાજુની ગટર ચાલુ હોવી જોઈએ, કોર્ટે કહ્યું- ફોજદારી કાર્યવાહીની વાત તો છોડો, તમારી પાસે વહીવટી રીતે પણ જવાબ હોવો જોઈએ.



## આજનું રાશિફળ

**મેષ :**
આજના દિવસે ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. જે લોકોએ ક્યાંક નિવેશ કર્યું હતું તે લોકો ને આજ ના દિવસે આર્થિક હાનિ થવા ની શક્યતા છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. તમારા દિલ અને મગજ પર રૉમાન્સનું રાજ હશે. તમારે તમારા ઘર ના નાના સભ્યો સાથે સમય પસાર કરવા નું શીખવું જોઈએ. જો તમે આ ન કરો, તો પછી તમે ઘરે સદ્ભાવના બનાવી શકશો નહીં. તમારા જીવનસાથી સાથે આજે તમે સારો એવો ખર્ચ કરવાના છો એવું જણાય છે, જો કે ખર્ચ કરવા છતાં તમે તેની સાથે અદભુત સમય માણશો.

**વૃષભ :**
આજના દિવસે કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો. જો કે તમારો સાથી સમજણ બતાવી ને તમને શાંત કરશે. આજે તમે તમારા પ્રેમી સાથે સમય પસાર કરી શકશો અને તમારી ભાવનાઓ ને તેની સામે રાખી શકશો. સામાન્ય લગ્નજીવનમાં આજનો દિવસ સ્વાદિષ્ટ મીઠાઈ જેવો બની રહેશે.

**મિથુન :**
આજના દિવસે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. તમારી વાણી પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો કેમ કે તમારા કઠોર શબ્દો તમારા પ્રિયપાત્ર અને તમારા વચ્ચેની શાંતિ તથા સંબંધની સરળ ગતિને અસર કરી શકે છે. જો તમે તમારા ઘર ની બહાર રહો છો અને અભ્યાસ કરો છો અથવા નોકરી કરો છો, તો આજે તમે તમારા પરિવાર ના સભ્યો સાથે ફ્રી ટાઇમ માં વાત કરી શકો છો. તમે ઘરે થી કોઈ સમાચાર સાંભળી ને ભાવનાત્મક પણ થઈ શકો છો.

**કર્ક :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે. તમે વાસ્તવિક્તા સાથે મુકાબલો કરશો તેથી તમારે તમારા પ્રિયપાત્રને ભૂલી જવું પડશે. આજે, તમે ટીવી અથવા મોબાઇલ પર મૂવી જોવા માટે એટલા વ્યસ્ત થઈ શકો છો કે તમે મહત્વ પૂર્ણ કાર્યો કરવા નું ભૂલી જશો.

**સિંહ :**
આજના દિવસે કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો મૂડ બગાડી મૂકશે. સામાજિક તથા ધાર્મિક કાર્યક્રમો માટે અદભુત દિવસ. તમારા જીવનસાથીને કારણે તમે આજે તકલીફમાં હો એવું તમને લાગ્યા કરશે.

**કન્યા :**
આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. આજે તમારે અન્યોની જરૂરિયાતો પર ધ્યાન આપવાની જરૂર પડશે પણ બાળકો સાથે થોડા વધુ ઉદાર થવું તમને મુશ્કેલી તરફ લઈ જશે. અણધાર્યો રૉમેન્ટિક ઝુકાવ સાંજના સમયે તમારા મગજને ઘેરી વળશે. આજે તમે તમારા જીવનસાથી ને આશ્ચર્યચકિત કરી શકો છો, તમારા બધા કામ સિવાય, તમે આજે તેમની સાથે સમય પસાર કરી શકો છો. તમારા જીવનસાથી આજ પૂર્વે આટલા અદભુત ક્યારેય નહોતા. જો તમારી વાત સાંભળવા માં આવી રહી નથી, તો નિયંત્રણ ન ગુમાવો પણ પરિસ્થિતિ ને સમજવા નો પ્રયત્ન કરો.

**તુલા :**
આજના દિવસે કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. ભાઈ બહેનો ની મદદ થી આજે તમને આર્થિક લાભ મળી શકશે? પોતાના ભાઈ બહેનો ની સલાહ લો. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે એ સંદેશ તમારે તમારા પ્રિયપાત્રને જરૂર પહોંચાડવો જોઈએ. પ્રવાસ કરવા માટે બહુ સારો દિવસ નથી. આજે તમે તમારા જીવનસાથી સાથે ફરીથી પ્રેમમાં પડશો કેમ કે તે આ માટે યોગ્ય છે.

**વૃશ્ચિક :**
આજના દિવસે કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. પારિવારિક વાતાવરણ જાળવવા તથા તેને કલુષિત ન કરવા તમારે તમારા ગુસ્સા પર કાબૂ મેળવવાની જરૂર છે. તમારા પ્રિયપાત્ર આજે રૉમેન્ટિક મૂડમાં રહેશે. તમારું વ્યક્તિત્વ એવું છે કે તમે વધારે લોકો ને મળવા થી પરેશાન થયી જાઓ છો અને પછી તમારા માટે સમય શોધવા નો પ્રયાસ શરૂ કરો છો. તેથી, આજ નો દિવસ તમારા માટે ઉત્તમ દિવસ બની રહ્યો છે. આજે તમને તમારા માટે પૂરતો સમય મળશે. તમને અને તમારા જીવનસાથીને આજે અદભુત સમાચાર મળવાની શક્યતા છે.

**ધન :**
આજના દિવસે વધુ પડતી કેલૅરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવપૂર્વક વળગી રહો. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે. પ્રેમમાં આજે તમારી વિવેકાધીન બુધ્ધિનો ઉપયોગ કરો. તમારો અભિપ્રાય પૂછાય ત્યારે શરમાતા નહીં-કેમ કે તમારા અભિપ્રાય માટે તમારા ખાસ્સા વખાણ થવાના છે. આજે તમારા જીવનસાથી ખાસ્સા રોમેન્ટિક જણાય છે. આજે ફોટોગ્રાફી દ્વારા તમે આવતીકાલે આવતી કેટલીક સરસ યાદો ને કેપ્ચર કરી શકો છો; તમારા કેમેરા નો યોગ્ય રીતે ઉપયોગ કરવા ના ભૂલતા.

**મકર :**
આજના દિવસે તમારી શક્તિને પુનઃપ્રાપ્ત કરવા સંપૂર્ણ આરામ લો કેમ કે નબળું શરીર મગજને પણ નબળું પાડે છે. તમારે તમરી સાચી ક્ષમતા વિશે સમજવું રહ્યું કેમ કે તમે દ્રઢતામાં પાછળ નથી પડતા પણ ઈચ્છાશક્તિમાં પડો છો. આજે તમારે ફિઝૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર તમારો દિવસ ઝળહળતો કરી મુકશે. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે. પ્રવાસની તકોનો લાભ લેવો જોઈએ. તમારા જીવનસાથીની તબિયતને કારણે તમે આજે તાણ હેઠળ રહો એવી શક્યતા છે. જો એક નાનો વ્યક્તિ પણ તમને સલાહ આપે છે, તો તે સાંભળો કારણ કે ઘણી વખત તમને નાના લોકો પાસે થી જીવન જીવવા ની મોટી શીખ મળે છે.

**કુંભ :**
આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો? અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે. પ્રેમ હકારાત્મક કંપનો દેખાડશે. તમારી પાસે સમય હશે પરંતુ આ હોવા છતાં તમે એવું કંઈ પણ કરી શકશો નહીં જે તમને સંતોષ આપે. માત્ર નાનકડા પ્રયાસને કારણે, આજનો દિવસ તમારા લગ્નજીવનનો શ્રેષ્ઠતમ દિવસ સાબિત થશે.

**મીન :**
આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો. તમારા પ્રિયપાત્રથી દૂર રહેવું ખૂબ જ મુશ્કેલ બની રહેશે. તમારામાંના પ્રચંડ આત્મવિશ્વાસનો લાભ લો અને બહાર નીકળીને નવા સંપર્કો તથા મિત્રો બનાવો. તમારા વ્યસ્ત સમયપત્રકને કારણે તમારા જીવનસાથી તમારી વફાદારી પર શંકા કરશે, પણ દિવસના અંતે તેને આ વાત સમજાશે અને તે તમને આલિંગન આપશે. સમય ચોક્કસપણે મફત છે, પરંતુ તે કિંમતી પણ છે, તેથી તમારા અધૂરા કાર્યો પૂર્ણ કરી ને તમે આવતીકાલે નિશ્ચિત આરામ કરી શકો છો.

# દેશભરમાં સપ્ટેમ્બર થી ડીસેમ્બર દરમિયાન યોજાશે ૨૧મી પશુધન વસ્તી ગણતરી

**સતત ૧૦૦ વર્ષથી પશુધન વસ્તી ગણતરી કરતો ભારત વિશ્વનો એકમાત્ર દેશઃ એક લાખથી વધુ અધિકારી, કર્મચારીઓ આ વસ્તી ગણતરીના કામમાં જોડાશે**

અમદાવાદ તા.૨

દેશની ગ્રામીણ અર્થવ્યવસ્થાને મજબૂત કરવામાં તેમજ ખેડૂતોને આર્થિક સ્થિરતા પ્રદાન કરવામાં પશુપાલન વ્યવસાય અને વિવિધ સંવર્ગના પશુધન મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, ગુજરાતના અનેક ખેડૂતો આજે પશુપાલન વ્યવસાય થકી સમૃદ્ધ બન્યા છે.

પશુપાલન અને ડેરી ક્ષેત્રના વિકાસ માટેની નીતિઓ, કાર્યક્રમો તથા વિવિધ કલ્યાણકારી યોજનાઓના ઘડતર ઉપરાંત અનેક મહત્ત્વના નિર્ણયો માટે પશુધન સંબંધિત અદ્યતન ડેટા સંગ્રહ હોવો ખૂબ જ જરૂરી છે, આ ડેટા એકત્રિત કરવા માટે ભારત સરકાર દ્વારા આગામી સપ્ટેમ્બર/ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન સમગ્ર દેશમાં ૨૧મી પશુધન વસ્તી ગણતરી હાથ ધરવામાં આવશે.

ગણતરીના અદ્યતન અને સચોટ ડેટાના આધારે આગામી પાંચ વર્ષ દરમિયાન ભારત સરકાર અને રાજ્ય સરકાર પશુપાલન ક્ષેત્રનો વિકાસ સુનિશ્ચિત કરશે. પશુધનની સંખ્યા અને વિવિધ જાતોના આધારે નવી યોજના બનાવવામાં, જૂની યોજનામાં સુધારા કરવામાં, પશુ આરોગ્ય સેવાઓનો વધારો કરવામાં, આપત્તિના સમયે પશુ ચારાની આવશ્યકતા તેમજ પશુ રસીકરણ જેવી અનેક બાબતોમાં આ ડેટા આધારસ્તંભ બનશે. પશુધન વસ્તી ગણતરી દેશમાં પશુઓની વિવિધ જાતોના સચોટ ડેટાનો મુખ્ય સ્ત્રોત છે, ભારતમાં વર્ષ ૧૯૧૯થી દર પાંચ વર્ષે પશુધન વસ્તી ગણતરી હાથ ધરવામાં આવે છે, ભારત વિશ્વનો એકમાત્ર દેશ છે, જ્યાં ૧૦૦ વર્ષથી સતત પશુધન વસ્તી ગણતરી કરવામાં આવી રહી છે.

વસ્તી ગણતરીમાં સામાન્ય રીતે તમામ પાળેલા પ્રાણીઓને આવરી લેવામાં આવે છે, પરંતુ ૨૧મી પશુધન વસ્તી ગણતરીમાં વિચરતા પશુપાલકોના પશુઓ, રખડતા પશુઓ,શ્વાન તથા પાંજરાપોળ, ગૌશાળા, સરકારી ફાર્મ અને ડેરી ફાર્મના પશુઓને પણ આવરી લેવામાં આવશે, જેમાં દેશભરની આશરે ૨૧૯ જેટલી પશુ જાતોની ગણતરી કરવામાં આવશે દેશના આશરે એક લાખથી વધુ અધિકારી, કર્મચારીઓ આ વસ્તી ગણતરીમાં ડેટા એકત્ર કરવાના કામમાં જોડાશે. ગુજરાત રાજ્યમાં ૨૮ જેટલી પશુ જાતોની ગણતરી કરવામાં આવશે, જે પૈકી ગાય સંવર્ગમાં ગીર, કાંકરેજ, ડગરી, ડાંગી અને નારી ઓલાદ, ભેંસ સંવર્ગમાં મહેસાણી, જાફરાબાદી, બન્ની અને સુરતી ઓલાદનો સમાવેશ થાય છે. ગુજરાતમાં પશુધનના ડેટા એકત્રિત કરવાની કામ ગીરીમાં ગ્રામ્ય કક્ષાએ ૨, ૭૦૦થી વધુ અને શહેરી કક્ષાએ ૧,૦૦૦થી વધુ ગણતરીદારો ઉપરાંત ૬૭૦ જેટલા સુપરવાઇઝર જોડાશે વસ્તી ગણતરીના ડેટાને અધિકૃત કરવા જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ નોડલ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે. ૨૧મી પશુધન વસ્તી ગણતરી માટે દેશમાં પ્રથમવાર મોબાઈલ એપ્લીકેશન અને સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવશે, આ એપ્લીકેશનના પરિક્ષણ માટે ભારત સરકારે ગુજરાત સહિત અરુણાચલ પ્રદેશ, કર્ણાટક, ઓડીશા અને ઉત્તર પ્રદેશમાં પાઈલોટ પ્રોજેક્ટ શરુ કર્યો છે, જે અંતર્ગત જામનગર જિલ્લાના જોડિયા અને કાલાવડ તાલુકામાં મોબાઈલ એપ અને સોફ્ટવેરનું પરીક્ષણ હાલ પ્રગતિ હેઠળ છે અગાઉ ૨૦મી પશુધન વસ્તી ગણતરી દરમિયાન પ્રથમવાર ટેબ્લેટના માધ્યમથી પશુધનનો ડેટા ઓનલાઈન એકત્રિત કરવામાં આવ્યો હતો.

તાજેતરમાં ગાંધીનગર ખાતે ગુજરાત અને રાજસ્થાનના જિલ્લા અને રાજ્ય નોડલ અધિકારીઓ માટે એક દિવસીય પ્રાદેશિક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો ગુજરાતના પશુપાલન મંત્રી રાઘવજી પટેલે શુભારંભ કરાવ્યો હતો. આ તાલીમ દરમિયાન નોડલ અધિકારીઓને વસ્તી ગણતરી માટેની મોબાઈલ એપ, વેબ એપ અને ડેશબોર્ડની તાલીમ આપવામાં આવી હતી.

### વર્ષ ૨૦૧૯ માં ગુજરાતમાં નોંધાયું હતું ૨૬૮ લાખ પશુધન

૨૦મી પશુધન વસ્તી ગણતરી વર્ષ ૨૦૧૯માં હાથ ધરવામાં આવી હતી, જેમાં ગુજરાત રાજ્યમાં કુલ ૨૬૮ લાખથી વધુ પશુધન નોંધાયું હતું, જેમાં કુલ ૯૬ લાખથી વધુ ગાય નોંધાઈ હતી,૧૭.૫૦ લાખથી વધુ ગીર ગાય, ૧૭.૭૦ લાખથી વધુ કાંકરેજ ગાય, ૬૩ હજાર ડાંગી ગાય, ૩૩.૮૦ લાખ ક્રોસ બ્રીડ ગાય અને ૨૬.૫૦ લાખ ગાય નોંધાઈ હતી.

આ વસ્તી ગણતરીમાં રાજ્યમાં કુલ ૧૦૫ લાખથી વધુ ભેંસ નોંધાઈ હતી, જેમાં ૩૯.૫૦ લાખથી વધુ મહેસાણી ભેંસ, ૧૪.૭૦ લાખથી વધુ જાફરાબાદી ભેંસ, ૧૧.૪૦ લાખથી વધુ સુરતી ભેંસ, ૭.૭૦ લાખથી વધુ બન્ની ભેંસ અને ૩૧.૮૦ લાખથી વધુ અન્ય ભેંસ નોંધાઈ હતી. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૭.૮૦ લાખથી વધુ ઘેટાં અને ૪૮.૬૦ લાખથી વધુ બકરા નોંધાયા હતા.

### કેવી રીતે થશે આ પશુધન વસ્તી ગણતરી ?

પશુધન વસ્તી ગણતરી માટે ગણતરીદારો ઘરે-ઘરે જઈને મોબાઈલથી ગામ,ઘર, પશુ અને તેના માલિકની વિગતો ઉપરાંત માલિક પાસે ઉપલબ્ધ જમીન, સાધનોની વિગતો ભરશે, ઉપરાંત ગણતરીદાર દ્વારા ગામ-શહેરના ગાય, કુતરા સહિતના રખડતા પશુઓની પણ માહિતી મોબાઈલના માધ્યમથી એકત્ર કરવામાં આવશે એકત્ર કરેલી માહિતી તેના સુપરવાઇઝરને મોકલશે, સુપરવાઇઝર (પશુ ચિકિત્સા અધિકારી) એકત્ર માહિતીને અધિકૃત કર્યા બાદ મોબાઈલ એપના માધ્યમથી જિલ્લા નોડલ અધિકારીને મોકલી આપશે.

ભારત સરકાર દ્વારા જિલ્લા નોડલ અધિકારી અને રાજ્ય નોડલ અધિકારીને વેબ એપ્લીકેશન અને ડેશબોર્ડની સુવિધા આપવામાં આવશે, જેના માધ્યમથી નોડલ અધિકારી તમામ ગણતરીદાર દ્વારા કરાયેલી ગણતરી અને સુપરવાઈઝર દ્વારા કરાયેલી ખરાઈનું નિરીક્ષણ કરી શકશે. એકત્રિત કરેલો ડેટા આ વેબ એપ્લીકેશનના માધ્યમથી જ ભારત સરકારને મોકલી શકાશે,ડેશબોર્ડના માધ્યમથી તમામ જિલ્લા નોડલ અધિકારીનું નિરીક્ષણ રાજ્ય નોડલ અધિકારી કરી શકશે દરેક રાજ્યમાંથી એકત્ર કરાયેલા ડેટાની ખરાઈ કર્યા બાદ ભારત સરકાર દ્વારા પશુધન વસતી ગણતરીનો ડેટા જાહેર કરવામાં આવશે.

# સાહિત્ય સર્જકે સામાજિક પરિસ્થિતિને સાહિત્યમાં લાવવાનું હોય છે



ભૂજ તા.૨

કચ્છ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગ દ્વારા 'સાહિત્યકાર અને સમાજ'આ વિષય પર યુનિવર્સિટીના કોર્ટ હોલમાં સાહિત્યિક ઉપક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વક્તા તરીકે કચ્છના જાણીતા સર્જક માવજીભાઈ મહેશ્વરી રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટી સોંગથી કરવામાં આવી હતી,અંગ્રેજી વિભાગના અધ્યક્ષા ડૉ.કાશ્મીરાબેન મહેતાએ સંત મેકરણના ઉદાહરણ દ્વારા સાહિત્ય અને સર્જક બંને જોડાયેલ છે એ સમજાવીને કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી, તો યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ.મોહન પટેલે ભારતીય સાહિત્યમાં પ્રેમચંદ, ગુજરાતી સાહિત્યમાં પન્નાલાલ અને આપણાં કચ્છી પ્રાદેશિક સાહિત્યમાં માવજીભાઈએ ગ્રામીણ પ્રદેશને પોતાના સાહિત્યમાં ઝીલી બતાવ્યો છે તેવું જણાવી તેમણે વિદ્યાર્થીઓ સમક્ષ આવા સાહિત્ય ઉપક્રમ યોજાતા રહેશે એવી વાત કરી હતી.

વક્તા માવજીભાઈએ સમાજનો અભ્યાસ કરીને સત્યથી અલિપ્ત થયા વગર સર્જકે સામાજિક પરિસ્થિતિને સાહિત્યમાં લાવવાનું હોય છે, તો માત્ર કાલ્પનિક દુનિયાની ભૂમિ પર સર્જન કરતા અને વાસ્તવિક ધરાને અવગણતા સર્જકોની મર્યાદા બતાવી, લોકો સાથે જોડાયેલ હોય તે સર્જક, આ વિષય પર તેમણે વિસ્તૃત છણાવટ કરી પ્રકાશ પાડ્યો હતો.

આ કાર્યક્રમનું સંચાલન ડાંગર રાધાએ તથા આભારવિધિ મોના લિયાએ કરી હતી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના ગુજરાતી અને અંગ્રેજી વિભાગના વિદ્યાર્થીઓ તથા સહજાનંદ ગર્લ્સ કોલેજની વિધાર્થિનીઓએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાગ લીધો હતો.

# અંજાર નગરપાલિકાની મળેલી સામાન્ય સભામાં કરોડોના વિકાસ કામોનું આયોજન

**શહેરી વિસ્તારમાં ધાર્મિક સ્થળની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં માંસ મટન વેંચાણ પર પ્રતિબંધના કારોબારી સમિતિના ઠરાવને બહાલી**



અંજાર તા.૨

અંજાર નગરપાલિકાની રાબેતા મુજબની ત્રિમાસિક સામાન્ય સભામાં ધારાસભ્યની વર્ષ ૨૦૨૩/૨૪ થી મંજૂર થયેલી ગ્રાન્ટમાંથી વિકાસના કામોના ખર્ચને બહાલી આપવામાં આવી હતી. પ્રમુખ વૈભવ કોડરાણીના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં ગુજરાત ૨, અંતર્ગત શહેરના માર્ગો સ્વચ્છ રહે તે માટે ૧૩ ગાર્બેજ વલનૅરેબલ પોઈન્ટ માટે રૂ.૧૩ લાખ, તેમજ રૂ.૭૫ લાખની ગ્રાન્ટની ફાળવણી માંથી અંજાર શહેરના પ્રવેશ માટે ના એપ્રોચ રોડની સફાઈ કરી આઈકોનીક બનાવવા માટે ખર્ચની મંજૂરી તથા ગુજ.મ્યુનિ.ફાઈ. બોર્ડના ૧૫માં નાણાપંચના બીજા હપ્તામાંથી ટાઈડ અને અનટાઈડના કામો પેટે જનરલ કામો માટે રૂ.૧.૬૯ કરોડ અને એસ.સી.એસ.પી.ગ્રાન્ટ માંથી ૧૫.૯૬ લાખના કામો મંજુર કરવામાં આવ્યા હતા.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આગવી ઓળખ "બ"વર્ગ માટે રૂ.૮ કરોડના કામો અને આઉટ ગ્રોથ માટે રૂ.૬ કરોડના કામોનું આયોજન, ઉપરાંત યુ.ડી.પી.-૮૮ ગ્રાન્ટ હેઠળ રૂ.૬ કરોડના વિકાસના કામોનું આયોજન કરવા નિર્ણય લેવાયો હતો.

તાજેતરના વરસાદના કારણે નુકસાન પામેલા રસ્તાઓના રીસરફેસિંગ કામગીરી હેઠળ રૂ.૮૦ લાખ મંજુર કરવામાં આવ્યા હતા. એસ.બી.એમ. અંતર્ગત ફાળવેલ આઈ.ઈ.સી.ની ગ્રાન્ટ રકમ રૂ.૩૨ લાખ ફળવાયા છે, તેમાંથી શહેરના વિવિધ વિકાસના કામો કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. અંજાર શહેરી વિસ્તારમાં કોઈ પણ ધાર્મિક સ્થળની બસો મીટરની ત્રિજ્યામાં માંસ, મટન ફિશ વેંચાણ પર પ્રતિબંધ કરવા માટે કારોબારી સમિતિના ઠરાવને આ બેઠકમાં બહાલી આપવામાં આવી હતી.

સામાન્ય સભા બાદ વય મર્યાદાને કારણે સેવા નિવૃત્ત થતા સેની. ઈન્સ્પેક્ટર તેજપાલ લોચાણીનું નગર પાલિકા તેમજ વિવિધ સંસ્થા દ્વારા સન્માન કરાયું હતું, તેમજ અગાઉ સેવાનિવૃત્ત થયેલ કર્મચારી સંદિપ ચુડગર, પરેશ શાહનું પણ સન્માન કરી નિવૃત્તિના લાભોનો ચેક પ્રમુખ અને ચીફ ઓફિસરના હસ્તે અર્પણ કરાયો હતો.

ચીફ ઓફિસર પારસકુમાર મકવાણાના માર્ગદર્શન હેઠળ કચેરી અધિક્ષક ખીમજી સિંધવ અને ગુંજન પંડ્યાએ વ્યવસ્થા સંભાળી હતી.

આજની બેઠકમાં ઉપપ્રમુખ શિલ્પાબેન બુદ્ધભટ્ટી, કારોબારી ચેરમેન પાર્થ સોરઠીયા, શાસક પક્ષના નેતા નિલેશગિરિ ગોસ્વામી, દંડક કલ્પનાબેન ગોર, વિરોધપક્ષના નેતા રાજેન્દ્રસિંહ જાડેજા, કેશવજી સોરઠીયા, અનિલ પંડ્યા, જયેન્દ્રસિંહ જાડેજા, સુરેશ ઓઝા, બહાદુરસિંહ જાડેજા, સુરેશ ટાંક, ડાયાલાલ મઢવી, મયુર સિંધવ, અમરીશ કંદોઈ, વિનોદ ચોટારા, વિજય પલણ, મામદહુસેન સૈયદ, લીલાવતીબેન પ્રજાપતિ, મંજુલાબેન માતંગ, કુંદનબેન જેઠવા, ઈલાબેન ચાવડા, ગાયત્રીબા ઝાલા, ઝંખનાબેન સોનેતા, શકીનાબેન કુંભાર, હર્ષાબેન ગોહિલ, નસીમબાનુ રાયમા, રાજીબેન અખીયાણી તથા નગરપાલિકાના વિવિધ વિભાગના ખાતાના વડા ઉપસ્થિત રહ્યા હતા.

# મુંધવાયમાં સિમેન્ટ કંપનીને જમીન મંજૂર નહીં કરવા કોરીયાણી જુથ ગ્રામ પંચાયતની રજૂઆત



ભુજ તા.૩૦

લખપત તાલુકાની કોરીયાણી જુથ ગ્રામ પંચાયત અને આ ૫ થકના ખેડૂતો અને ભાજપના આગેવાન દ્વારા મુંધવાય ખાતે માઈનીંગ માટે જમીનની માંગણી કરનાર જે.એસ.ડબલ્યુ સિમેન્ટ લી. ને જમીન મંજૂર નહીં કરવા અને આ કંપનીને જમીનનો કબ્જો નહીં સોંપવા દયાપર ખાતે મામલતદારને આવેદન પત્ર આપી રજૂઆત કરાઈ છે. જોકે આ કંપનીને ૨૦૨૨ માં જમીન મંજૂર થયેલ છે, જ્યારે ગઈ કાલે સરપંચ રામીબાઈ સુહાગીયાની સહીથી અપાયેલા જન પ્રતિનિધીઓ દ્વારા અપાયેલા આવેદનપત્રમાં લોકોની માંગણીના સમર્થનમાં જણાવાયું હતું કે, આ સિમેન્ટ કંપનીએ માંગણી કરી છે, તે જમીન કોરીયાણી નાની સિંચાઈ ડેમની એકદમ નજીક આવેલી છે, તે જગ્યાએ ચોમાસામાં પાણી ભરાય છે, આ વિસ્તારમાં બે નદીઓ આવેલી છે જેના થકી વરસાદનું પાણી ડેમ માં આવે છે, અને આ ડેમના પાણીથી ૭૦૦ એકર જમીન પિયત થાય છે. આ જમીન ફાળવણીને કારણે આ ડેમ અને નદીના વરસાદી પાણીના વહેણ બદલવામાં આવશે, તો ડેમ ભરાસે નહીં અને સિંચાઈ યોજના સંપૂર્ણ પડી ભાંગશે, આ સંજોગોમાં આ વિસ્તારના લોકોને હિજરત કરવાનો વખત આવશે. આ કંપનીને આ વિસ્તારમાં જમીન ફાળવવાથી પ્રજાને મોટું નુકશાન થાય તેમ હોવાથી સિમેન્ટ કંપનીને લીઝ મંજુર ન કરવા પંચાયત દ્વારા માંગ કરાઈ છે, જ્યારે આ કંપનીને ૨૦૨૨ માં જમીન મંજૂર થઈ ગઈ છે. ગઈ કાલે મામલતદારને આવેદનપત્ર આપવા લખપત ખરીદ વેંચાણ સંઘ પ્રમુખ ભાણજીભા સોઢા, લખપત તાલુકાના ભાજપ મહામંત્રી હરેશ દવે, કોરીયાણી સરપંચના પ્રતિનિધી ખજુરીભાઈ જત, આ ૫ થકના ગામોના માલધારીઓ અને ખેડૂતો જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે, જે.એસ.ડબલ્યુ સિમેન્ટ કંપનીને સરકારી તથા ખાનગી માલિકીના જુદા જુદા સર્વે નંબરમાં ૧૦૭ હેક્ટર વિસ્તારમાં લાઈમ સ્ટોન ખનીજની માઈનીંગ લીઝ રાજ્ય સરકારના ઉદ્યોગ અને ખાણ ખનીજ વિભાગ, ગાંધીનગર દ્વારા તા.૧૬/૧૨/૨૦૨૨ ના હુકમથી ૫૦ વર્ષની મુદત માટે મંજૂર થયેલ છે. અને જેનું કરારખત શેડ્યુલ-૭ માં તા.૧૯/૧૨/૨૦૨૨ થી કરવામાં આવેલ છે, અને પશ્ચિમ કચ્છ ભુસ્તર શાસ્ત્રી દ્વારા મામલતદારને માઈનીંગ લીઝ વિસ્તારનો કબ્જો સોંપવા તા.૦૪/૧૨/૨૦૨૩ ના લેખિત સુચના પણ અપાયેલી હતી, ત્યારે આ મુદે મામલતદાર શું કરી શકે તે જોવું રહ્યું, જોકે જમીન રાજ્ય સરકારે મંજૂર કરેલી છે ત્યારે નીચલી કક્ષાએ રજૂઆત કરવાનું કોઈ ઔચિત્ય રહેતું હોય તેવું નથી જણાતું.

**બીજી બાજુ પશ્ચિમ કચ્છના ભુસ્તરશાસ્ત્રીની આ કંપનીની ૨૦૨૨ માં મંજૂર થયેલ લીઝની જમીન નો કબ્જો સોંપવા મામલતદારને લેખિત સુચના !**

# અનુશાસનનું પાલન લક્ષ્યસિદ્ધિનું પ્રથમ સોપાન

**ભુજ અદાણી સ્કિલ ડેવલોપમેન્ટ દ્વારા નવા તાલીમ વર્ગોનો પ્રારંભ કરવા સાથે પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો જેમાં આર્મીના કર્નલ ડો રાખી નેગીએ પ્રેરણાસ્ત્રોત ઉદબોધન આપ્યુ**



ભૂજ તા.૨

અદાણી સ્કિલ ડેવલપમેન્ટ ભુજ આયોજિત પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ અને બીજી ત્રણ નવી બેચનો પ્રારંભ કરાવતા ભુજ આર્મીના કર્નલ ડો રાખી નેગીએ સફળતા માટે અનુસાશન એ વિષય પર પ્રેરણાદાયી શીખ આપતા કહ્યું હતું કે, જીવનના કોઈપણ ક્ષેત્રમાં સફળ થવું હોય તો સ્વયંશિસ્ત પ્રથમ પગથીયું છે. અદાણી મેડિકલ કોલેજના લેક્ચર હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સક્ષમ પ્રમાણપત્રનું વિતરણ કરતા તેમણે પ્રેઝન્ટેશન દ્વારા આર્મીના અનુશાસિત જીવન પર તબક્કાવાર પ્રકાશ પાડી કહ્યું કે, આ અનુશાસન સ્વયંને નિયંત્રિત કરવાથી જ પ્રાપ્ત થાય છે. દેશ માટે જાન ન્યોછાવર કરતા જવાનો આ બાબતનું ઉદાહરણ છે. અતિથિ વિશેષ પદેથી આર્મીના ફેમિલી વેલ્ફેર ઓર્ગેનાઈઝેશનના ચેર પર્સન શાલીની સિંગે અદાણી સ્કિલ ડેવલપમેન્ટના કાર્યક્રમોની સરાહના કરતા કહ્યું કે, અહીંનો કૌશલ્ય વર્ધન કાર્યક્રમ સ્ત્રી સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ છે એટલે જ આ લશ્કરની મહિલાઓનું વધુ એક ગ્રુપ સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં સામેલ થયું છે.

આ પ્રસંગે જી. કે.ના મેડિકલ એડમીન હેડ. ડો સ્વપ્નિલે સ્કિલ ડેવલપમેન્ટ કાર્યક્રમ દ્વારા યુવાનોની આવતીકાલ ઉજળી બનશે. આરંભમાં સક્ષમ સેન્ટરના અધિકારી એ જણાવ્યું હતું કે અદાણી સ્કિલ ડેવલપમેન્ટનો વ્યાપ સમગ્ર ભારતમાં છે, જેમાં દોઢ લાખથી વધુ તાલીમાર્થીઓ કંપની સાથે કુશળતા પ્રાપ્ત કરી ચૂક્યા છે અને ભવિષ્યમાં નોકરીની તકો પણ ઉત્તમ હોવાથી વધુને વધુ યુવાનો કૌશલ્ય પ્રાપ્ત કરેતે ઈચ્છનીય છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સક્ષમના માધવી ગુરવ અને શિવાની ઝાએ કર્યું હતું.

# FILMY ગપશપ

## 'ઈન્ડિયન ૨' માટે નક્કી થયેલી રકમ આપવા નેટફ્લિક્સનો ઈનકાર

મુંબઈ, તા.૨

'ઈન્ડિયન ૨' વર્લ્ડ વાઈડ બોક્સ ઓફિસ પર બહુ સારું પ્રદર્શન કરશે તેવી અપેક્ષા હતી, કમનસીબે, આ ફિલ્મ બિલકુલ ન ચાલી અને તેના કારણે મેકર્સની ચિંતા વધી ગઈ અને તેમની અંતિમ આશા એવી ઓટીટી રિલીઝમાં પણ હવે મુશ્કેલીઓ આવી રહી છે. ઓડિયન્સે મોટા પડદા પર ફિલ્મને નકારી કાઢી પછી આ ફિલ્મને આઠ અઠવાડિયા પહેલાં જ ઓટીટી પર રિલીઝ કરી દેવાશે તેવી ચર્ચાઓ થઈ રહી છે. પરંતુ હવે લાગે છે કે જે દર્શકો ફિલ્મ આવે એની રાહ જોઈને બેઠાં છે તેમના હજુ થોડી વધારે રાહ જોવી પડશે. આ ફિલ્મ ૧૯૯૬ની બ્લોકબસ્ટર ફિલ્મ 'ઈન્ડિયન'ની સીક્વલ છે, ત્યારે તેની પાસે પણ બ્લોકબસ્ટર રહે તેવી આશા હતી. બીજું કે આ ફિલ્મ પર ઘણા લાંબા સમયથી કામ ચાલી રહ્યું હતું તો દર્શકોને પણ ફિલ્મમાં કશુંક અનોખું અને રસપ્રદ જોવાની આશા હતી. આમ વર્લ્ડ વાઈડ બોક્સ ઓફિસ કલેક્શન માત્ર ૧૬૦.૫૮ કરોડ જ થયું છે. જ્યારે આ ફિલ્મને બનાવવાનું બજેટ જ ૨૫૦ કરોડ હતુ, તેથી મેકર્સને મોટું નુકસાન ભોગવવાનું આવ્યું છે. આ સ્થિતિમાં ઓરિજિનલ ઓટીટી રાઈટ્સ માટે નેટફ્લિક્સ પહેલાં જે રકમની ડીલ થઈ હતી, તે મુજબની રકમ આપવામાં રાજી નથી. કેટલાક અહેવાલો મુજબ નેટફ્લિક્સે ૧૨૦ કરોડમાં આ ફિલ્મના રાઈટ્સ માગ્યા હતા અને થિએટરમાં ફિલ્મ રિલીઝ થઈ તે પહેલાં જ રકમ ચૂકવી દીધી હતી. હવે ફિલ્મ બિલકુલ નિષ્ફળ ગઈ હોવાથી તે રકમનો અમુક હિસ્સો પાછો માગે છે અને તે ૧૨૦ કરોડની ડીલ સાથે સહમત નથી. છેલ્લાં કેટલાંક સમયથી ઓટીટી પ્લેટફર્મ્સ ફાઈનલ ડીલ ફિલ્મ બોક્સ ઓફિસ પર કેવો દેખાવ કરે છે, તેના પર નક્કી કરે છે. તેથી 'ઈન્ડિયન ૨'ના કેસમાં નેટફ્લિક્સ અને મેકર્સ વચ્ચે વાટાઘાટો થવાની શક્યતા છે તેથી જ્યાં સુધી આ મુદ્દાનું નિરાકરણ ન આવે ત્યાં સુધી ઓટીટી પર ફિલ્મ જોઈ શકાશે નહીં.

## રણવીર સિંહ નહીં પણ આર માધવન અજિત દોભાલનો રોલ કરશે

મુંબઈ, તા.૨

શનિવારે જિઓ સ્ટુડિઓઝ દ્વારા આદિત્ય ધરની આવનારી ફિલ્મની જાહેરાત કરવામાં આવી છે, જેમાં રણવીર સિંહ, સંજય દત્ત, આર માધવન, અક્ષય ખન્ના અને અર્જુન રામપાલ વિવિધ ભૂમિકામાં જોવા મળશે. તેમની એક બ્લૅક ઍન્ડ વ્હાઈટ તસવીર શેર કરીને ફિલ્મનું નામ લખ્યા વિના આ ફિલ્મ અંગે એક જાહેરાત કરવામાં આવી હતી. જે સોશિયલ મીડિયા પર પણ ચર્ચાનો વિષય બની હતી. આ ફિલ્મનું શૂટિંગ ૨૫ જુલાઈથી શરૂ થઈ ચૂક્યું છે. ફિલ્મ વિશેના કેટલાંક અહેવાલો અનુસાર, આ ફિલ્મ એક પિરીઅડ એક્શન થ્રિલર છે, જે ભારત પાકિસ્તાનના ભૌગોલિક અને રાજકીય મુદ્દાઓ પર આધારિત છે. ત્યારથી એવી ધારણાઓ બાંધવામાં આવી રહી હતી કે રણવીર આ ફિલ્મમાં દેશના હાલનાં નેશનલ સિક્યોરિટી એડવાઈઝર અજીત દોભાલના યુવાનીના દિવસોનો રોલ કરશે. હવે કેટલાંક એવા અહેવાલો આવી રહ્યા છે કે ફિલ્મમાં અજીત દોભાલની વાત નથી તેમજ આ રણવીર આ પાત્ર ભજવવાનો નથી. એક સૂત્રના જણાવ્યા અનુસાર,"આર માધવન આ પ્રકારનો રોલ કરવાનો છે. તેનો આ ફિલ્મમાં એક કૂલ અને અલગ પ્રકારનો લૂક હશે, જેના માટે તે ઘણો એક્સાઈટેડ છે. હંમેશાની જેમ આ ફિલ્મ માટે પણ તે મન અને આત્માથી કામ કરી રહ્યો છે. મેકર્સને પણ વિશ્વાસ છે કે આ ફિલ્મ લોકો માટે રસપ્રદ બનશે.

### જાન્હવીની 'ઉલઝ'માં જોવા મળશે પહેલી ઝલક

# યશરાજ સ્પાય યુનિવર્સને ટક્કર આપવા નવી જાસૂસી દુનિયાની થઈ રહી છે તૈયાર

### ફિલ્મ નિર્માણ કંપની જંગલી પિક્ચર્સે પણ જાસૂસીની એક અલગ દુનિયા બનાવવાનું કામ શરૂ કર્યું છે

મુંબઈ, તા.૨

જ્યારે યશ રાજ ફિલ્મ્સે નિર્દેશક સિદ્ધાર્થ આનંદ સાથે ફિલ્મ 'પઠાણ'નું નિર્માણ શરૂ કર્યું ત્યારે તેને સૌ પ્રથમ 'એક થા ટાઈગર', 'ટાઈગર ઝિંદા હૈ' જેવી ફિલ્મોમાં રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ રાખવાનો વિચાર આવ્યો. અને 'વોર' જાસૂસોની આ વાર્તાઓથી પોતાની એક અલગ દુનિયા બનાવી શકાય છે.




આ પછી ટાઈગરે ફિલ્મ 'પઠાણ'માં એન્ટ્રી કરી. પઠાણની સાથે કબીર 'ટાઈગર ૩'માં પણ જોવા મળ્યો હતો અને હવે 'વોર ૨' અને 'આલ્ફા'માં આ તમામ જાસૂસો એક જ સ્ક્રીન પર જોવા મળશે. દરમિયાન, ટાઈમ્સ ગ્રૂપની ફિલ્મ નિર્માણ કંપની જંગલી પિક્ચર્સે પણ જાસૂસીની એક અલગ દુનિયા બનાવવાનું કામ શરૂ કર્યું છે. આ જાસૂસો એવા હશે જેમણે લડાઈ અને જાસૂસીની તાલીમ લીધી નથી, પરંતુ તેમના કામથી ખુશ થયા પછી તેમને અન્ય ગુપ્ત સંગઠનના સભ્ય બનાવવામાં આવશે. તેની શરૂઆત જાન્હવી કપૂર ફિલ્મ 'ઉલઝ'થી થવા જઈ રહી છે. જંગલી પિક્ચર્સની જાસૂસીની દુનિયા ખરેખર ૨૦૧૮ની ફિલ્મ 'રાઝી'થી શરૂ થાય છે. હરિન્દર સિક્કાની પ્રખ્યાત ઉભી નવલકથા 'સેહમત કોલિંગ' પર આધારિત, આ ફિલ્મમાં, આલિયા ભટ્ટે એક ઇછઉ એજન્ટની ભૂમિકા ભજવી હતી, જે પાકિસ્તાનની વહુ તરીકે ઉભો થઈને તે દેશના તમામ રહસ્યો ભારતને પહોંચાડે છે. આલિયા હવે યશરાજ સ્પાય યુનિવર્સનો ભાગ બની ગઈ છે અને આ યુનિવર્સની તેની પ્રથમ ફિલ્મ 'આલ્ફા'નું શૂટિંગ પણ શરૂ થઈ ગયું છે જેમાં તે શર્વરી વાઘ સાથે જોવા મળશે. આલિયાના કેરેક્ટરની પહેલી ઝલક ડિરેક્ટર અયાન મુખર્જીની ફિલ્મ 'વોર ૨'માં જોવા મળશે અને ત્યાર બાદ આ પાત્ર ફિલ્મ 'આલ્ફા'માં પોતાના કરતબ દેખાડતો જોવા મળશે. જંગલી પિક્ચર્સનું કહેવું છે કે પોતાની અલગ જાસૂસીની દુનિયા સ્થાપવાનો વિચાર આ પછી જ આવ્યો. આલિયાની ફિલ્મ 'રાઝી'નું પાત્ર વર્ષ ૧૯૭૧ની ઘટનાઓની આસપાસ વણાયેલું હોવાથી આજના સમય પ્રમાણે એ પાત્રને કોઈ પણ ડિટેક્ટીવ દુનિયામાં લાવવું મુશ્કેલ છે. મળતી માહિતી મુજબ, જંગલી પિક્ચર્સનો હવાલો સંભાળનાર ફિલ્મ 'ઉલ્જ'ની સહ-નિર્માતા અમૃતા પાંડેએ ત્યારે જાસૂસની દુનિયાની કલ્પના કરી હતી જે આજના સમયમાં સક્રિય છે. જંગલી પિક્ચર્સની આ જાસૂસી દુનિયાની પહેલી ઝલક લોકોને ફિલ્મ 'ઉલ્જ'માં જોવા મળશે. આખી ફિલ્મ ડિટેક્ટીવ નવલ કથાની જેમ આગળ વધશે અને જહાન્વીના પાત્રને એક પાત્ર તરીકે રજૂ કરવામાં આવશે જે અસામાન્ય પરિસ્થિતિઓમાં ફસાઈ જાય છે અને પછી તેમાંથી બહાર નીકળવાના તમામ પ્રયાસો કરે છે. આ રંગસૂત્ર ટૂંક સમયમાં જ જંગલી પિક્ચર્સની કેટલીક વધુ ફિલ્મોમાં જોવા મળશે. મળતી માહિતી મુજબ, ભારતીય વિદેશ સેવા અધિકારીની ભૂમિકા ભજવી રહેલી જાહ્નવી કપૂરે પણ ફિલ્મ 'ઉલ્જ' પછી આ દુનિયાની વધુ ફિલ્મો કરવા માટે સંમતિ આપી છે.



અવનીત કૌર તેને કેમેરા સામે એકથી એક ચઢિયાતા પૉઝ આપ્યા છે. જે ખુબ વાયરલ થઈ રહ્યાં છે. ફેન્સ પણ આ લૂક જોઈને આઉટ ઓફ કન્ટ્રૉલ થઈ રહ્યાં છે.અવનીત કૌરે પોતાના ઈન્સ્ટાગ્રામ પર આ ફોટોશૂટની કેટલીક તસવીરો શેર કરી છે, જેમાં તે એકદમ બોલ્ડ લાગી રહી છે.



શ્રદ્ધા દાસનો વ્હાઈટ ડ્રેસમાં ખૂબ જ હોટ અંદાજ જોવા મળી રહ્યો છે. અભિનેત્રીએ અલગ-અલગ અંદાજમાં પોઝ આપતી જોવા મળે છે.અભિનેત્રીનો કાતિલ લૂક જોઈને ફેન્સ પણ તેના દિવાના બન્યા છે. ચાહકો તેની તસવીરોને ખૂબ જ પસંદ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર તસવીરો શેર કરતી રહે છે.

## બોલીવુડની અભિનેત્રી અનન્યા પાંડેને ત્રણ વખત લગ્ન કરવાં છે!



મુંબઈ, તા.૨

તાજેતરમાં આપેલાં નિવેદન દ્વારા અનન્યા પાંડેએ તેના લગ્ન વિશેના આયોજનનો સંકેત આપ્યો છે. તેનો આ અંગેનો વીડિયો છેલ્લાં કેટલાંક દિવસોથી વાયરલ થઈ રહ્યો છે. 'ફેબ્યુલસ લાઈઝ ઓફ બોલિવૂડ વાઈઝ'ની બીજી સીઝનમાં તેણે પોતાની આ ઈચ્છા જાહેર કરી હતી, કે તેને એક નહીં પણ ત્રણ લગ્ન કરવા છે. આ વીડિયોમાં દેખાય છે કે અનન્યા તેની બેસ્ટ ફ્રેન્ડ શનાયા કપૂર સાથે પોતાને કેવા લગ્ન ગમે છે તે અંગે વાતો કરી રહી છે. જ્યારે શનાયાએ કહ્યું કે તેમનામાં અનન્યા જ પહેલાં લગ્ન કરી લેશે, ત્યારે અનન્યાએ ઉત્સાહપૂર્વક કહ્યુ આગળ તેણે કહ્યું, મારો આખો વિચાર એવો હતો કે હું તેમની સાથે ફરી લગ્ન કરીશ(અહીં તે પોતાના માતા પિતા, અને ભાવના પાંડે સંદર્ભે વાત કરી રહી હતી) બસ એ શક્ય બને તેની રાહ જોઉં છું. હું જાણે એના માટે તરસી રહી છું.

## NRI ચાહકે અમેરિકાના ગૂગલ મેપ્સમાં બચ્ચનને જગ્યા અપાવી

મુંબઈ, તા.૨

યુએસમાં રહેતાં એક ભારતીય ગોપી સેઠે ન્યૂ જર્સી શહેરમાં અમિતાભ બચ્ચનનું એક મોટું સ્ટેચ્યું ઉભું કર્યું છે. જે છેલ્લાં થોડાં સમયથી એક જાણીતું ટુરીસ્ટ સ્પોટ બની ગયું છે. આ સ્થળે દુનિયાભરના અમિતાભ બચ્ચનના ફેન્સ તો આવે જ છે, સાથે સ્થળ ગૂગલ મેપ્સ પર મહત્વના સ્થળમાં સ્થાન પામ્યું છે. ઓગસ્ટ ૨૦૨૨માં અમિતાભ બચ્ચનના એક ખૂબ મોટા પ્રસંશક ગોપી સેઠે એડિસનમાં આવેલાં તેમના ઘરની બહાર આ સ્ટેચ્યુનું ઉદઘાટન કર્યું હતું. જે ન્યૂયોર્ક, મેહટનથી ૩૫ કિલોમીટર સાઉથમાં આવેલું છે. બચ્ચન પ્રત્યેનાં તેમના શુભેચ્છા ભાવથી પ્રેરાઈને તેમણે બચ્ચનને એક અનોખું સન્માન આપવાનું નક્કી કર્યુ હતું, જેમાં તેમનું પોતાનું ઘર બોલિવૂડના ફેન્સ માટે જાણીતું સ્થળ બની ગયું છે. એડિસનમાં ભારતીયો મોટી સંખ્યા રહે છે, તેથી બચ્ચનને ટ્રિબ્યુટ આપવા માટે આ યોગ્ય સ્થળ હતું. આ શહેરની વસતી બોલિવૂડની ફિલ્મો પાછળ ઘેલી છે. ત્યારે સેઠના આ સ્ટેચ્યુથી લોકો માટે પોતાનો પ્રેમ દર્શાવવા એક નવો ઉમેરો થયો છે. આ સ્ટેચ્યુ ઊભું કરાયું તેના થોડાં જ વખતમાં તે જાણીતું થઈ ગયું હતું. લોકો ત્યાં વધુ સંખ્યામાં આવતા ગયા અને ગૂગલે તેને ટુરિસ્ટ એટ્રેક્શન સાઈટ તરીકે નોંધ પણ લીધી. તેના કારણે આ સ્થળ વધુ જાણીતું બની ગયું. હવે દુનિયાભરનાં



લોકો ત્યાં સ્ટેચ્યુ સાથે ફોટો પડાવવા આવે છે. પોતાના અનુભવ જણાવતા ગોપી સેઠે સોશિયલ મીડિયા શેર પણ કરે છે, ત્યારે ગોપી સેઠે પીટીઆઈને જણાવ્યું,"અમિતાભ બચ્ચનના સ્ટેચ્યુના કારણે અમારું ઘર સૌથી જાણીતા સ્થળમાંથી એક બની ગયું છે. ગૂગલ સર્ચમાં પણ તેની નોંધ લેવાય છે, તેથી મુલાકાતીઓને આકર્ષવાલાયક બની ગયું છે. વિશ્વભરમાંથી દરરોજ ૨૦થી ૨૫ ગાડીઓમાં અમિતાભ બચ્ચનના ફેન અહીં આવે છે." તેઓ અહીં તેમના બચ્ચન માટેના ગ્રીટીંગ કાર્ડ, પત્રો અને યાદો પણ મુકતાં જાય છે. સેઠે આગળ કહ્યુ,"મિસ્ટર બચ્ચનની વિશ્વભરમાં લોકચાહનાનો નમૂનો અમારું ઘર છે અને તેમના ફેન્સને અમારે ત્યાં આવકારતા અમે પણ ગૌરવ અનુભવીએ છીએ."



ઝારા યાસ્મિને તેના તાજેતરના બોલ્ડ ફોટોશૂટની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. જેમાં તેણે ગ્લેમરસ પોઝ આપ્યા છે.ઝારા યાસ્મિન એક્ટ્રેસ બનવા ઈચ્છે છે. અનેક આવા બોલ્ડ ફોટોશૂટ પણ કરાવી ચૂકી છે.



અંકિતાએ આવી ગ્લેમરસ તસવીરો શેર કરી હોય, આ પહેલા પણ અંકિતા બોલ્ડ ફોટોઝ શેર કરી ચુકી છે.પોતાના હોટ ફોટો અને બિકીની લુકથી લોકોને દિવાના બનાવનાર અંકિતા દવે આ દિવસોમાં પોતાની તસવીરોને કારણે ચર્ચામાં છે.

# SPORTS કોર્નર

## ઈન્ડિયા-શ્રીલંકા વચ્ચેની પહેલી વન-ડે ટાઈ, રોહિતે બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ !

મુંબઈ, તા.૨

ભારત અને શ્રીલંકા વચ્ચે પ્રથમ વનડે ટાઈ થઈ ગઈ છે. ચરિથ અસલંકાએ ૪૮મી ઓવરમાં ૨ બોલમાં ૨ વિકેટ ઝડપી હતી. આ સાથે ટીમ ઈન્ડિયા ૨૩૦ રને ઓલઆઉટ થઈ ગઈ હતી. શ્રીલંકાએ પણ ૨૩૦ રન બનાવ્યા હતા.અસલંકાએ ૪૮મી ઓવરના ચોથા બોલ પર શિવમ દુબેને ન્મ્ઉ અને પાંચમા બોલ પર અર્શદીપ સિંહને ન્મ્ઉ આઉટ કર્યો હતો. ભારતની છેલ્લી વિકેટ અર્શદીપની હતી. ભારત તરફથી રોહિત શર્માએ ૫૮ રન બનાવ્યા હતા. શ્રીલંકાના વાનિન્દુ હસરાંગા અને અસલંકાએ ૩-૩ વિકેટ લીધી હતી. જો કે મેચ દરમ્યાન રોહિત શર્માએ કેપ્ટન તરીકે અત્યાર સુધી કુલ ૧૨૪ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. અને તેમાં તેણે સૌથી વધુ ૨૩૪ છગ્ગા મારીને નવો રેકોર્ડ બનાવ્યો છે. તેણે ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન ઈયોન મોર્ગનનો રેકોર્ડ તોડી નાખ્યો છે.રોહિતે અત્યાર સુધીમાં ટેસ્ટ ક્રિકેટમાં ૫૯ મેચમાં કુલ ૮૪ છગ્ગા ફટકાર્યા છે. રોહિત આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ છગ્ગા મારનાર



પહેલો કેપ્ટન બની ગયો છે. તો વનડે મેચમાં ઓપનર તરીકે ૧૫,૦૦૦ રન પણ તેને પૂરા કર્યા હતા રોહિત ભારત તરફથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ માં ૧૫,૦૦૦ રન કરનાર ભારતનો ત્રીજો બેટર બની ગયો છે. આ સાથે જ તે ઓપનર તરીકે ૧૫,૦૦૦ રન બનાવનાર બીજો સૌથી ઝડપી બેટર બની ગયો છે. ડેવિડ વોર્નરનો આ ખાસ રેકોર્ડ તોડી નાખ્યો છે જેમાં ડેવિડે ૩૬૧ ઈનિંગ્સમાં ૧૫૦૦૦ રન પૂરા કર્યા હતા. હવે રોહિત ઓપનર તરીકે સૌથી ઝડપી ૧૫,૦૦૦ રન પૂરા કરનાર વિશ્વનો બીજો ઝડપી બેટર બની ગયો છે.

શ્રીલંકા સામેની વનડે સીરિઝમાં રોહિત શર્માએ પોતાની ૩૫૨મી ઈનિંગ્સ રમતા ઓપનર તરીકે ૧૫૦૦૦ રન પૂરા કર્યા હતા. તેણે ડેવિડ વોર્નરનો આ ખાસ રેકોર્ડ તોડી નાખ્યો છે જેમાં ડેવિડે ૩૬૧ ઈનિંગ્સમાં ૧૫૦૦૦ રન પૂરા કર્યા હતા. હવે રોહિત ઓપનર તરીકે સૌથી ઝડપી ૧૫,૦૦૦ રન પૂરા કરનાર વિશ્વનો બીજો ઝડપી બેટર બની ગયો છે. જ્યારે વોર્નર પોતાનું સ્થાન ગુમાવતા ત્રીજા સ્થાને સરકી ગયો છે. આ યાદીમાં પહેલું સ્થાન સચિન તેંડુલકરનું છે જેણે ૩૩૧ ઈનિંગ્સ રમીને આ રેકોર્ડ બનાવ્યો હતો.

## ચેમ્પિયન્સ ટ્રોફીના આયોજન માટે લગભગ સાત કરોડ અમેરિકી ડોલરના બજેટને મંજૂરી




નવીદિલ્હી,તા.૨

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ને લઈને પાકિસ્તાન ઘણા દિવસોથી પરેશાન છે. પરંતુ હવે એક ખુશખબરી બીસીસીઆઈના સચિવ જય શાહે પાકિસ્તાનને આપી દીધી છે. જય શાહની અધ્યક્ષતા વાળી બીસી સીઆઈની એક કમિટીએ ચેમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાનનું બજેટ પાસ કરી દીધુ છે. મેગા ઈવેન્ટનું આયોજન ૨૦૨૫ની શરૂઆતમાં થવાનું છે.પરંતુ ભારતીય ટીમ ટૂર્નામેન્ટ રમવા માટે પાકિસ્તાન જશે કે નહીં આ વાતની અત્યાર સુધી પુષ્ટી નથી થઈ શકી.

પાકિસ્તાન ચેમ્પિયન્સ ટ્રોફીની મેજબાની અને ભારતને પાકિસ્તાન બોલાવવા માટે આતુર છે. અહું સુધી કે પાકિસ્તાને આઈસીસીને મેગા ઈવેન્ટ માટે ડ્રાફ્ટ શેડ્યુલ પણ આપી દીધુ છે. જેમાં ભારતની બધી મેચ લાહોરમાં રમાશે. પરંતુ આઈસીસી અને બીસીસીઆઈએ ટીમ ઈન્ડિયાના પાકિસ્તાન જવાના મુદ્દા પર ચુપ્પી સાધી રાખી છે. કોલંબોમાં થયેલી વાર્ષિક મીટિંગમાં આ મુદ્દા પર કોઈ ચર્ચા નથી થઈ. પરંતુ હવે જય શાહે પાકિસ્તાનને એક ગુડ ન્યૂઝ આપી દીધી છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદની તરફથી પાકિસ્તાનમાં થવા જઈ રહેલી ચેમ્પિયન્સ ટ્રોફીના આયોજન માટે લગભગ સાત કરોડ અમેરિકી ડોલરના બજેટને મંજૂરી આપવામાં આવી ગઈ છે.

એક સૂત્રના જણાવ્યા અનુસાર બીસીસીઆઈ સચિવ જય શાહની અધ્યક્ષતા વાળી બીસીસીઆઈની નાણાકીય અને વાણિજ્ય કમિટીએ આ બજેટને આગળ વધાર્યુ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ટૂર્નામેન્ટ માટે કુલ બજેટ સાત કરોડ ડોલરની આસપાસ છે અને બાકી ખર્ચા માટે ફક્ત ૪૫ લાખ ડોલર આપવામાં આવ્યા છે.

## ઓલિમ્પિકમાં બેડમિન્ટનમાં હારથી પીવી સિંધુ નારાજ

### તેણીએ કહ્યું છે કે તે એક નાનો વિરામ લઈ રહી છે, કારણ કે તેના શરીર અને મનને વિરામની જરૂર છે

પેરિસ, તા.૨

ભારત માટે બેડમિન્ટનમાં સતત બે ઓલિમ્પિક મેડલ જીતનાર પીવી સિંધુ પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માંથી બહાર થઈ ગઈ છે. ગઈકાલે ૧ ઓગસ્ટના રોજ તેને રાઉન્ડ ઓફ ૧૬ મેચમાં ચીનની બિંગ જાઓ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. આ સાથે તેનું સતત ત્રણ ઓલિમ્પિક મેડલ જીતવાનું સપનું ચકનાચૂર થઈ ગયું. આ પછી, શું તે નિવૃત્તિ લેવા જઈ રહી છે? તેણે પોતાના ભવિષ્ય વિશે વાત કરી છે. તેણીએ કહ્યું છે કે તે એક નાનો વિરામ લઈ રહી છે, કારણ કે તેના શરીર અને મનને વિરામની જરૂર છે. પેરિસ ઓલિમ્પિકમાં મળેલી આ હારથી તે ખૂબ જ દુઃખી છે. પીવી સિંધુએ પોતાની એક્સ-પોસ્ટમાં લખ્યું, "પેરિસ ૨૦૨૪: એક સુંદર સફર, પરંતુ એક કઠિન હાર. આ હાર મારી કારકિર્દીની સૌથી મુશ્કેલ




હારમાંથી એક છે. તેને સ્વીકારવામાં સમય લાગશે, પરંતુ જેમ જેમ જીવન આગળ વધે છે, હું જાણું છું કે હું આને પાર કરીશ, બે વર્ષની ઈજા અને લાંબો સમય દૂર રહેવા છતાં, અહીં ઊભા રહીને ત્રીજા ઓલિમ્પિકમાં મારા દેશનું પ્રતિનિધિત્વ કરવા માટે હું ખરેખર ધન્ય અનુભવું છું. તેણે આગળ લખ્યું, "હું આ સ્તરે સ્પર્ધા કરવા માટે અને વધુ મહત્ત્વની વાત એ છે કે પેઢીને પ્રેરિત કરવા માટે ખૂબ જ ભાગ્યશાળી છું. આ સમય દરમિયાન તમારા સંદેશાઓ મને ખૂબ જ આશ્વાસન આપે છે.

મહાન બેડમિંટન ખેલાડી પીવી સિંધુએ તેની કારકિર્દી વિશે કહ્યું, "મારા ભવિષ્ય વિશે, હું સ્પષ્ટ થવા માંગુ છું: હું રમવાનું ચાલુ રાખીશ, ભલે ટૂંકા વિરામ પછી. મારું શરીર અને સૌથી અગત્યનું, મારું મન તેના માટે તૈયાર હશે." જો કે, હું આગળની મુસાફરીનું કાળજી પૂર્વક મૂલ્યાંકન કરવાની યોજના ઘડી રહી છું અને મને જે રમત ગમે છે તે રમવામાં વધુ આનંદ મેળવીશ."

# અકાલી દળમાં વિખવાદ વધી રહ્યો છે: સુખદેવ ઢીંડસાને અકાલી દળમાંથી બરતરફ કરાયા

ચંડીગઢ,તા.૨

શિરોમણી અકાલી દળના વરિષ્ઠ નેતા સુખદેવ સિંહ ઢિંડસાને પાર્ટીમાંથી બરતરફ કરવામાં આવ્યા છે. ચંદીગઢમાં આયોજિત બળવાખોર જૂથના નેતાઓની બેઠકમાં ઢિંડસાએ પોતાને પાર્ટીનો સંરક્ષક ગણાવ્યો હતો. બીજા જ દિવસે શિરોમણી અકાલી દળની અનુશાસન સમિતિના અધ્યક્ષ બલવિંદર સિંહ ભૂંદરે ધીંડસાને પાર્ટીમાંથી બરતરફ કરી દીધા.

આ દરમિયાન પંજાબમાં એક નવો રાજકીય હલચલ શરૂ થઈ ગઈ છે. જે રીતે મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે અને ઉદ્ધવ ઠાકરે વચ્ચે શિવસેનાને લઈને રાજકીય ખેંચતાણ ચાલી રહી હતી. હવે પંજાબમાં શિરોમણી અકાલી દળ (એસએડી) વચ્ચે પણ આ જ સંજોગો ઉભા થયા છે. SADના વરિષ્ઠ નેતાઓ બલવિંદર સિંહ ભુંદર અને મહેન્દ્ર સિંહ ગ્રેવાલે પોતે આ દાવો કર્યો છે.

પંજાબમાં તેને 'ઓપરેશન નાગપુર' નામ આપવામાં આવ્યું છે. આ હેઠળ, દિલ્હીના કહેવા પર, બળવાખોર જૂથના નેતાઓ શિરોમણી અકાલી દળના



પાર્ટી કાર્યાલય અને ચૂંટણી પ્રતીક "તકડી" પર દાવો કરવા તૈયાર છે. એસએડીની અનુશાસન સમિતિના અધ્યક્ષ ભુંદર અને મહેન્દ્ર સિંહ ગ્રેવાલે આ ખુલાસો કર્યો હતો. ભૂંડાડે કહ્યું કે ઓપરેશન નાગપુર માટે ષડયંત્ર લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલા જ શરૂ થઈ ગયું હતું. લોકસભાની ચૂંટણી પહેલા એસએડી અને ભાજપ વચ્ચે ફરીથી જોડાણની અટકળો વચ્ચે, ઓપરેશન નાગપુરની રાજકીય શતરંજને ત્યાં સુધી પડદા પાછળ રાખવામાં આવી હતી જ્યાં સુધી તે સ્પષ્ટ ન થાય કે બંને પક્ષો એકસાથે લોકસભાની ચૂંટણી લડશે.

મહેશેન્દ્ર સિંહ ગ્રેવાલે કહ્યું કે એનએસએ હેઠળ ડિબ્રુગઢ જેલમાં બંધ અમૃતપાલ સિંહનો ચૂંટણી લડવાનો નિર્ણય પણ આ ઓપરેશન નાગપુરનો મુખ્ય ભાગ છે. અકાલીદળ અને ભાજપ વચ્ચે ફરીથી ગઠબંધન અંગેનો અંતિમ નિર્ણય જાહેર થયો ત્યાં સુધી, ખડૂર સાહિબના સાંસદ અમૃતપાલ સિંહની માતા, અમૃતપાલ પોતે અને તેમના પરિવારે ક્યારેય જાહેરમાં લોકસભાની ચૂંટણી લડવા માટે સહમતિ દર્શાવી ન હતી, પરંતુ ગઠબંધન નહીં કરવાનો નિર્ણય થતાં જ અકાલી અને ભાજપ વચ્ચે બહાર આવ્યું, અમૃતપાલ સિંહે ચૂંટણી લડવાની જાહેરાત કરી. ગ્રેવાલે કહ્યું કે લોકસભા ચૂંટણી પહેલા જ્યારે અકાલી અને ભાજપ વચ્ચે ગઠબંધન અંગે ચર્ચા ચાલી રહી હતી ત્યારે દિલ્હીના નેતાઓએ અકાલી સમક્ષ બે શરતો મૂકી હતી. પહેલી શરત એ છે કે પંજાબમાં લોકસભાની ચૂંટણી સમાન સંખ્યામાં સીટો પર લડવામાં આવશે. આ સિવાય ભાજપે અકાલીને બંદીવાન સિંહો અને ખેડૂતોના મુદ્દાઓ પર મૌન રહેવા કહ્યું હતું. આ જ કારણ છે કે અકાલીએ ગઠબંધન માટે ના પાડી દીધી હતી.

# ગેનીબેન ઠાકોરની રાજકોટ એઈમ્સના સભ્ય તરીકે નિમણૂક

નવી દિલ્હી, તા.૨

કેન્દ્ર સરકારે બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરની રાજકોટ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ (એઈમ્સ)ના સદસ્ય તરીકે નિમણૂક કરી છે. આ નિમણૂક સાથે, ગેનીબેન ઠાકોર હવે દેશની પ્રતિષ્ઠિત મેડિકલ સંસ્થાના નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાની પણ એઈમ્સના સદસ્ય તરીકે પસંદગી કરવામાં આવી છે.

ગેનીબેન ઠાકોરની નિમણૂકને લઈને સ્થાનિક રાજકીય અને આરોગ્ય વર્તુળોમાં હકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. ઘણા લોકોએ આશા વ્યક્ત કરી છે કે એઈમ્સના પદ પર રહીને ગેનીબેન દર્દીઓની સેવામાં અગ્રેસર રહેશે.

આ લોકસભા ચૂંટણી ૨૦૨૪માં બનાસકાંઠા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરને ૬૭,૧૮૮૩ મત મળ્યા હતા, અને ભાજપના ઉમેદવાર ડૉ. રેખાબેન ચૌધરીને ૬૪,૧૪૭૭ મત મળ્યા હતા.



આ ચૂટણીમાં ગેનીબેન ઠાકોરે ભાજપના ઉમેદવારને ૩૦,૪૦૬ મતોની લીડથી હરાવી દીધા અને પ્રથમવાર બનાસ કાંઠા બેઠક પર કબજો કર્યો. આ સાથે ગુજરાતમાં કોંગ્રેસી કાર્યકર્તાઓમાં નવો જુસ્સો અને જોમ ભરાયો છે. ગેનીબેને બાજી મારતા ૬૨ વર્ષ બાદ બનાસ કાંઠાને મહિલા સાંસદ મળ્યા છે. ૧૯૬૨ બાદ પ્રથમ વખત બનાસકાંઠા બેઠક પરથી મહિલાને સંસદમાં જવાનો મોકો મળ્યો. ૧૯૬૨માં ઝોહરાબેન ચાવડા કોંગ્રેસની ટિકિટ પર સાંસદ તરીકે ચૂંટાયા હતા. ગેની ઠાકોર જેમનું પૂરું નામ ગેનીબેન નાગાજી ઠાકોર છે, ગેનીબેન ઠાકોર કોંગ્રેસ પક્ષના મહિલા રાજકારણી અને ઉમેદવાર છે જે ગુજરાત વિધાનસભાની વાવ બેઠકના ધારાસભ્ય પણ છે.

# ઔરંગાબાદનું નામ બદલીને છત્રપતિ સંભાજી નગર અને ઉસ્માનાબાદનું નામ ધારાશિવ કરવાનો નિર્ણય

મુંબઈ,તા.૨

છત્રપતિ સંભાજી નગર અને ઉસ્માનાબાદનું નામ બદલીને ધારા શિવ કરવા સામે સુપ્રીમ કોર્ટ માં અરજી દાખલ કરવામાં આવી હતી. દેશની સર્વોચ્ચ અદાલતે આ અરજી ફગાવી દીધી હતી. હકીકતમાં, અરજદારોએ અગાઉ બોમ્બે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો, જેણે રાજ્ય સરકારના નિર્ણયમાં કોઈ કાનૂની પડકાર જોયો ન હતો અને તેને સમર્થન આપ્યું હતું. આ પછી અરજદારો હાઈકોર્ટના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા. તેમને આશા છે કે સુપ્રીમ કોર્ટનો નિર્ણય તેમની તરફેણમાં આવશે. જો કે, આવું ન થયું અને કોર્ટે અરજી ફગાવી દીધી અને મહારાષ્ટ્ર સરકારના નિર્ણયને લીલી ઝંડી આપી દીધી.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે નામ બદલવું એ સરકારનો અધિકાર છે. તેને ન્યાયિક સમીક્ષાની જરૂર નથી. તમારી વાત સાંભળ્યા બાદ જ હાઈકોર્ટે વિગતવાર આદેશ આપ્યો છે. અમે તેમાં દખલ નહીં કરીએ. અગાઉ ૮ મેના રોજ હાઈકોર્ટે ઔરંગાબાદનું નામ બદલીને છત્રપતિ સંભાજી નગર અને ઉસ્માનાબાદનું નામ બદલીને ધારા શિવ કરવાના રાજ્ય સરકારના નિર્ણયને માન્ય રાખ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે આ નિર્ણય કાયદાકીય રીતે સાચો છે. હવે સુપ્રીમ કોર્ટે પણ તેને મંજૂરી આપી દીધી છે.

વાસ્તવમાં, ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની મહાવિકાસ આઘાડી સરકારે ૨૯ જૂન, ૨૦૨૧ના રોજ કેબિનેટની બેઠકમાં ઔરંગાબાદ અને ઉસ્માનાબાદ બંને શહેરોના નામ બદલવાનો નિર્ણય કર્યો હતો. ઔરંગાબાદ શહેર અને મહેસૂલ વિભાગનું નામ બદલીને છત્રપતિ સંભાજીનગર કરવામાં આવ્યું હતું, જ્યારે ઉસ્માનાબાદનું નામ ધારાશિવ રાખવામાં આવ્યું હતું. પછી ૧૬ જુલાઈ, ૨૦૨૨ ના રોજ, મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની આગામી સરકારે એમવીએ સરકારના નિર્ણયને જાળવી રાખ્યો.

આ પછી સરકારના નિર્ણય સામે હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી હતી. એવું કહેવાય છે કે સરકારે ૨૦૦૧માં જ ઔરંગાબાદનું નામ બદલવાનો નિર્ણય પાછો ખેંચી લીધો હતો. ઉદ્ધવ સરકારે પોતાના રાજકીય ફાયદા માટે નામ બદલી નાખ્યું હતું. અરજદારોએ દાવો કર્યો હતો કે આ નિર્ણય બંધારણની જોગવાઈઓની સંપૂર્ણ અવગણના છે. એવું કહેવામાં આવ્યું હતું કે આ નિર્ણય બે ધાર્મિક જૂથો વચ્ચે તિરાડ પેદા કરી શકે છે અને આ રીતે આ નિર્ણય ભારતના બિનસાંપ્રદાયિક બંધારણની સંપૂર્ણપણે વિરુદ્ધ છે.

# કોલેજ કેમ્પસ બની ગયા નિર્જન, ભારતીય વિદ્યાર્થીઓ પરત સ્વદેશ ફરવા લાગ્યા

ચંદીગઢ,તા.૨

વિદેશથી અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓ માટેના નિયમોમાં ફેરફારની સાથે કેનેડાની ટ્રૂડો સરકારે પણ કોલેજો પર કડકાઈ શરૂ કરી છે. અગાઉના વર્ષોની સરખામણીએ વિદ્યાર્થીઓની સંખ્યામાં ૩૫ ટકાનો ઘટાડો થયો છે. તે જ સમયે, ઘણી ખાનગી કોલેજો દ્વારા તેમના કેમ્પસ ખોલીને ચલાવવામાં આવતી રમતો પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ કાર્યવાહીને કારણે ત્યાંના કોલેજ કેમ્પસ નિર્જન થવા લાગ્યા છે. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પંજાબ પરત ફરવા લાગ્યા છે.ખાસ વાત એ છે કે પંજાબના ઘણા પ્રખ્યાત લોકો કેનેડા માં કોલેજ કેમ્પસ ખોલીને બિઝનેસ ચલાવતા હતા. નવા નિયમો અનુસાર હવે કેમ્પસ કોલેજોમાંથી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વર્ક પરમિટ મેળવી શકશે નહીં. કેનેડાએ વિદેશથી આવતા વિદ્યાર્થીઓ માટે સ્ટુડન્ટ વિઝાની સંખ્યા ઘટાડીને ૩.૬૦ લાખ કરી દીધી છે. જે ગયા વર્ષની સરખામણીમાં ૩૫ ટકા ઓછું છે.વિદેશમાંથી કેનેડ-ામાં અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થી ઓમાં ભારતીયોની સંખ્યા સૌથી વધુ છે. હાલમાં, ૨.૩ લાખ ભારતીય વિદ્યાર્થીઓ કેનેડામાં અભ્યાસ કરી રહ્યા છે, પરંતુ આગળ જતા લોકોની સંખ્યામાં ૮૦ ટકાથી વધુનો ઘટાડો થઈ રહ્યો છે. જલંધરના કપૂરથલા ચોક પાસે એજન્ટે એક મોટી કોલેજનું કેમ્પસ બનાવ્યું અને તેની સીટો વેચીને અબજો રૂપિયા કમાયા. એ જ રીતે પંજાબના ચાર ડઝન જેટલા એજન્ટો કેનેડા ગયા હતા અને ત્યાં કેમ્પસ ખોલીને અઢળક પૈસા કમાયા હતા, પરંતુ હવે નવા નિયમો અનુસાર આ ઓપરેટરોના કેમ્પસમાં ભણતા વિદ્યાર્થીઓને વર્ક પરમિટ નહીં મળે. આવી સ્થિતિમાં આ કેમ્પસ નિર્જન બની રહ્યા છે. ઓપન વર્ક પરમિટ ફક્ત તે વિદેશી વિદ્યાર્થી ઓના જીવનસાથીઓને આપવામાં આવશે જેઓ માસ્ટર્સ અથવા ડોક્ટરલ પ્રોગ્રામ કરી રહ્યા છે. સ્નાતક અથવા કૉલેજ વિદ્યાર્થીઓના જીવનસાથી માટે કોઈ ઓપન વર્ક પરમિટ હશે નહીં. આ સાથે નકલી લગ્નો પર રોક લગાવવામાં આવી છે.

સ્ટુડન્ટ વર્ક પરમિટ માટે નવા દસ્તાવેજની જરૂર પડશે, જે પ્રમાણિત કરવાનો પત્ર છે. તે કેનેડિયન પ્રાંત દ્વારા જારી કરવામાં આવે છે જેમાં અરજદારને રહેવાની મંજૂરી આપવામાં આવી છે.,-કેનેડામાં, પ્રાંતીય સરકારને કઇ કોલેજને કેટલી બેઠકો ફાળવવાનો અધિકાર હશે. આ બેઠકો તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અંદર બનેલી હોસ્ટેલ પર નિર્ભર રહેશે. અગાઉ કેનેડાની ફેડરલ ટ્રૂડો સરકાર જ નિર્ણયો લેતી હતી.,-કેનેડામાં, પ્રવેશ ફક્ત એલઓઆઇ (લેટર ઓફ ઈન્ટેન્ટ) સાથે ઉપલબ્ધ હતો, પરંતુ હવે પીએએલ પ્રાંતીય પ્રમાણીકરણ પત્ર દ્વારા પ્રવેશ ઉપલબ્ધ થશે. જો આ પત્ર પ્રાપ્ત ન થાય, તો વધુ વર્ક પરમિટ આપવામાં આવશે નહીં., જીઆઈસી પહેલા ૧૦ હજાર કેનેડિયન ડોલર હતી, જે હવે વધારીને ૨૦ હજાર ડોલર કરવામાં આવી છે. વિદેશમાં અભ્યાસ કરવા ઈચ્છતા ભારતીય વિદ્યાર્થીઓ માટે કેનેડા હંમેશા પ્રથમ પસંદગી રહ્યું છે. વિદેશ મંત્રાલયના ડેટા મુજબ દર વર્ષે સરેરાશ ૧.૫ લાખ વિદ્યાર્થીઓ કેનેડા જતા હતા. આ પછી અમેરિકા અને સંયુક્ત આરબ અમીરાત જતા વિદ્યાર્થીઓની સંખ્યા વધી હતી. યુકે અને ઓસ્ટ્રેલિયા જનારા લોકોની સંખ્યા અનુક્રમે ૫૦ હજાર અને ૯૦ હજારની આસપાસ હતી. ૨૦૧૩ થી ૨૦૨૨ સુધીમાં કેનેડામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાથી-ઓની સંખ્યામાં ૨૬૦ ટકાનો વધારો થયો છે.ઈએસએસ ગ્લોબલના મેનેજર રવનીત સિંઘ, જેમણે લાંબા સમયથી ઈમિગ્રેશનમાં પોતાની ઓળખ બનાવી છે, તે કહે છે કે તાજેતરના સમયમાં નાટકીય ફેરફારો દેખાઈ રહ્યા છે. કેનેડાના અભ્યાસ વિઝા અરજીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. પત્ની વિઝા બંધ થવાને કારણે કેનેડા માં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. કેનેડામાં મોંઘવારી ઉપરાંત જીઆઈસી ૨૦ હજાર ડોલર હોવાથી તેની પણ અસર થઈ છે.

# મમતા બેનર્જીએ પૂર્વ ક્રિકેટર સૌરભ ગાંગુલીને ૧ રૂપિયામાં ૩૫૦ એકર જમીન આપી !

કોલકતા,તા.૨

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીને ૩૫૦ એકર જમીન એક રૂપિયામાં લીઝ પર આપવાના મમતા બેનર્જીના નિર્ણય પર સવાલો ઉભા થયા છે. આ સંબંધમાં કોલકાતા હાઈકોર્ટમાં એક જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી છે. આ મામલાની સુનાવણી ચિટ ફંડ કેસ માટે રચાયેલી ડિવિઝન બેંચમાં થશે. ચીફ જસ્ટિસની ડિવિઝન બેન્ચે કહ્યું કે ચિટ ફંડ કેસની સુનાવણી જસ્ટિસ જૈમાલ્ય બાગચીની ડિવિઝન બેંચ દ્વારા કરવામાં આવી રહી છે. આથી તે આ જાહેર હિતની બાબતની પણ સુનાવણી કરશે.

તમને જણાવી દઈએ કે પશ્ચિમ બંગાળ સરકારે પશ્ચિમ મેદિનીપુર જિલ્લાના ચંદ્રકોણામાં ફિલ્મ સિટી બનાવવા માટે પ્રયાગ ગ્રુપને ૭૫૦ એકર જમીન આપી હતી. પ્રયાગ ગ્રૂપે રૂ. ૨૭૦૦ કરોડના રોકાણનું વચન આપ્યું હતું. પ્રારંભિક ફાળવણી જમીન સહિત પ્રોજેક્ટની કુલ કિંમત માટે હતી. બાદમાં કંપનીનું નામ ચિટ



ફંડ કેસમાં આવ્યું અને તેને લઈને ઘણો હોબાળો થયો. કંપની પર થાપણદારો પાસેથી છેતરપિંડી કરીને ૨૭૦૦ કરોડ રૂપિયા લેવાનો આરોપ હતો. પ્રયાગ ગ્રુપે ફિલ્મસિટીના નિર્માણમાં પણ આ જ રોકાણ કર્યું હતું.

દરમિયાન, ચિટફંડ કેસમાં તેનું નામ સામે આવતાં રાજ્યમાં ભારે હોબાળો મચી ગયો હતો. થાપણદારોને નાણાં પરત કરવા માટે સરકારે પ્રયાગ જૂથની તમામ સંપત્તિ જપ્ત કરી હતી. જેમાં ચંદ્રકોણામાં ૭૫૦ એકર જમીનનો સમાવેશ થાય છે. હવે મમતા બેનર્જીની સરકારે સૌરવ ગાંગુલીને લગભગ ૩૫૦ એકર જમીન આપી છે. જમીન ૯૯૯ વર્ષ માટે એક રૂપિયા માં લીઝ પર આપવામાં આવી છે. રાજ્યના આ નિર્ણય સામે હાઈકોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

શેખ મસૂદ નામના થાપણદારે કોર્ટ માં જાહેર હિતનો કેસ દાખલ કર્યો છે. તેમના વકીલ શુભાશીષ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે રાજ્યએ પ્રયાગ જૂથની મિલકતો જપ્ત કરવી પડશે અને થાપણ દારોને પૈસા પરત કરવા પડશે. તેવી જ રીતે ચંદ્રકોણાની જમીન પણ વેચવાની હતી અને ખાતેદારોના પૈસા પરત કરવાના હતા. પરંતુ સરકાર આવું કરી રહી નથી.

બીજી તરફ, સૌરવ ગાંગુલીએ ફેક્ટરી બનાવવા માટે તે જમીનનો મોટો હિસ્સો ૯૯૯ વર્ષ માટે એક રૂપિયા માં લીઝ પર આપ્યો છે. તેમણે પ્રશ્ન કર્યો કે સરકાર તે જમીન કોઈને કેવી રીતે આપી શકે. તે જમીન થાપણદારો ના પૈસાથી ખરીદવામાં આવી હતી અને તે થાપણદારોને પરત કરવાની જવાબદારી સરકારની છે.

# પંજાબના શીખ સૈનિકો પર આતંકી પન્નુની નજર, મોદીને રોકવા માટે ૫ લાખ ડોલરની લાલચ

ટોરેન્ટો,તા.૨

સ્વતંત્રતા દિવસ નજીક આવતા જ ખાલિસ્તાની સમર્થક અને આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુ ફરી એકવાર સક્રિય થઈ ગયો છે. પન્નુનું ધ્યાન હવે સેનામાં ભરતી થયેલા શીખ સૈનિકો પર છે. પોતાની યોજનાઓને પૂર્ણ કરવા માટે પન્નુએ શીખ સૈનિકોને પૈસાની લાલચ આપીને દેશભક્તિની વિરુદ્ધ જવાની સલાહ આપી છે.

પન્નુએ વિદેશની ધરતી પર રહીને વિવિધ સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક નવો વીડિયો વાયરલ કર્યો છે. શીખ ફોર જસ્ટિસના આતંકવાદી ગુરપ તવંત સિંહ પન્નુએ વીડિયોમાં કહ્યું છે કે શીખ સૈનિકો, આ ભારતનો ૭૮મો સ્વતંત્રતા દિવસ છે. પરંતુ તમે તમારો પરિવાર, શીખો આઝાદ નથી અને હજુ પણ ગુલામ છો.

પન્નુએ કહ્યું કે શીખ સૈનિકોએ ૧૯૮૪ને ભૂલવું જોઈએ નહીં, જ્યારે ગોલ્ડન ટેમ્પલ પર હુમલો થયો હતો અને શીખોનો નરસંહાર થયો હતો. આજે પણ દિલ્હીમાં શીખોની વિધવા વસાહત છે. શીખ પાઘડી અને ટોપી અને કેસરી અને ખાકી વચ્ચે આ જ તફાવત છે. જો શીખ સૈનિકો સ્વતંત્રતા દિવસ પર ત્રિરંગો સળગાવે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને રોકે તો તેમને ૫ લાખ ડોલર આપવામાં આવશે.

દેશવિરોધી ગતિવિધિઓ બાદ આતંકવાદી જાહેર કરાયેલા પન્નુ સતત દેશ અને પંજાબમાં આતંક ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. ક્યારેક આ આતંક વાદી પંજાબના યુવાનોને તો ક્યારેક જમ્મુ-કાશ્મીરના મુસ્લિમ સમુદાયને ભડકાવવાનો પ્રયાસ કરી રહ્યો છે. વિદેશી ધરતી પર આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા બાદ પન્નુ સતત દેશના વડાપ્રધાન અને ભારતીય સુરક્ષા એજન્સીઓને નિશાન બનાવી રહ્યો છે.

પન્નુએ દેશના અલગ-અલગ શહેરોમાં ગુપ્ત રીતે દેશવિરોધી અને ખાલિસ્તાન તરફી સૂત્રો લખીને આતંક વાદ ફેલાવવાનો ઘણી વખત પ્રયાસ કર્યો છે.

૨૦૧૯માં ભારત સરકારે પન્નુના સંગઠન એસએફજે પર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ એટલે કે યુએપીએ હેઠળ આતંકવાદી પ્રવૃત્તિ ઓ કરવાના આરોપસર પ્રતિબંધ મૂક્યો હતો.

# પુર પિડીતો માટે સંવેદના સાથે મદદ, વડાપ્રધાને હિમાચલની માહિતી મેળવી

**વાયનાડ બાદ અન્ય રાજ્યોમાં ભારે વરસાદની સ્થિતી નિર્માણ થયા બાદ કેન્દ્ર અને રાજ્ય સરકાર મદદ માટે તમામ પ્રયાસો કરી રહી છે. વડાપ્રધાને હિમાચલ પ્રદેશમાં સર્જાયેલી સ્થિતી બાદ માહિતી મેળવી હતી તો કેરળમાં કોગ્રેસ મદદ માટે આગળ આવી છે. સાથે અનેક ફિલ્મી હસ્તીઓ પણ મદદ માટે આગળ આવી છે. અને સહાયની જાહેરાત કરી છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર સાથે રાહત બચાવ કાર્ય પુરજોશ કરી રહી છે. તો અમેરિકી રાષ્ટ્રપતિ બિડેને વાયનાડ દુર્ઘટના પર સંવેદના વ્યક્ત કરી**

ચંડીગઢ,તા.૨

વિદેશથી અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓ માટેના નિયમોમાં ફેરફારની સાથે કેનેડાની ટ્રૂડો સરકારે પણ કોલેજો પર કડકાઈ શરૂ કરી છે. અગાઉના વર્ષોની સરખામણીએ વિદ્યાર્થીઓની સંખ્યામાં ૩૫ ટકાનો ઘટાડો થયો છે. તે જ સમયે, ઘણી ખાનગી કોલેજો દ્વારા તેમના કેમ્પસ ખોલીને ચલાવવામાં આવતી રમતો પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ કાર્યવાહીને કારણે ત્યાંના કોલેજ કેમ્પસ નિર્જન થવા લાગ્યા છે. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પંજાબ પરત ફરવા લાગ્યા છે.ખાસ વાત એ છે કે પંજાબના ઘણા પ્રખ્યાત લોકો કેનેડા માં કોલેજ કેમ્પસ ખોલીને બિઝનેસ ચલાવતા હતા. નવા નિયમો અનુસાર હવે કેમ્પસ કોલેજોમાંથી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વર્ક પરમિટ મેળવી શકશે નહીં. કેનેડાએ વિદેશથી આવતા વિદ્યાર્થીઓ માટે સ્ટુડન્ટ વિઝાની સંખ્યા ઘટાડીને ૩.૬૦ લાખ કરી દીધી છે. જે ગયા વર્ષની સરખામણીમાં ૩૫ ટકા ઓછું છે.વિદેશમાંથી કેનેડામાં અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થી ઓમાં ભારતીયોની સંખ્યા સૌથી વધુ છે. હાલમાં, ૨.૩ લાખ ભારતીય વિદ્યાર્થીઓ કેનેડામાં અભ્યાસ કરી રહ્યા છે, પરંતુ આગળ જતા લોકોની સંખ્યામાં ૮૦ ટકાથી વધુનો ઘટાડો થઈ રહ્યો છે. જલંધરના કપૂરથલા ચોક પાસે એજન્ટે એક મોટી કોલેજનું કેમ્પસ બનાવ્યું અને તેની સીટો વેચીને અબજો રૂપિયા કમાયા. એ જ રીતે પંજાબના ચાર ડઝન જેટલા એજન્ટો કેનેડા ગયા હતા અને ત્યાં કેમ્પસ ખોલીને અઢળક પૈસા કમાયા હતા, પરંતુ હવે નવા નિયમો અનુસાર આ ઓપરેટરોના કેમ્પસમાં ભણતા વિદ્યાર્થીઓને વર્ક પરમિટ નહીં મળે. આવી સ્થિતિમાં આ કેમ્પસ નિર્જન બની રહ્યા છે. ઓપન વર્ક પરમિટ ફક્ત તે વિદેશી વિદ્યાર્થી ઓના જીવનસાથીઓને આપવામાં આવશે જેઓ માસ્ટર્સ અથવા ડોક્ટરલ પ્રોગ્રામ કરી રહ્યા છે. સ્નાતક અથવા કૉલેજ વિદ્યાર્થીઓના જીવનસાથી માટે કોઈ ઓપન વર્ક પરમિટ હશે નહીં. આ સાથે નકલી લગ્નો પર રોક લગાવવામાં આવી છે.

સ્ટુડન્ટ વર્ક પરમિટ માટે નવા દસ્તાવેજની જરૂર પડશે, જે પ્રમાણિત કરવાનો પત્ર છે. તે કેનેડિયન પ્રાંત દ્વારા જારી કરવામાં આવે છે જેમાં અરજદારને રહેવાની મંજૂરી આપવામાં આવી છે.,-કેનેડામાં, પ્રાંતીય સરકારને કઇ કોલેજને કેટલી બેઠકો ફાળવવાનો અધિકાર હશે. આ બેઠકો તેના ઈન્ફ્રા-સ્ટ્રક્ચર અને અંદર બનેલી હોસ્ટેલ પર નિર્ભર રહેશે. અગાઉ કેનેડાની ફેડરલ ટ્રૂડો સરકાર જ નિર્ણયો લેતી હતી.,-કેનેડામાં, પ્રવેશ ફક્ત એલઓઆઇ (લેટર ઓફ ઈન્ટેન્ટ) સાથે ઉપલબ્ધ હતો, પરંતુ હવે પીએએલ પ્રાંતીય પ્રમાણીકરણ પત્ર દ્વારા પ્રવેશ ઉપલબ્ધ થશે. જો આ પત્ર પ્રાપ્ત ન થાય, તો વધુ વર્ક પરમિટ આપવામાં આવશે નહીં., જીઆઈસી પહેલા ૧૦ હજાર કેનેડિયન ડોલર હતી, જે હવે વધારીને ૨૦ હજાર ડોલર કરવામાં આવી છે. વિદેશમાં અભ્યાસ કરવા ઈચ્છતા ભારતીય વિદ્યાર્થીઓ માટે કેનેડા હંમેશા પ્રથમ પસંદગી રહ્યું છે. વિદેશ મંત્રાલયના ડેટા મુજબ દર વર્ષે સરેરાશ ૧.૫ લાખ વિદ્યાર્થીઓ કેનેડા જતા હતા. આ પછી અમેરિકા અને સંયુક્ત આરબ અમીરાત જતા વિદ્યાર્થીઓની સંખ્યા વધી હતી. યુકે અને ઓસ્ટ્રેલિયા જનારા લોકોની સંખ્યા અનુક્રમે ૫૦ હજાર અને ૯૦ હજારની આસપાસ હતી. ૨૦૧૩ થી ૨૦૨૨ સુધીમાં કેનેડામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨૬૦ ટકાનો વધારો થયો છે.ઈએસએસ ગ્લોબલના મેનેજર રવનીત સિંઘ, જેમણે લાંબા સમયથી ઈમિગ્રેશનમાં પોતાની ઓળખ બનાવી છે, તે કહે છે કે તાજેતરના સમયમાં નાટકીય ફેરફારો દેખાઈ રહ્યા છે. કેનેડાના અભ્યાસ વિઝા અરજીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. પત્ની વિઝા બંધ થવાને કારણે કેનેડા માં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. કેનેડામાં મોંઘવારી ઉપરાંત જીઆઈસી ૨૦ હજાર ડોલર હોવાથી તેની પણ અસર થઈ છે.

# ૭૪૮ હિન્દુઓએ મુસ્લિસ ધર્મ અંગીકાર કરવાનો લીધો નિર્ણય

જામનગર,તા.૨

જામનગરના ધ્રોલમાં ધર્મ પરિવર્તનને લઈને ખળભળાટ જોવા મળ્યો છે. ૭૪૮ હિન્દુઓએ મુસ્લિસ ધર્મ અંગીકાર કરવાનો નિર્ણય લીધો છે. જેના પગલે ધર્મપરિવર્તનની મંજૂરી આપવા માટે CMને પત્ર લખ્યો છે. જામનગરના ધ્રોલમાં ધર્મ પરિવર્તનને લઈને ખળભળાટ જોવા મળ્યો છે. ૭૪૮ હિન્દુઓએ મુસ્લિસ ધર્મ અંગીકાર કરવાનો નિર્ણય લીધો છે. ધર્મ પરિવર્તન પાછળ ધારાસભ્ય અને કોર્પોરેટર જવાબદાર હોવાના આક્ષેપ કરવામાં આવ્યો છે. વર્ષોથી વ્યથા વર્ણવતો તેજાબી શબ્દો સાથેનો પાત્ર વાયરલ થતા ખળભળાટ જોવા મળ્યો છે.

ધ્રોલમાં સાત ડેરી મંદિર વિસ્તારમાં રહેતા લોકોએ ઝસ સહિતના લોકોને પત્ર લખ્યો છે. કલેક્ટર સમક્ષ ધર્મપરિવર્તન કરવા મંજૂરી આપવા માટે આ પત્ર લખવામાં આવ્યો છે. ધ્રોલ વિસ્તારમાં માસ – મટનનો કચરો બેફામ નાખતા હોવાથી લોકો પરેશાન થઈ ગયા છે.

વર્ષોથી રજૂઆત કરવા છતા ઉકેલ ન આવતા ધર્મપરિવર્તન કરવાનો નિર્ણય લીધો છે. હિન્દુ સેનાના અગ્રણી, ધ્રોલના રાજકીય આગેવાનો અને અધિકારીઓને પત્રની નકલ મોકલતા ચોતરફ ભારે ચર્ચાનો વિષય સર્જાયો છે.

કચ્છના ઝડપથી વિકસતા

ન્યૂઝ 4 કચ્છ 'વાત કચ્છીયતની'

દૈનિક અખબારમાં આપની આસપાસ બનતા બનાવો, સામાજિક, રાજકિય કે શૈક્ષણિક આયોજનોના સમાચાર તથા આપની જાહેરખબર આપવા આજે જ સંપર્ક કરો.

+91 9687605569
૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ (કચ્છ)
EMAIL: NEWS4KUTCHINFO@GMAIL.COM

SOCIAL MEDIA FOLLOW US : NEWS4KUTCH

# અમેરિકન ઈકોનોમી પર ફરી સંકટના વાદળ ઘેરાયા

વોશિંગ્ટન, તા.૨

અમેરિકામાં ઈકોનોમી માટે ફરીથી ખરાબ સમાચાર આવ્યા છે. હજુ એક અઠવાડિયા અગાઉ જ ગ્રોથ રેટ વધ્યો હતો અને જીડીપીના આંકડા બહુ સારા આવ્યા હતા, તેવામાં હવે એવો રિપોર્ટ આવ્યો છે કે ઈકોનોમીમાં મંદી આવી શકે છે. તેના કારણે ગઈકાલે શેરબજારમાં પણ મોટો કડાકો આવ્યો હતો. અમેરિકામાં બેરોજગારીનો આંકડો પણ ઊંચો આવ્યો છે જેના કારણે ચિંતા ફેલાઈ છે. ડિપાર્ટમેન્ટ ઓફ લેબરના ડેટા પ્રમાણે બેરોજગારીના લાભ માટે ક્લેમની સંખ્યા વધીને ૨.૫૦ લાખ થઈ ગઈ છે. તેનો અર્થ એવો થયો કે ઓગસ્ટ ૨૦૨૩ પછી અત્યારે સૌથી વધુ લોકોએ બેરોજગારી ભથ્થાની અરજી કરી છે. એક બાજી કંપનીઓમાંથી લોકોની છટણી થઈ રહી છે, બીજી તરફ ઈકોનોમી કદાચ મંદી તરફ જશે તેવા પણ સંકેત છે. ઘણા રોકાણકારોને બીક છે કે બેરોજગારી ભથ્થું માગનારાઓની સંખ્યા વધી, જોબલેસ ક્લેમમાં વધારો થયો તે દર્શાવે છે કે આગામી દિવસોમાં ઈકોનોમીનો ગ્રોથ રેટ ઘટશે. અમેરિકન શેરબજારનો ઈન્ડેક્સ ડાઉ જોન્સ ગઈકાલે ૫૦૦ પોઈન્ટ ઘટીને બંધ આવ્યો હતો, તે અગાઉ એક તબક્કે આ ઈન્ડેક્સ ૭૦૦ પોઈન્ટ અથવા ૧.૪ ટકા સુધી ઘટી ગયો હતો. નાસ્ડેક ઈન્ડેક્સમાં પણ ૨.૩ ટકાનો ઘટાડો થયો હતો. અમેરિકામાં વ્યાજના દરમાં કોઈ ફેરફાર નથી થયો.

# ચોથા ધોરણમાં ભણતા બાળકે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

સુરત, તા.૨

ગુજરાતમાં આપઘાતના બનાવો સતત વધી રહ્યાં છે. સુરતમાં એક ૧૦ વર્ષના બાળકે ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હોવાનો ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. બાળકે કોઈ બાબતે માઠુ લાગતા રૂમનો દરવાજો અંદરથી બંધ કરી દોરડાથી ગળે ફાંસો ખાતા તેનુ મૃત્યુ થયું હતું. આ ઘટના બાદ પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. પોલીસે બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. જોકે હજી સુધી આપઘાત કયા કારણે કર્યો તેનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરતના પાંડેસરા વિસ્તારમાં રહેતા અવધેશભાઈ લુમ્સના કારખાનામાં નોકરી કરે છે. તેમના પરિવારમાં માતા-પિતા, પત્ની, બે દીકરા અને એક દીકરી છે. જે પૈકી નાનો દીકરો યશકુમાર ૧૦ વર્ષનો હતો અને ઘરની નજીક આવેલી સ્કૂલમાં ચોથા ધોરણમાં ભણતો હતો. ગતરોજ યશકુમાર અને તેનો ભાઈ બંને સાંજે સોસાયટીમાં રમીને બંને ઘરે આવ્યા હતા. અચાનક જ યશે રૂમનો દરવાજો બંધ કરી સિલિંગમાં લગાવેલ હુકમાં બાંધેલ દોરડા સાથે શર્ટ બાંધી ફાંસો ખાધો હતો. મોટાભાઈએ દરવાજો ખખડાવતા ખોલ્યો ન હતો. ત્યારબાદ દરવાજો ખોલી અંદર પ્રવેશતા નાનો ભાઈ લટકતી હાલતમાં મળી આવ્યો હતો. આ અંગે પિતાને જાણ થતા દીકરાને નીચે ઉતારી સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. માત્ર ૧૦ વર્ષના બાળકે આપઘાત કરતા તબીબ પણ ચોંકી ગયા હતા. તબીબે પણ પરિવારને દીકરાના આપઘાતના કારણ અંગે પૂછ્યું હતું. જોકે, પરિવારને કંઈ જ ખ્યાલ નહોતો.

# ટ્રાન્સજેન્ડર, ગે, સેક્સ વર્કરને રક્તદાન પર પ્રતિબંધ કેમ?

નવી દિલ્હી, તા.૨

સુપ્રીમ કોર્ટે શુક્રવારે એક અરજી પર કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. આ પિટિશનમાં ટ્રાન્સજેન્ડર, હોમોસેક્સ્યુઅલ અને સેક્સ વર્કરોને રક્તદાન કરવાથી રોકવાની માર્ગદર્શિકાને પડકારવામાં આવી છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ ની આગેવાની હેઠળની બેંચે કેન્દ્ર સરકાર, નેશનલ એઇડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન અને નેશનલ બ્લડ ટ્રાન્સફ્યુઝન કાઉન્સિલને નોટિસ જારી કરી હતી. સુપ્રીમ કોર્ટ ૨૦૧૭ની માર્ગદર્શિકાને પડકારતી કાર્યકર્તા શરીફ ડી રાંગણેકર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી. કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ, પુરૂષો (MSM) સાથે સેક્સ કરનારા



પુરૂષો અને સ્ત્રી સેક્સ વર્કરોને રક્તદાતા બનવાથી બાકાત રાખે છે. ૨૦૧૭ની માર્ગદર્શિકા HIV અને હેપેટા ઈટિસ ચેપ અથવા 'ટ્રાન્સફ્યુઝન ટ્રાન્સમિસિબલ ઈન્ફેક્શન' (TTI)ના જોખમને કારણે તેમને રક્તદાતા બનવાથી કાયમ માટે પ્રતિબંધિત કરે છે. અરજી અનુસાર, આ પ્રકારની માર્ગદર્શિકા ભારતીય બંધારણની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે, જેના હેઠળ સમાનતા, ગૌરવ અને જીવનના અધિકારની ખાતરી આપવામાં આવી છે. અરજીમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે આ માર્ગદર્શિકા અમેરિકાના ૧૯૮૦ના દાયકાના આધારે આપવામાં આવી હતી. ત્યારપછી અમેરિકા, બ્રિટન, ઈઝરાયેલ અને કેનેડા સહિત ઘણા દેશોએ પોતાના વિચારો બદલ્યા છે. અરજીમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી પણ આ યોગ્ય નથી. રક્તદાન પરના આવા નિયંત્રણો એ ધારણા પર આધારિત છે કે લોકોના ચોક્કસ જૂથ જાતીય રોગોથી પીડાઈ શકે છે. પિટિશન હેમેટોલોજીમાં થયેલી પ્રગતિને હાઈલાઈટ કરે છે, જે રક્તદાન પહેલાં રક્તદાતાઓની તપાસ કરવાની મંજૂરી આપે છે. આ પ્રગતિને જોતાં, એવી દલીલ કરવામાં આવી છે કે ગે વ્યક્તિઓ પ્રત્યેના ભેદભાવપૂર્ણ દષ્ટિકોણના આધારે આ પ્રકારનો પ્રતિબંધ સંપૂર્ણ પણે અયોગ્ય છે.

## સંક્ષિપ્ત સમાચાર

# માંડવીના માપર ગામે જૈન સંઘના ઉપક્રમે ભકતામર તપનો પ્રારંભ



માંડવી તા.૨

શ્રી કચ્છ આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંઘના ગુરૂવર્ય ધીરજલાલજી સ્વામી મ.સા.ના શિષ્ય અને વ્યસનમુકિત અભિયાનના પ્રણેતા નરેશમુનિ ''આનંદ'' મ.સા.અને તેમના શિષ્ય ઓજસમુનિ ''મંગલ'' મ.સા.ની પાવન નિશ્રામાં માપર ગામે, જૈન સંઘના સૌજન્યથી, ૨૩મી જુલાઈથી શુભારંભ થયેલા ભકતામર તપનું ૪૮ દિવસ રહીને તા.૮-૯-૨૦૨૪ ના રોજ સમાપન થશે. ભકતામરતપ માં તપસ્વીઓ સારી સંખ્યામાં જોડાયા છે.

તપસ્વીઓના એકાસણાની વ્યવસ્થા સંઘ તથા જૈન સંઘના રસોડે કરવામાં આવી હોવાનું વ્યસનમુકિત અભિયાનના મોભી ઈશ્વર દેશાઈ, પ્રમુખ ડો.દિનેશ જોષી, ઉ.પ્ર.જયેશ શાહ, મંત્રી દિનેશ શાહ, ટ્રસ્ટી મુકેશ મહેતા અને સંદિપ શાહે જણાવ્યું હતું, ભકતામર તપનું સમાપન થતાં તપસ્વીઓ તા. ૯-૯-૨૦૨૪ના સમૂહપારણા કરશે.

# ગ્રામીણ મહિલાઓ માટે રોજગારલક્ષી તાલીમનું આયોજન



આણંદપર(યક્ષ) તા.૨

ગ્રામીણ મહિલાઓને ઉદ્યોગસાહસિક તથા ઈકોસિસ્ટમ ને મજબૂત કરવા માટે રોજગારલક્ષી તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આશાપુરા સેવા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ ના સહયોગથી મલ્ટી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, ભુજ ખાતે ફેશન ડિઝાઈન, ગારમેન્ટ મેકિંગ, બ્યુટી પાર્લર બેઝિક અને એડવાન્સ અને મહેંદી આર્ટ વિવિધ રોજગારલક્ષી તાલીમ આપવામાં આવે છે, ઉપરાંત ત્રણ દિવસની ફ્રી મહેંદીની તાલીમમાં બહેનોને આજના સમયની નવી ડિઝાઈનો શિખવાડી પગભર બની શકે તેવા હેતુંથી આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૩૫ બહેનોએ ભાગ લીધો હતો.

સૌ પ્રથમ મેહમાન ડો. મોહિનીબેન, શ્વેતાબા ઝાલા, સંસ્થાના આગેવાન રાજીવ લોન્ચા અને દાનવીરસિંહ મહેર દ્વારા દીપ પ્રાગટય કરી કાર્યક્રમ ને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

ભાવેશ મારુ દ્વારા સંસ્થા વિશે માહિતી આપવામાં આવી હતી, કાર્યક્રમનું સંચાલન મીનાબેન, શાંતાબેન, પ્રિયાબેન પટેલ, ભાવનાબેન ગોસ્વામી,મંજુલાબેન દાફડાએ સંભાળ્યું હતું, આભાર વિધિ દાનવીરસિંહ મહેર તરફથી કરવામાં આવી હતી.

# માંડવીની હાઈસ્કૂલને મસ્કતના દાતાએ આર.ઓ. પ્લાન્ટની ભેટ આપી



માંડવી તા.૨

કચ્છ લોહાણા કેળવણી ખાતા સંચાલિત માંડવીની માતૃશ્રી ધીરબાઈ તેજપાલ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને પીવા માટે શુદ્ધપાણી મળી રહે તે માટે મસ્કત ગુજરાતી સમાજના પ્રમુખ અરવિંદ ટોપ રાણી અને નિરંજનાબેન અરવિંદ ટોપરાણીએ રૂપિયા ૩૫,૦૦૦ ની કિંમતનો આર. ઓ.પ્લાન્ટ ભેટ આપ્યો છે. દાતાને આર. ઓ.પ્લાન્ટ આપવા માટે મસ્કત ગુજરાતી સમાજના મહામંત્રી તથા માંડવીની અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટીના ઉપપ્રમુખ ડો.ચંદ્રકાંત ચોથાણી તથા ખજાનચી પ્રતાપ ચોથાણીએ પ્રેરણા આપી હતી. હાઈસ્કૂલના આચાર્યા પ્રવિણાબેન ચૌધરી અને સ્ટાફે આર.ઓ.પ્લાન્ટ ના દાતા તેમજ આ દાન માટે પ્રેરણા આપનાર મહાનુભવોનો આભાર માન્યો હતો. તાજેતરમાં આર.ઓ.પ્લાન્ટનું હાઈસ્કૂલ ના આચાર્યા, પ્રવિણાબેન, શિક્ષકો મહેશ પટેલ, મયુર કુકડીયા, સુરેશ વાઢેર તથા કલાર્ક નાનુભાઈ ચૌધરીના હસ્તે કરાયું હોવાનું અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટી ના દિનેશ શાહે જણાવ્યું હતું.

# ભુજ ખાતે ૦૫ ઓગષ્ટના સુવર્ણપ્રાશન, સ્ત્રીરોગ, વ્યંધત્વ નિવારણ કેમ્પ

ભુજ તા.૨

કુપોષણ નિવારણ કેમ્પ તથા સુવર્ણપ્રાશન સંસ્કાર કેમ્પ તથા સ્ત્રીરોગ તથા વ્યંધત્વ નિવારણ અંગેનો કેમ્પ સરકારી આયુર્વેદ હોસ્પિટલ-ભુજ તથા સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ, રાજકોટના સંયુક્ત ઉપક્રમે સરકારી આયુર્વેદ હોસ્પિટલ, ભુજ ખાતે તા. ૫/૮ ના સોમવારના પુષ્યનક્ષત્રના દિવસે સુવર્ણપ્રાશન કેમ્પ કરાશે. જેમાં જન્મથી ૧૨ વર્ષની ઉમર સુધીના બાળકોના શારીરિક તથા માનસિક વિકાસ અર્થે અતિ ઉત્તમ એવા સુવર્ણ પ્રાશનનાં ટીપાં નિઃશુલ્ક સવારે ૮:૩૦ થી ૧૨:૩૦ અને સાંજે ૪ થી ૫:૩૦ સુધી પીવડાવાશે. કુપોષણ નિવારણ કેમ્પ કરવામાં આવશે જેમાં કુપોષિત/નબળા બાળકોને તથા લોહીની ઉણપ ધરાવતા બાળકોને શક્તિવર્ધક તેમજ રક્તવર્ધક આયુર્વેદિક તથા હોમિયોપેથી દવાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે. કિશોરીઓ, ધાત્રીમાતા - ગર્ભીણીમાતા તથા વ્યંધત્વ નિવારણ માટે ખાસ પ્રકારની સમજણ તથા ઔષધ અપાશે. સુવર્ણપ્રાશનના ફાયદાઓઃ સુવર્ણપ્રાશન મેધા (બુધ્ધિ), અગ્નિ અને બળ વધારવા વાળું છે. કલ્યાણકારક, પુણ્યકારક. વૃષ્ય (શરીર સુદ્રઢ કરનાર), વર્થ (શરીરના વર્ણને ઉજળો કરનાર) તથા ગ્રહબાધાને દૂર કરવાવાળુ છે. સુવર્ણપ્રાશનથી બાળકનું રોગોથી રક્ષણ થાય છે અને તે છ માસમાં સૃતધર (સાંભળેલી વાતને યાદ રાખવાવાળું) બને છે. અર્થાત તેની સ્મરણશક્તિ ખુબ જ વધે છે. તેવું વૈદ્ય પંચકર્મ વર્ગ-૧ સરકારી આયુર્વેદ હોસ્પિટલની અખબારી યાદી જણાવે છે.

# વૃદ્ધાશ્રમના નિવાસીઓ સાથે એક યાદગાર સાંજ



ભુજ તા.૨

બી.એન.આઈ મેગ્નસની ટીમ નેપ્ચ્યુન નેવિગેટર્સે તાજેતરમાં શહેરના એક વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ આશ્રમના નિવાસીઓ સાથે એક યાદગાર સાંજ વિતાવી હતી. આ મુલાકાત દરમિયાન, બી.એન. આઈ મેગ્નસની ટીમે વૃદ્ધાશ્રમના સભ્યો માટે લાઈવ મ્યુઝિક સાથે ભોજનનું આયોજન કર્યું હતું, જૂના ગીતો અને મધુર સંગીતની તાલે, વૃદ્ધાવસ્થાના લોકો તેમના જૂના યાદગાર પળોમાં પાછા ફરી ગયા હતા અને સંગીતના તાલે ડાન્સ કરી આનંદ માણ્યો હતો. આ મનોરંજક અને મનમોહક સાંજથી માત્ર વૃદ્ધાશ્રમના નિવાસીઓ જ નહીં, પરંતુ બી.એન.આઈ મેગ્નસની આખી ટીમે પણ આનંદ અને સંતોષનો અનુભવ કર્યો હતો. એક યાદીમાં જણાવ્યા મુજબ વૃદ્ધાશ્રમની આ મુલાકાતે દરેકને હમેંશ માટે યાદગાર શાંતિ અને આનંદનો અનુભવ કરાવ્યો હતો.

# સિદ્ધિતપના તપસ્વીઓના અનુમોદનાર્થે અનુદાન આપી જીવદયાનું પ્રેરણાદાયી કાર્ય



માંડવી તા.૨

શહેરમાં જૈનાચાર્ય યશોવિજયસુરીશ્વરજી આદિ સાધુ, સાધ્વીઓની પાવન નિશ્રામાં ૪૫ દિવસીય કઠિન તપશ્ચર્યા સિદ્ધિતપ ૩૦૦ થી વધારે તપસ્વીઓ કરી રહ્યા છે, આ સિદ્ધિતપના તપસ્વીઓનું તપ નિર્વિઘ્ને સંપન્ન થાય તે માટે તપસ્વીઓના અનુમોદનાર્થે જૈનાચાર્ય યશોવિજયસુરી શ્વરજી મહારાજાની પ્રેરણાથી, શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘે ભુજના સુપાર્શ્વ જૈન સેવા મિત્ર મંડળ (કલાપૂર્ણ ધામ)ને રૂ. ૧,૧૧,૦૦૦ નું અનુદાન આપીને જીવદયાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

જૈનપૂરી મધ્યે તપગચ્છ જૈન સંઘના પ્રમુખ ચંદ્રેશ શાહ, મંત્રી વિરલ શાહ, તપગચ્છના ટ્રસ્ટી મંડળ તથા સંજય મહેતા ડગાળાવાલા ના હસ્તે

ભુજના સુપાર્શ્વ જૈન સેવા મિત્રમંડળ ના પ્રતિનિધિ ધર્મેન્દ્ર વોરા અને શૈલેષ શાહને અનુદાનનો ચેક અર્પણ કરેલ હોવાનું માંડવી તપગચ્છ જૈન સંઘના મીડિયા કન્વીનર દિનેશ શાહે જણાવ્યું હતું.

# મુન્દ્રાની જનરલ હોસ્પિટલમાં ખાનગી કંપની દ્વારા જરૂરતમંદને રાશનકીટ અર્પણ




મુન્દ્રા તા.૨

મુન્દ્રાની જનરલ હોસ્પિટલ માં આજે આશાપુરા ફાઉન્ડેશન -ભુજોડી ના સહયોગ થી મુન્દ્રા તાલુકા ના ૩૦જેટલા ટીબી ના જરૂરત મંદ દર્દીઓ ને જીવન વપરાશ ની રાશન કીટો વિતરિત કરાઈ હતી આ પ્રસંગે મુન્દ્રા ક્ષય વિભાગ ના અધિકારીઓ એ આશાપુરા ફાઉન્ડેશન ના પ્રતિનિધિઓ નું સન્માન કર્યુ હતું આજના પ્રસંગે જિલ્લા ક્ષય અધિકારી ડૉ મનોજ ભાઈ દવે એ જણાવ્યું હતું કે મુન્દ્રા તાલુકા માં ટીબી ના કુલ ૭૨દર્દી છે. આજે મુન્દ્રા તાલુકા ના ૩૦ જેટલા ટીબી ના જરૂરત મંદ દર્દીઓ ને રાશન કીટો નું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે આશાપુરા ફાઉન્ડેશન ના અસ્મિતા ત્રિવેદી એ જણાવ્યું હતું કે અમારા ફાઉન્ડેશન દ્વારા કચ્છ ના અન્ય વિસ્તારોમાં ટીબી ના જરૂરત મંદ દર્દીઓ ને રાશન કીટ અપાય છે અને ટીબી ના દર્દીઓ જલ્દી થી સ્વસ્થ થઈ જાય એવી શુભેચ્છાઓ પાઠવી હતી

આ કીટ વિતરણ કાર્યક્રમ માં અહીં ની જનરલ હોસ્પિટલ ના ડૉ મંથન ફફલ ,આરોગ્ય વિભાગ ના ડૉ મહંતો ,હરિ ભાઈ જાટીયા ,ટીબી વિભાગ ના મેઘજી શૌધમ ,પ્રકાશ ભાઈ ,મુન્દ્રા ની જન સેવા ના રાજ સંઘવી હાજર રહ્યા હતા.

# ભુજપુરમાં જૈન સંઘના ઉપક્રમે તમામ જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે બાલસંસ્કાર શિબિર યોજાઈ



માંડવી તા.૨

કચ્છ આઠકોટી મોટીપક્ષ સ્થાનકવાસી જૈન સંઘ ભુજપુરના ઉપક્રમે તાજેતરમાં મોટી પક્ષના જૈન ધર્મ સ્થાનકમાં ધોરણ ૪ થી ઉપરના ધોરણના તમામ જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે બાલ સંસ્કાર શિબિર યોજાઈ હતી. જૈન સંપ્રદાયના કાર્યવાહક તારાચંદમુનિ મ.સા. પ્રશાંતમુનિ મ.સા.અને સમર્પણમુનિ મ.સા.ના સાનિધ્યમાં યોજાયેલ બાલ સંસ્કાર શિબિરમાં પ્રશાંતમુનિ મ.સા.એ જુદા જુદા નિયમોનું મહત્વ બાળકોને સમજાવ્યું હતું, ભુજપુર જૈન સંઘના સહયોગથી શિબિરમાં ભાગ લેનાર તમામ ૯૮ વિદ્યાર્થીઓને નિયમપત્રક આપવામાં આવ્યા હતા.

શિબિરમાં ભાગ લેનાર બાળકોને દાતાના સૌજન્યથી ભેટ આપવામાં આવી હતી. આ શિબિરમાં મીતાબેન, અલકાબેન અને નટુભાઈ દરજી સહયોગી રહ્યા હતા. આ બાલ સંસ્કાર શિબિરમાં વિદ્યાર્થીઓએ હોંશે હોંશે ભાગ લીધો હોવાનું માંડવીના જૈન અગ્રણી દિનેશ શાહે જણાવ્યું હતું.

# વરસામેડીમાં મહેશ્વરી સમાજના નવનિર્મિત કોમ્યુનિટી હોલનું લોકાર્પણ



**ધર્મગુરુઓની વિશેષ ઉપસ્થિતિમાં સાંસદની ગ્રાન્ટમાંથી બનેલ હોલના લોકાર્પણ કાર્યક્રમમાં મહાનુભવો હાજર રહ્યા**

અંજાર તા.૨૯

ગુરુપૂર્ણિમાના અવસરે દેવ માતઈદેવધામ, વરસામેડી મધ્યે મહેશ્વરી સમાજના મુખ્ય ધર્મગુરુ નવલખી નાતના સરતાજ પીરદાદા માતંગ નારણદેવ લાલણના સાનિધ્યમાં ગુરુ વંદના તેમજ સાંસદ વિનોદ ચાવડાની ગ્રાન્ટમાંથી બનાવેલ કોમ્યુનિટી હોલનું લોકાર્પણ તેમજ વૃક્ષા રોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમસ્ત સમાજના ધર્મગુરુઓ,સમાજના આગેવાનો, તેમજ ધર્મપ્રેમી જનતાની બહોળી ઉપસ્થિતીમાં ખાસ હાજર રહેલા સાંસદ વિનોદભાઈ અને ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી સહિતના આગેવાનોએ ગુરુવંદના કરી અને પીરદાદાના આશીર્વાદ મેળવ્યા હતા.

સાંસદ વિનોદભાઈ દ્વારા ફાળવેલ ગ્રાન્ટ માંથી નિર્મિત કોમ્યુનિટી હોલના લોકાર્પણ આ પ્રસંગે માતંગમંડળના પ્રમુખ ધીરજદાદા માતંગ, ગુજરાત પ્રદેશ મહેશ્વરી સમાજના પ્રમુખ નરેશ મહેશ્વરી, મહેશપ ંથી બ્રહ્મસમાજના પ્રમુખ ભારમલ ગરવા, જિલ્લા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન કુંવરબેન ડગરા, ગાંધીધામ નગરપાલિકાના પ્રમુખ તેજસ સેઠ, કારોબારી ચેરમેન એ.કે. સિંઘ, અંજાર તાલુકા પંચાયતના પ્રમુખ શોભનાબા જાડેજા , વરસામેડી સરપંચ પરિવાર વતી મિતરાજસિંહ જાડેજા, ન્યાય સમિતીના પૂર્વ ચેરમેન નરેશ મહેશ્વરી, મોહન ચાવડા, નારણ સોંધરા, અર્જુન દાફડા, નારણ દાફડા, વાલજી મણવર, આલારામ સોંધરા, દીપેન જોડ, મોહન ફફલ, કાંતિલાલ વિંઝુડા વગેરે મહાનુભાવો હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટના પ્રમુખ લક્ષ્મણ લાલણ, પૂજારી મુરજીદાદા માતંગ, મહામંત્રી મયુર સિંધવ, કિશોર સામત માતંગ, ભચુભાઈ પિંગોલ, બાવાભાઈ ધેડા, અશોક મતિયા, કમલેશ મતિયા, સુરેશ ધુવા, નીતિન ધૂવા, વગેરે જહેમત ઉઠાવી હતી, સંચાલન મહામંત્રી કિશોર માતંગ અને આભારવિધિ કરશનભાઈ દનીચા દ્વારા કરવામાં આવી હતી.

# માધાપરમાં યોજાયેલા સર્વરોગ નિદાન સારવાર કેમ્પમાં ૪૧૧ દર્દીઓએ લાભ લીધો



માધાપર તા.૨

અહીંના સમર્પણ મહિલા મંડળ તથા ગુજરાત અદાણી ઈન્સ્ટીટયૂટ ઓફ મેડિકલ સાયન્સના સંયુક્ત ઉપક્રમે માધાપર ખાતે સર્વ રોગ નિદાન-સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો, જેમાં ૪૧૧ દર્દીઓએ લાભ લીધો હતો.

આ કેમ્પમાં ડો.સિદ્ધાર્થ કોઠારી (મેડિસિન્સ સ્ઢ), ડો.માલવ શાહ (હાડકા),ડો.જય છોટીયા (સર્જરી સ્જી), ડો.રીચા ગુપ્તા (બાળરોગ), ડો.રવિ સોલંકી (આંખના રોગ), ડો.જય અમલાની (ચામડીના રોગ) ડો. માનસી પટેલ (કાન નાક ગળા) વગેરેએ નિશુલ્ક સેવાઓ પુરી પાડી હતી, દર્દીઓને જરૂરી દવાઓ પણ નિશુલ્ક આપવામાં આવી હતી. કેમ્પનું ઉદઘાટન કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના રાષ્ટ્રિય પ્રમુખ સમાજ રત્ન વિનોદ સોલંકી, સહયોગ આપત્તિ અને રાહત સેવાઓ વિભાગના ગુજરાત પ્રદેશ ભાજપ સંયોજક અને તેરા તુજકો અર્પણ ટ્રસ્ટના પ્રમુખ હિતેશ ખંડોર, તાલુકા પંચાયતના સદસ્ય લક્ષ્મીબેન જરૂ, લોહાણા સમાજના પૂર્વ પ્રમુખ દિલીપ ભીંડે, માધાપર જૂનાવાસ પંચાયતના પૂર્વ ઉપ સરપંચ દાદુભા ચૌહાણ, એપી. એમ.સી.ના ડાયરેક્ટર શંભુ જરૂ, સોની સમાજના પૂર્વ પ્રમુખ વસંત સોની, ઓદિત્ય બ્રહ્મ સમાજના પ્રમુખ મહેશ વ્યાસ, દીપક ડાંગર, મયુર જોશી, હર્ષદ ઠક્કર, મુકેશ વાઘેલાના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યું હતું. આ અવસરે વિનોદ સોલંકી અને હિતેશ ખંડોરે સમર્પણ મહિલા મંડળ દ્વારા થતી આરોગ્ય, જીવદયા તથા ધાર્મિક પ્રવૃત્તિઓને બિરદાવી હતી. સમર્પણ મહિલા મંડળના પ્રતિમાબેન ભટ્ટ, રુચિતાબેન જોશી, નીલમબેન ઠક્કર, દીપાબેન ઠક્કર, કાંતાબેન ઠક્કર, વર્ષાબેન ત્રિપાઠી, વનીતાબેન સોરઠીયા, ધરમબા જાડેજા, ઉષાબેન ઠક્કર, મીનાબેન દાવડા, રસીલાબેન ઠક્કર, જયશ્રીબેન ગોર, પ્રવિણાબા જાડેજા, મધુબેન ભટ્ટ, શોભનાબેન ભટ્ટ, ચંદ્રિકાબેન ભટ્ટ,બચુબેન સોરઠીયા, પુનમબેન મિસ્ત્રી, હેમલતાબેન વ્યાસ, રંજનબેન મૈચા, રેખાબેન ટાંક વગેરેએ જહેમત ઉઠાવી સેવા આપી હતી, માધાપર પી.એમ.સી સેન્ટરના ડાયરેક્ટર તથા સ્ટાફના કર્મચારીઓ, અને ફાર્માસી સહયોગી રહ્યા હતા.

# માંડવીના પૂર્વ શિક્ષિકાની પુણ્યતિથિ સેવા કાર્યથી ઉજવાઇ



જિલ્લા પંચાયત સંચાલિત માંડવી શહેરની જૈનનુતન પ્રાથમિક શાળા નંબર ૩ના નિવૃત્ત પૂર્વ શિક્ષિકા શ્રીમતી રંજનબેન દિનેશ શાહની છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિ તેમના આત્મશ્રેયાર્થે તેમના પરિવાર માતૃશ્રી માનવંતી મણીલાલ પાનાચંદ મહેતા (ડગાળા-માંડવી) તરફથી જુદી જુદી સેવાભાવી સંસ્થા ઓના માધ્યમથી તાજેતરમાં જીવદયા, માનવસેવા અને નિઃશુલ્ક મેડિકલ કેમ્પ થી ઉજવાઈ હતી.માંડવીમાં ૩૨ વર્ષથી કાર્યરત અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટી સંચાલિત વિકલાંગ કન્યા છાત્રાલયની દિવ્યાંગ છાત્રાઓને મિષ્ટાન ભોજન અપાયું હતું. ૧૫ વર્ષથી કાર્યરત નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર જૈન સંસ્થાના માધ્યમથી માંડવીની પાંજરાપોળના મૂંગા પશુઓને લીલાચારાનું નિરણ કરવામાં આવેલ હતું તથા માંડવીની બહેરામુંગા વિદ્યાલયના દિવ્યાંગ વિદ્યાર્થીઓને મિષ્ટાન ભોજન આપવામાં આવેલ હતું. આમ અનેક સેવાકીય કાર્યો સાથે તેમની પુણ્યતિથિ ઉજવાઈ હતી.



# મોટા કાદીયા અલખધામ આશ્રમ મધ્યે ગુરુપૂર્ણિમા ઉજવાઈ

આણંદપર(યક્ષ)તા.૨

અર્થવવેદી સતપંથ સેવા આશ્રમ ટ્રસ્ટ દ્વારા અલખધામ, કાદિયામોટા ખાતે ગુરૂ પૂર્ણિમા ઉજવણી નિમિતે ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સવારના ૮:૩૦ કલાકે દિપ પ્રાગટય મહામંડલેશ્વર સ્વામી દિવ્યાનંદહરીજી મહારાજના હસ્તે સમાજના અગ્રણી મહાનુભવોની ઉપસ્થિતમાં કરવામાં આવ્યું હતું. સંસ્થાના મહામંત્રી ધનસુખ નાકરાણી હળવદ વાળાએ સ્વાગત પ્રવચન દ્વારા સૌને શાબ્દિક આવકાર આપ્યો હતો, સમાજના અગ્રણીઓ દાનાભાઈ ગોરાણી, જેઠા ભાઈ સેંઘાણી, ડો.વીનુંભાઈ માકાણી ખેડબ્રહ્મા, પ્રેરણાપીઠ ગુરુકુળ ટ્રસ્ટી પ્રફુલ પટેલ, મગન જીવરાજ-મેરાઉ એ પ્રસંગને અનુરૂપ પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું. આર્શીવચન આપતા ગાદીપતિ મહંત અલખધામ કાદીયા આશ્રમના મહામંડલેશ્વર સ્વામી દિવ્યાનંદહરિજી મહારાજે જણાવ્યું હતું કે, આજનો મંગલ ગુરૂપૂર્ણિમા મહોત્સવ પ્રસંગ ગુરૂના સાનિધ્યમાં જઈ અંધકાર દૂર કરવાનો છે, ગુરૂએ સાધનાથી જે મેળવ્યું તે જ્ઞાન માનવ દેહમાં પ્રગટ કરે છે.આહાર શુધ્ધ કરો જેથી સતસંગ રૂપી વિચારો પણ શુધ્ધ થશે ત્યારે ભક્તિ ભાવ જાગશે. શરૂઆતમાં ગુરુપૂર્ણિમા પ્રસંગે વારીયજ્ઞ ગુરૂદેવોની પૂજા કરવામાં આવેલ જેમાં બ્રહ્મ ગાદી મહંત દિવ્યાનંદહરિજી મહારાજે શોભાવેલ,પંડિત ગાદીએ નારણ મેઘજી લીંબાણી દેવપર(યક્ષ) વાળા તેમજ સેવક તરીકે કેશુભાઈ પરબત કાદિયા વાળાએ સેવા આપી હતી, ભોજનના દાતા બાબુભાઈ રામજીયાણી કુરબઈ હાલે ઘાટકોપર, રમણ પેથાભાઈ કલોલ કંપા-ખેડબ્રહ્મા, કલ્યાણજી રવજી વાસાણી-દુર્ગાપુર રહ્યા હતા, આ પ્રસંગે કચ્છ, ગુજરાત, નાસિક, મુંબઈ, પુનાથી ગુરૂજનોની સ્મૃતિમાં ૧૫૦૦ જેટલા ભાવિકોએ પ્રસાદનો લાભ લીધો હતો, આભાર વિધિ ભોજનના દાતા ભરતભાઈ એ કરી હતી કાર્યક્રમનું સંચાલન જેન્તી લીંબાણી દેવપર(યક્ષ) વાળાએ કર્યું હતું.

# સરહદ ડેરી દ્વારા અંતિમ ભાવ ચુકવણીનો પાંચમો રાઉન્ડ શરૂ કરાયો




ભુજ તા.૨

સરહદ ડેરી દ્વારા અંતિમ ભાવ સ્વરૂપે પાંચમા રાઉન્ડ માં ૧૧ કરોડ રૂપિયા પશુપાલકોને દૂધ મંડળી મારફતે ચૂકવવામાં આવ્યા છે, જેનો ૨૦૭ મંડળી સાથે સંકળાયેલ ૧૭૨૬૮ પશુપાલકોને લાભ મળશે. કચ્છ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી. સરહદ ડેરી દ્વારા આજે અંતિમ ભાવ ચુકવણીના ભાગ રૂપે પાંચમા રાઉન્ડનું ચૂકવણું શરૂ કરવામાં આવ્યું હતું, વર્ષ ૨૦૨૩/૨૪ દરમિયાન પશુપાલકોએ મંડળીઓમાં ભરાવેલ દૂધની રકમ ના ૫% અંતિમભાવ રૂપે ચુકવણી કરવામાં આવી રહી છે. જે મંડળીઓની અંતિમ ભાવની ફાઈલ પૂર્ણ છે તેવી મંડળીઓને અંતિમ ભાવના પાંચમા રાઉન્ડની શરૂઆત કરી દેવામાં આવી છે. જેમાં કુલ ૧૭૨૬૮ જેટલા પશુપાલકોને ૧૧ કરોડ રૂપિયા અંતિમ ભાવ રૂપે મંડળીના દૂધ બિલમાં ચૂકવવામાં આવ્યા છે અત્યાર સુધીના ૫ રાઉન્ડ માં ૪૦૦ દૂધ મંડળીના ૩૨,૭૪૪ પશુપાલકોને ૨૨ કરોડ ૩૭ લાખ જેટલી માતબાર રકમ ચૂકવવામાં આવી હોવાનું સરહદ ડેરીના ચેરમેન વલમજી હુંબલે જણાવતા ઉમેયું હતું કે, જે જે મંડળીઓના જરૂરી ડૉક્યુમેન્ટ અંજાર ઓફિસે આવી ગયેલ છે તે તમામ મંડળીઓને ચુકવણી કરવામાં આવી રહી છે, ડૉક્યુમેન્ટ બાકી હોય અથવા અધૂરા હોય તેવી મંડળીઓએ તાત્કાલિક ડૉક્યુમેન્ટ હેડ ઓફિસે જમા કરાવવા તેમણે અનુરોધ કર્યો છે.

# દેશલપર(ગું) માં તલાટી માટે કવાર્ટર બન્યું છે તો તેનો ઉપયોગ કેમ નહીં ?



ભુજ : નખત્રાણા તાલુકાના દેશલપર (ગું) ના એક નાગરિકે ગામમાં તલાટી માટે બનેલ કવાર્ટરનો ૧૫ વરસ થી કોઈ ઉપયોગ નહીં થતો હોવાનો મુદ્દો ઉઠાવી, નાયબ કલેક્ટર, નખત્રાણાને પત્ર લખી તલાટી મંત્રી દ્વારા આ કવાર્ટરનો ઉપયોગ કરવામાં આવે તેવી માંગ કરી છે. જે તે સમયે બનેલા પંચાયત ઘર સાથે જ સરકારની ગ્રાન્ટમાંથી આ કવાર્ટર બન્યું હતું પણ તેનો આજ દિ સુધી કોઈ ઉપયોગ થયો નથી તેવું જગદીશ દવેએ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છમાં મોટા ભાગના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ડોક્ટરો અને આરોગ્ય કર્મીઓ માટે કવાર્ટર બનેલા છે, પરંતુ અપવાદ કરતા બધા કેન્દ્રોમાં ડોક્ટરો સ્થાનિકે રહેતા જ નથી, આરોગ્ય જેવી મહત્વની સેવામાં તંત્ર કોઈ ને સ્થાનિકે રહેવા ફરજ પાડી શકતું નથી, એક સમય હતો જ્યારે સરકારી કર્મચારીઓને સ્થાનિકે ફરજીયાત રહેવાના નિયમોનો ચુસ્ત અમલ થતો હતો, હવે આવા નિયમો સાવ ભૂલાઈ ગયા છે.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

# આજે રાષ્ટ્રીય તરબૂચ દિવસ



રાષ્ટ્રીય તરબૂચ દિવસ ભારતમાં દર વર્ષે ૩ ઓગસ્ટના રોજ દિવસ ઉજવાય છે. તરબૂચ ખાવાથી શરીરને થતા ફાયદાના મહત્વને ધ્યાનમાં રાખીને વર્ષ ૧૯૭૨ માં ભારત સરકાર દ્વારા આ દિવસ મનાવવામાં આવ્યો હતો. ત્યારબાદ ૩ ઓગસ્ટ, ૧૯૭૨ ના રોજ, ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય તરબૂચ દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી. તરબૂચ સ્વાદિષ્ટ હોવા ઉપરાંત સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. પરંતુ ઘણા લોકો તરબૂચને અડધા ભાગમાં કાપી નાખે છે અને પછી તેને થોડા દિવસો પછી ખાય છે.ઉનાળાની સિઝન આવતાની સાથે જ બજારમાં તરબૂચનું વેચાણ શરૂ થઈ જાય છે. લોકો આખું વર્ષ તરબૂચની રાહ જોતા હોય છે. ઉનાળામાં, લોકો તરબૂચ ખાય છે, જે સૌથી રસદાર અને મધુર ફળ છે. તરબૂચ એક એવું ફળ છે જે દરેકને ખૂબ જ ગમે છે. તેમાં રહેલા ઘણા પોષક તત્વો આપણા શારીરિક સ્વાસ્થ્યને જાળવવામાં મદદ કરે છે.તરબૂચમાં ૯૦% પાણી હોય છે, જેના કારણે તે શરીરમાં પાણીની ઉણપને પૂર્ણ કરે છે. તરબૂચમાં ખૂબ જ ઓછી કેલરી હોય છે, તેથી તે વજન ઘટાડવામાં પણ અસરકારક છે. આ સિવાય બ્લડ પ્રેશર, હાડકાં, દાંતની સમસ્યાઓ, આંખની સમસ્યા, સ્નાયુઓની રિકવરી અને કેન્સર જેવા રોગોમાં તરબૂચ ફાયદાકારક છે.

તરબૂચ ખૂબ ફળદ્રુપ છે. તેમાં રહેલા પોષક તત્વો શરીરને સ્વસ્થ રાખે છે.તરબૂચ સ્વાદિષ્ટ હોવા ઉપરાંત સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ ફાયદાકારક છે.પરંતુ ઘણા લોકો તરબૂચને અડધા ભાગમાં કાપી નાખે છે અને પછી તેને થોડા દિવસો પછી ખાય છે. શું તમે જાણો છો કે કાપેલા તરબૂચને કેટલા દિવસો સુધી ખાવું સલામત છે? તરબૂચમાં પાણીની માત્રાને કારણે તેની ચોક્કસ તારીખ જણાવવી થોડી મુશ્કેલ છે, પરંતુ જો તમે તરબૂચને કાપી લો તો તેને તરત જ ખાવું જોઈએ. જો તમે આખું તરબૂચ એક જ વારમાં ખાઈ શકતા નથી,તેને ઠંડી જગ્યાએ રાખવું જોઈએ. સામાન્ય રીતે તે ૩ થી ૪ દિવસ સુધી સુરક્ષિત રહે છે કારણ કે તેને ઠંડી જગ્યાએ રાખવામાં આવે છે, પરંતુ તે પછી તેનો સ્વાદ અને ગુણવત્તા રહેતી નથી. જો તમે સમારેલા તરબૂચ ખાઓ છો, તો ધ્યાનમાં રાખો કે તમારે તેને ઠંડી જગ્યાએ રાખવાનું છે. પરંતુ તેનું સેવન ૩ થી ૪ દિવસ પછી ટાળવું જોઈએ. ઉપર ના .કોઈપણ સૂચનને અમલમાં મૂકતા પહેલા, તમારે સંબંધિત નિષ્ણાતની સલાહ લેવી જોઈએ.આયુર્વેદના મતે તરબૂચ સ્વભાવે ઠંડું અને શીતળ છે. એ પિત્ત ઘટાડે છે, કફ કરે છે અને બળતરા મટાડે છે. એ રેચક છે અને મળ બાંધે છે. તરબૂચ કાચું હોય તો પિત્ત કરે છે અને ગરમ પડે છે. પાકું તરબૂચ પિત્ત શમાવે છે, કફ કરે છે અને ઠંડું છે. ન્યુટ્રિશનની દૃષ્ટિએ જોઈએ તો કાપેલા તરબૂચના ૧૦૦ ગ્રામ ટુકડામાં ૩૦ કેલરી હોય છે, ૦.૧૫ ગ્રામ એટલે કે ઑલમોસ્ટ ઝીરો ફૅટ હોય છે અને ૯૨ ગ્રામ પાણી હોય છે. ૬.૨૦ ગ્રામ શુગર, ૭.૫૫ ગ્રામ કાબોર્હાઈડ્રેટ અને ૦.૬૧ ગ્રામ પ્રોટીન હોય છે. ઉત્તમ માત્રામાં વિટામિન સી (૯.૬ મિલીગ્રામ) અને કેલ્શિયમ (૮ મિલીગ્રામ) હોય છે. ગરમીમાં શરીરમાંથી વહી જતાં મિનરલ્સ પોટૅશિયમ ૧૧૬ મિલીગ્રામઅનેસોડિયમ ૩ મિલીગ્રામ જેટલાં હોય છે. ૯૦ ટકા મૉઇસ્ચર ધરાવતું હોવાથી ગરમીમાંથી આવીને તરબૂચ ખાવાથી ગળામાં શોષ પડતો અટકે છે. તરબૂચમાં પોટૅશિયમ અને મૅગ્નેશિયમ વધુ માત્રામાં છે, પરંતુ સોડિયમ ખૂબ નહીંવત્ પ્રમાણમાં છે.આને કારણે બ્લડપ્રેશર વધતું અટકે છે. તરબૂચ શરીરનું ઓવરઑલ ટેમ્પરેચર ઘટાડવામાં કામ આવે છે. બપોરના ભોજનમાં કાંદા અને તરબૂચનું કચુંબર બેસ્ટ રહે. શરીરને રીહાઇડ્રેટ કરવામાં તરબૂચ અને આકરા લુખ્ખા તાપની લૂથી બચાવવામાં કાંદાથી મદદ થાય છે.

૨૦૦ ગ્રામ તરબૂચના ખૂબ ઝીણા નહીં અને ખૂબ મોટા નહીં એવા ટુકડા કરો. એમાં નાના કદના એક કાંદાની ઊભી પાતળી ચીરીઓ સમારો. એના પર સ્વાદ અનુસાર સિંધાલૂણ, જીરું અને કાળાં મરી ભભરાવીને સૅલડ તરીકે ખાવું. કાંદા અને તરબૂચ ગરમીની સીઝનમાં બેસ્ટ ગણાય છે.જ્યુશ પણ ચાલે : આ એક જ ફળ એવું છે જેનો જ્યુશ હોય કે ટુકડા ખાસ ફરક નથી પડતો. અલબત્ત, ઘણા લોકો તરબૂચને ક્રશ કરીને એનો ગર ગાળીને પાતળો જૂસ બનાવે છે, એ ઠીક નથી. આખા ટુકડાને ક્રશ કરવાથી જે ગાઢો પલ્પ નીકળે એને જ જૂસની જેમ પીવો. કાળાં મરી અને ચપટીક નમક નાખીને લેવાથી એ વધુ સુપાચ્ય બને છે.જમ્યા પહેલાં કે જમ્યા પછી ફ્રૂટડિશ તરીકે લઈ શકાય. બપોરે ચાર-પાંચ વાગ્યાના સ્નૅક્સના સમયમાં પણ આ બેસ્ટ ઑપ્શન છે. એનાં બી ગરમ પડે છે એટલે બી ખાવાં યોગ્ય નથી. તરબૂચના ગુણ અનુસાર સાંજ પછી ખાવાથી એ વધુ કફ કરે છે. ઘણા લોકોને રાતના જમ્યા પછી સૂતાં પહેલાં ભૂખ લાગે ત્યારે તરચૂબ ખાવાની આદત હોય છે, જે ખોટી છે. જો સાંજના છ-સાત વાગ્યા પછી ખાવાથી કફ થાય છે.

ગરમીના દિવસોમાં પણ સાંજ ઢળ્યાં પછી વાતાવરણમાં ઠંડક થઈ જાય છે. વળી, સાંજનો સમય પણ કફકારક ગણાય છે. એવા સમયે શીતળ ચીજ લેવાથી શરીરમાં કફ ગુણ વધે છે. ધારો કે સાંજે ખાવું જ હોય તો નમક અને કાળાં મરી છાંટીને જ લેવું. એ પણ રોજિંદી આદત બનાવીને નહીં.આ દિવસ ઘણા દેશોમાં ઉજવવામાં આવે છે અને આ દિવસે લોકો તરબૂચ ખાવાની મજા લે છે અને આ ફળની સુંદર રંગીન તસવીરો શેર કરે છે.તરબૂચ એ એક પ્રાચીન ફળ છે જે તેના પોષક મૂલ્ય, હાઈડ્રેશન અને તાજગી માટે જાણીતું છે. તે ભારત અને આફ્રિકાના પ્રદેશોમાં હજારો વર્ષોથી ઉગાડવામાં આવે છે. ધીરે ધીરે આ ફળ સમગ્ર વિશ્વમાં પ્રિય અને લોકપ્રિય બની ગયું છે. આમાં તરબૂચમાં વિટામિન સી, બીહ, પોટેશિયમ અને અન્ય મિનરલ્સ હોય છે જે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે.

જાણ્યું અજાણ્યું
ડૉ.મિહિર એમ.વોરા

# અંતે વીજચોરી પ્રકરણમાં સુમરાસરના સરપંચને ફરજ મોકુફ કરાયા

**ભાજપમાં જીલ્લા રમત ગમત સેલના કન્વીનર તથા પુર્વ ભાજપ યુવા મોરચાના ઉપાધ્યક્ષ રણછોડ આહિરને વિજચોરી પ્રકરણ નડી ગયુ કોંગ્રેસની અરજી બાદ સસ્પેન્ડ કરાયાના દાવા સાથે અરજકર્તાએ સામુહિક લડતનું પરિણામ ગણાવ્યું, હવે ભાજપની કાર્યવાહી પર નજર**




ભુજ તા.૨

તાલુકાના સુમરાસરના સરપંચ દ્વારા વીજ ચોરીના બહુ ચર્ચીત કેસમાં અંતે તેમની સામે પંચાયત ધારા હેઠળ પગલાં લેતાં જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.પ્રજાપતિ એ સરપંચ રણછોડ પરબત આહીરને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૫૯(૧) અન્વયે તેમની સામે નૈતિક અધઃપતનના ગુન્હાના સબંધમાં પોલિસ સ્ટેશનમાં ગુનો દાખલ થયેલ હોઈ સરકારના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ગાંધીનગરના જાહેરનામાંથી કાયદા અન્વયે મળેલ અધિકાર રૂએ રણછોડ પરબત આહીરને સરપંચના હોદા પરથી સદર ગુનાનો કોર્ટમાંથી આખરી નિકાલ ન થાય ત્યાં સુધી અથવા સરપંચના હોદાની અવધી પુર્ણ થાય તે બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી ગ્રામ પંચાયત સરપંચના હોદા પરથી મોકુફ કરવાનો હુકમ કર્યો છે. આ કેસની હક્કિત એવી છે કે,જે તે સમયે વીજ ચોરીના ગામના એક કિસ્સામા સરપંચ સામે ફરીયાદ નોંધાઈ હતી અને જે મામલે તેને જેલ પણ જવુ પડ્યુ હતુ. ત્યાર બાદ નૈતિક અધ પતન મુદા હેઠળ ત્વરિત સરપંચના હોદા પરથી દૂર કરી ઉપસરપંચને ચાર્જ આપવા કોંગ્રેસના આગેવાનો દ્વારા જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ રજૂઆત કરાઈ હતી, જે રજૂઆત અન્વયે તાલુકા વિકાસ અધિકારી પાસેથી અહેવાલ મંગાવતા સરપંચ વિરૂદ્ધ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયેલ હોવાનું અને તેમની અટક થયેલ હોઈ અધઃપતનના ગુણ દોષ ચકાસી કાર્યવાહી કરવા અભિપ્રાય અપાયો હતો, જોકે સરપંચ દ્વારા બચાવમાં કોઈ ગુનો કરેલ નથી અને તદન ખોટી ફરિયાદ ઉભી કરાઈ હોવાનું જણાવી તેમને અપાયેલ નોટીશ ફાઈલ કરવા રજૂઆત કરી હતી.અંતે તમામ પાસાનો અભ્યાસ અને તપાસ કરી જિલ્લા.વિકાસ અધિકારીએ હાલ તુરત ફરજ મોકુફીનો હુકમ કર્યો હતો. આ મુદ્દે કોંગ્રેસપક્ષના અરજદારો અંજલી ગોર, ધીરજ ગરવા, હાસમ સમા, આદમ કુંભાર ઉપરાંત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ યજુવેન્દ્રસિંહ જાડેજા, પ્રદેશ મહામંત્રીઓ, જિલ્લા પંચાયત સદસ્ય નારણ બળીયાએ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પ્રશ્નોત્તરી કરી આ પ્રશ્ન ઉઠાવ્યો હતો.ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ પણ જે તે સમયે કચ્છ જિલ્લામાં જનમંચ કાર્યક્રમમાં આ રજૂઆત સાંભળી ત્યારબાદ તેઓએ લેખિતમાં જિલ્લા વિકાસ અધિકારી કચ્છને ધારદાર રજૂઆત કરી હતી કોંગ્રેસ પક્ષની સામુહિક લડતથી ભાજપના યુવા હોદ્દેદાર સરપંચ રણછોડ આહિરને સસ્પેન્ડ કર્યા છે. ભાજપના અનેક મોટા નેતાઓના નજીક ગણાતા સરપંચ વિજચોરીમાં ઝડપાયા ત્યારે પણ ભાજપમાં આ કિસ્સાએ ભારે ચર્ચા સર્જી હતી. ત્યારે હવે તે સસ્પેન્ડ થયા બાદ ભાજપ શુ કાર્યવાહી કરે છે તે જોવુ રહ્યુ. કે પછી મોટા રાજકીય નેતાઓનુ પીઠબળ કાર્યવાહીમા નડી જાય છે તે જોવુ રહ્યુ...

# કચ્છમાં સાયબર ક્રાઈમ પોલીસે અનેકને રકમ પરત અપાવી : ઠગાઈથી પણ બચાવ્યા

**૧ કરોડ ૫૦ લાખથી વધુ રકમ ભોગ બનનારને પરત અપાવવાની સફળ કામગીરી તો પુર્વ કચ્છમાં ભોગ બનનારના કુલ-૨,૭૬,૭૬,૦૪૪/-રૂપીયા સાઈબર ક્રાઈમે પરત અપાવ્યા**

પુર્વ/પશ્ચિમ કચ્છ સાઈબર ક્રાઈમ દ્વારા આજે સંયુક્ત રીતે અત્યાર સુધી થયેલી કામગીરીના આંકડાઓ જાહેર કર્યા હતા, દેશની સાથે કચ્છમાં પણ સાઈબર ફ્રોડના કિસ્સા વધ્યા છે ત્યારે ઘણા કિસ્સામાં જાગૃતિ સાથે સાઈબર ક્રાઈમે ઠગાઈથી બચાવી લોકોને ગુમાવેલ રકમ પરત અપાવી છે. દેશમાં સાઈબર ફ્રોડના કિસ્સાઓ ચિંતાજનક રીતે વધ્યા છે અને તેમાં કચ્છ પણ બાકાત નથી, કચ્છમાં પણ સાઈબર ફ્રોડને લગતા કિસ્સોઓ વધ્યા છે. જો કે લોકોને આવી ઓનલાઈન ઠગાઈથી બચાવવા સાથે પુર્વ કચ્છ સાઈબર ક્રાઈમ પોલીસ અને પશ્ચિમ કચ્છ ભુજ જીલ્લા દ્વારા સાયબર ક્રાઈમને લગતી કરવામાં આવેલ પ્રજાલક્ષી કામગીરીની વિગત જોઈએ તો, અત્રેના પશ્ચિમ કચ્છ, જિલ્લામાં સાયબર ક્રાઈમ સેલ (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) ૨૦૧૫ થી કાર્યરત છે.તો પુર્વ કચ્છમાં ૨૦૨૧થી કાર્યરત કરાયેલા સાઈબર ક્રાઈમ દ્વારા પણ કરોડો રૂપીયા પરત અપાવા સાથે લોકોને જાગૃત કરાયા છે.

## બ્લોક થયેલ એકાઉન્ટ અનફ્રિઝ અંગેની કાર્યવાહી

અત્રેના જીલ્લા ખાતેના છેતરપિંડિના બનાવોમાં સાચા એકાઉન્ટ ધારકોને ન્યાય મળે તે માટે તેઓના ફ્રિઝ થયેલ એકાઉન્ટ અંગે પોલીસ સ્ટેશન લેવલેથી કાર્યવાહી કરી ફ્રિઝ થયેલ એકાઉન્ટ અનફ્રિઝ કરવા સી.આઇ.ડી. ક્રાઇમ ગાંધીનગરને બિન સંડોવણી દર્શાવતા જરૂરી પુરાવા મોકલી એનફ્રિઝની કાયવાહીમાં પુરતી મદદ કરવામાં આવે છે.

## સોશિયલ મિડીયાની કામગીરી

પશ્ચિમ કચ્છ જીલ્લા ખાતે સોશિયલ મિડીયા સંબંધિત હેરેશમેન્ટ તથા ફેક આઇ.ડી.ઓ અંગે આવતી ફરીયાદોમાં કાર્યવાહી કરી કુલ્લ ૨૦૦ ફેક એકાઉન્ટ ડીલીટ કરવામાં આવ્યા હતા જ્યારે પુર્વ કચ્છમાં ૧૫૦થી વધુ ફેક એકાઉન્ટ ડીલીટ કરવામાં આવ્યા હતા જ્યારે ૨૬ ગુન્હામાં ૩૯ આરોપીને ૫ કડી કાયદેસરની કાર્યવાહી કરવામા આવી છે.

## હોલ્ડ પર રહેલી રકમ રિફંડ કરાવી

પશ્ચિમ કચ્છ સાયબર ક્રાઇમ સેલ દ્વારા વર્ષ-૨૦૨૨ માં રૂ. ૧૨,૯૮,૮૪૪ તથા વર્ષ-૨૦૨૩ માં રૂ. ૮૦,૬૯,૦૯૫ અને ચાલુ વર્ષ જુલાઈ ૨૦૨૪ સુધીમાં રૂ.૫૬,૫૦,૬૧૦ એમ કુલ રૂ.૧,૫૦,૧૮,૫૪૯ રિફંડ કરાવી સાયબર કાઈમના પિડીતોને સમયસર રાહત મળે એ સુનિશ્ચિત કરવા માટે સક્રિય પગલા લિધા છે.તો પુર્વ કચ્છમાં વર્ષ-૨૦૨૪ ના સમય ગાળા દરમ્યાન આજદિન સુધી કુલઃ-૧૯૬૦ બનેલા બનાવમાં ઓનલાઇન છેતરપિંડી ના બનાવમાં કુલ – ૧,૦૭,૪૨,૭૩૧/- રૂપિયા.જ્યારે માત્ર ચાલુ વર્ષ ૩૩૨ બનાવમાં પણ પોલીસે રૂપીયા પરત અપાવાની કામગીરી કરી છે. પુર્વ કચ્છ સાઈબર ક્રાઈમ દ્વારા કુલ-૨,૭૬,૭૬,૦૪૪/- રૂપિયા રિફંડ કરાવી સાયબર ક્રાઈમના પિડીતોને સમયસર રાહત મળે એ સુનિશ્ચિત કરવા માટે પગલા લિધા હતા જેની જાણકારી આજે અપાઇ હતી.

## સાયબર અવેરનેશ

જીલ્લામાં લોકોને સાયબર કાઇમથી બચવા માટે અને ગુનાનું પ્રમાણ અટકે તેમજ પ્રજાજનોમાં વધુમાં વધુ જાગૃતતા ફેલાય તે માટે શાળા કોલેજોમાં તથા પબ્લિક સ્થળોમાં વર્ષ -૨૦૨૪ માં, ૧૦ સાયબર અવેરનેશ સેમિનારો યોજવામાં આવેલ છે, જીલ્લા વિસ્તારમાં ૧૦૦ જેટલા હોર્ડિંગ્સ તૈયાર કરાવી જાહેર રોડ રસ્તા ઉપર લગાડવામાં આવ્યા છે, તેમજ સોશિયલ મિડીયાના માધ્યમથી અવેરનેશ અંગેની પોસ્ટ તૈયાર કરી નવા નવા એમ.ઓ. અંગેની જાણકારી પ્રજા સુધી પહોંચે તે માટે અપલોડ કરી વધુમાં વધુ જગૃતતા ફેલાવવામાં આવી હતી તો પુર્વ કચ્છમા પણ શાળામાં એવરનેશ કાર્યક્રમ તથા સોસીયલ મીડીયા અને જાગૃતિ આપતા કાર્યક્રમો આયોજીત કરાયા હતા

**આ કાર્યવાહીની માહિતી સાથે પોલીસ દ્વારા લોકોને લોભામણી જાહેરાતથી બચવા સાથે સાઈબર ક્રાઈમ રોકવા માટે જરૂરી માર્ગદર્શન પણ આપ્યુ છે જેમાં અજાણ્યા વ્યક્તિને ઓટીપી ન આપવા,બેંક એકાઉન્ટ પાસવર્ડ મજબુત રાખવો,અંગત માહિતી શેર ન કરવી,અજાણી લીંક ખોલવી નહી,અજાણ્યા વ્યક્તિને એકાઉન્ટ ઉપયોગ કરવા ન આપવુ તથા આવા કિસ્સામાં તાત્કાલીક સાઈબર બેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરવા જણાવ્યુ હતુ.**

## સાઈબર ક્રાઈમ સામે ગુજરાત પોલીસ પણ સજ્જ

ગુજરાત પોલીસ સાઈબર ક્રાઈમના નાથવા માટે પહેલાં કરતાં વધુ સુસજ્જ થઈ છે. તેના કારણે ૨૦૨૩માં સાઈબર ગુનેગારો પાસેથી ફક્ત ૧૮ ટકા જ રકમ વસૂલી શકેલી પોલીસ ૨૦૨૪માં ૪૭ ટકા સુધીની રકમ વસૂલવામાં સફળ રહી છે.આ બાબત ગુજરાત પોલીસની સાઈબર ક્રાઈમ સામે વધતી જતી સુસજ્જતા બતાવે છે. તાજેતરમાં, ગુજરાત પોલીસે સાયબર ક્રાઈમનો ભોગ બનેલા હજારો મધ્યમવર્ગીય લોકોની પીડાને ઘટાડવા માટે એક મોટો પ્રયાસ કર્યો છે.ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, “ગુજરાત પોલીસ દ્વારા સાયબર ક્રાઈમની અસરકારક તપાસના પરિણામે ૨૮ હજાર જેટલા બેંક ખાતાઓ અનફ્રીઝ કરવામાં આવ્યા છે. આ પગલું એ પીડિતોને નોંધપાત્ર રાહત આપશે,તેમણે જણાવ્યું કે ૨૦૨૪માં રિફંડ કરાયેલી રકમની ટકાવારી ૪૬.૪૨% છે, જે ૨૦૨૩માં માત્ર ૧૭.૯૩% હતી. ૩૦ જૂન, ૨૦૨૪ સુધી હોલ્ડ પર રાખવામાં આવેલી કુલ રકમ ૧૧૪.૯૦ કરોડ છે અને ૨૦૨૪ માટે રિફંડ કરાયેલી રકમ ૫૩.૩૪ કરોડ છે.





# ભુજ-દિલ્હી સરાય રોહિલ્લા દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનનો પ્રારંભ કરાવાયો

**સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેન સેવાની લાંબા સમયથી માંગ હતી તેમાય આ સેવા ભુજ સુધી લંબાય તેવી લાગણી પણ પુર્ણ કરાઇ હતી. આજે પ્રારંભ સાથે હવે કચ્છ દિલ્હીથી ટ્રેન સેવા સાથે જોડાઇ ગયુ હતુ રાજકીય-સામાજીક આગેવાન તથા રેલવે અધિકારીની હાજરમા સેવાનો પ્રસ્થાન કરાવાયુ**

ભુજ તા.૨

કચ્છની લાંબા સમયથી માંગ છે કે કચ્છને બહારના રાજ્યો સાથે જોડતી ટ્રેન સેવા ભુજ સુધી લંબાવવામા આવે તે વચ્ચે રેલ્વે વિભાગ દ્વારા કચ્છ માટે વધુ એક નવી ટ્રેનની જાહેરાત કરવામા આવી હતી જેનો શુક્રવારે પ્રારંભ થયો હતો ભુજના ધારાસભ્ય કેશુ પટેલ ભુજ રેલ્વે સ્ટેશનથી અને ધારાસભ્ય શ્રીમતી માલતી મહેશ્વરી દ્વારા ગાંધીધામ સ્ટેશન થી શુક્રવારના રોજ ભુજ-દિલ્હી સરાય રોહિલા દ્વિ-સાપ્તાહિક સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપી પ્રારંભ કરાવ્યો હતો આ ટ્રેનની વિગતો અંગે વાત કરીએ તો ભુજને દિલ્હીથી જોડતી આ ટ્રેન સેવાનો લાભ લોકો આ રીતે લઇ શકશે ટ્રેન નંબર ૨૦૯૮૩ ભુજ-દિલ્હી સરાય રોહિલ્લા સુપરફાસ્ટ એક્સપ્રેસ ૨ ઓગસ્ટ ૨૦૨૪ થી દર મંગળવાર અને શુક્રવારે ભુજથી ૧૭:૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૨:૨૦ કલાકે દિલ્હી સરાય રોહિલ્લા પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૨૦૯૮૪ દિલ્હી સરાય રોહિલ્લા-ભુજ સુપર ફાસ્ટ એક્સપ્રેસ ૩ ઓગસ્ટ ૨૦૨૪ થી દર બુધવાર અને શનિવારે દિલ્હી સરાય રોહિલ્લાથી ૧૫:૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૧:૩૦ કલાકે ભુજ પહોંચશે. રૂટ પર બંને દિશામાં આ ટ્રેન અંજાર, ગાંધીધામ, ભચાઉ, ભાભર, ભીલડી, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ જંક્શન, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, અલવર, રેવાડી, ગુડગાંવ અને દિલ્હી કેન્ટ સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે.રેલ્વે વિભાગે વધુ જાણકારી માટે વેબસાઈટ પર જવા માટે મુસાફરોને જણાવ્યુ છે. આજે ટ્રેન સેવાના પ્રારંભે ભાજપના આગેવાનો સાથે રેલવે એસોસીયેશનના આગેવાન તથા રેલવે અધિકારીઓ આ સેવાના પ્રારંભે જોડાયા હતા અને પ્રથમ ટ્રેનને લીલીઝંડી આપી હતી. આગેવાનોએ ઉપયોગી સેવાનો લાભ કચ્છને મળશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો તો ભુજ સુધી ટ્રેન સેવા મળતા મુસાફરોએ ખુશી વ્યક્ત કરી હતી

# કચ્છમાં જૂન-જુલાઈમાં ૧૭ ઈંચ: સૌથી વધુ મુન્દ્રા તાલુકામાં ૩૦ ઈંચ

ભુજ,તા.૨

કચ્છમાં વરસાદ વરસવાનો આંક વર્ષોથી અનિયમિત રહ્યો છે. જોકે ગત વર્ષ ૭૬૪ મી.મી.ની સામે હજુ ચોમાસાના મધ્યાહ્નની સ્થિતિ જોઈએ તો ગત વર્ષ ૨૦૨૩ ની તુલનાએ અડધો ૪૧૬ મી.મી. વરસી જતાં સરેરાશ જળવાઈ રહેશે તેવું મનાઈ રહ્યું છે. ચાલુ વર્ષે કચ્છ જિલ્લામાં સૌથી વધુ મુન્દ્રા તાલુકામાં ૭૫૫ મિ.મી (૩૦ ઈંચ) જ્યારે સૌથી ઓછો વરસાદ ભચાઉ તાલુકામાં ૧૯૭ મિ.મી (આઠ ઈંચ) નોંધાવા પામ્યો છે. ગત વર્ષે બિપર જોય વાવાઝોડાની અસર હેઠળ જુન માસમાં જ ૧૦૦ ટકા વરસાદ વરસી ગયો હતો. જ્યારે આ વર્ષે વરસાદે સમયસર હાજરી પુરાવી છે પરંતુ હજુ ચારથી પાંચ તાલુકામાં અપૂરતો વરસાદ પડયો છે. ચાલુ વર્ષે અત્યાર સુધીમાં તાલુકાવાર સૌથી વધુ વરસાદ મુંદરામાં ૭૫૫ મી.મી. (૩૦ ઈંચ), માંડવીમાં ૬૩૪ (૨૫.૬૦ ઈંચ), નખત્રાણામાં ૪૯૫ (૨૦ ઈંચ), અંજારમાં ૪૮૩ (૧૯.૬૦) ઈંચ ગાંધીધામ ૪૦૨ મી.મી. (૧૬ ઈંચ), અબડાસા ૩૯૬ (૧૬ ઈંચ), ભુજ ૩૧૭ (૧૩ ઈંચ), લખપત ૨૪૭ (૧૦ ઈંચ), રાપર ૨૩૪ (૯.૬ ઈંચ) અને સૌથી ઓછો ૧૯૭ મી.મી. (૮ ઈંચ) ભચાઉમાં નોંધાયો છે. ગત છ વર્ષના વરસાદની સરેરાશ પર નજર કરીએ તો ૨૦૨૨માં ૮૪૯ મી.મી. તો ૨૦૨૧માં ઘટીને ૫૧૧ મી.મી. પડયો હતો. તેની પૂર્વે ૨૦૨૦માં ભારે વરસાદ પડતાં સરેરાશ બમણાથી વધુ ૧૧૬૨ મી.મી. એ પહોંચી ગઈ હતી.

# ગુજરાતમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા માટે સૂચનાઓ જાહેર

**જૂના શિક્ષકોની ભરતી પ્રક્રિયા અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા સૂચનાઓ જાહેર કરાઈ છે. જેમાં હવે સમગ્ર ભરતી પ્રક્રિયા પોર્ટલ દ્વારા ઓનલાઈન કરાશે સાથે જૂના શિક્ષક ભરતીમાં જૂના શિક્ષક અને શિક્ષણ સહાયકનો રેશિયો ૧:૩નો રહેશે**

ગાંધીનગર, તા.૨

રાજ્યમાં જૂના શિક્ષકોની ભરતી પ્રક્રિયા અન્વયે શિક્ષણ વિભાગના દ્વારા સૂચનાઓ જાહેર કરવામાં આવી છે. જે અંતર્ગત હવે જૂના શિક્ષકની ભરતી પ્રક્રિયામાં જૂના શિક્ષક અને શિક્ષણ સહાયકનો રેશિયો ૧:૩નો રહેશે. શિક્ષણ વિભાગ હસ્તકની ગ્રાન્ટેડ શાળામાં(લઘુમતી સિવાય) ઓછામાં ઓછા પાંચ વર્ષનો અનુભવ ધરાવતા હાલ સેવામાં હોય તેવા નિયમિત શિક્ષક જૂના શિક્ષક તરીકે અરજી કરી શકશે. આ સમગ્ર ભરતી પ્રક્રિયા પોર્ટલ દ્વારા ઓનલાઈન કરવામાં આવશે તેમ શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયું છે. સાથે જાહેરાતની તારીખે વયનિવૃત્તિ માટે બે વર્ષ કરતાં ઓછો સમય બાકી હોય તેવા શિક્ષક અરજી કરી શકશે નહીંઃ જૂના શિક્ષક તરીકે નિમણૂક મળતાં તે શિક્ષકની સેવા સળંગ ગણવાપાત્ર રહેશે યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર આ ઠરાવની તારીખે વયનિવૃત્તિ માટે બે વર્ષ કરતાં ઓછો સમય બાકી હોય તેવા શિક્ષક અરજી કરી શકશે નહીં. એટલું જ નહિ, જૂના શિક્ષક તરીકે ભરતી માટે સમગ્ર સેવાકાળ દરમિયાન માત્ર એક જ વખત લાભ મળવાપાત્ર થશે અને જૂના શિક્ષક તરીકે નિમણૂક મળતાં તે શિક્ષકની સેવા સળંગ ગણાશે. ગ્રાન્ટેડ શાળામાં શિક્ષણ સહાયક તરીકે કરેલ ફિક્સ પગારની નોકરીનો અનુભવ ગ્રાહ્ય રહેશે અને જૂના શિક્ષક તરીકે ભરતીની લાયકાત ઉમેદવારના શૈક્ષણિક અનુભવને આધારે મેરીટ તૈયાર કરવામાં આવશે.રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો માટે શિક્ષણ વિભાગના ઠરાવમાં ૧:૩ના રેશિયાથી શિક્ષકોની ભરતી કરવાની જોગવાઇ હતી. જુના શિક્ષકની આ ભરતી વર્ષ ૨૦૧૧માં થઇ હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૬ની ભરતીમાં શિક્ષક તરીકેનો ફિક્સ પગારનો સમયગાળો ગણવો કે નહિ તે પ્રશ્નનું નિરાકરણ લાવવામાં આવ્યું છે. જેમાં વતનથી દુર નોકરી કરતા ગ્રાન્ટેડ શાળાના શિક્ષકને વતનનો તથા કુટુંબ સાથે રહેવાનો લાભ મળે અને સામાજિક જીવન અસ્ત-વ્યસ્ત થતુ અટકે તેનો સરાહનીય નિર્ણય કરાયો છે તેમ વધુમાં જણાવવામાં આવ્યું છે.

# મુન્દ્રા મોખા નજીકના ખરાબ રસ્તાની કોંગ્રેસની લડત સફળ

**ખરાબ રસ્તા મુદ્દે કોગ્રેસે શરૂ કરેલી લડત સફળ રહી છે.ગુરૂવારે કોગ્રેસના આગેવાનો આ મુદ્દે સ્થળ તપાસ માટે ગયા હતા અને ત્યાર બાદ ધરણા કરી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.આજે પણ દોઢ કલાક ટોલ નાકું બંધ રહ્યા બાદ ગાંધીધામ નેશનલ હાઈવે ઓથોરીટી અને પ્રાગપર પીઆઈ હાર્દિક ત્રિવેદી ની મધ્યસ્થી થી માગણી પૂરી થતા ધરણા પુર્ણ કરાયા હતા**



મુન્દ્રા, તા.૨

ગાંધીધામ થી દેશલપર રોડ નેશનલ હાઈવે પર ના મોટા ખાડાની રજૂઆત માટે મુન્દ્રા કોંગ્રેસ ગુરૂવારે મુલાકાત કર્યા બાદ રસ્તાની ખરાબ સ્થિતી અંગે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. અને મોખા ટોલ નાકા પર મોડી સાંજે ધરણા કર્યા હતા અને યોગ્ય ન થાય ત્યા સુધી લડતની ચીમકી ઉચ્ચારી હતી. ત્યારે આજે પણ મોખા ટોલ નાકે કોગ્રેસના સભ્યો ખરાબ રસ્તાની સ્થિતીને લઇને વિરોધ નોંધાવ્યો હતો. જેને કારણે લાંબા સમય સુધી વાહન-વ્યવહારને અસર થઇ હતી. કોગ્રેસે માંગ કરી હતી કે રસ્તાની સ્થિતી સુધારો અથવા ટોલ બંધ કરો પરંતુ કોઇ જવાબદાર અધિકારી હાજર ન મળતા કોગ્રેસે લડત કરી હતી ત્યારે શુક્રવારે પણ વિરોધ યથાવત રહ્યો હતોમુન્દ્રા તાલુકા કોંગ્રેસના પ્રમુખ વિરમ ગઢવી એ જણાવ્યું હતું કે શુક્રવારે નેશનલ હાઈવે ના ખરાબ માર્ગ માટે મોખા ટોલ નાકા પર કોંગ્રેસ એ ધરણા યોજાયા હતા તેમજ તાલુકા અને શહેર કોંગ્રેસ દ્વારા દોઢ કલાક સુધી મોખા ટોલ નાકે ચક્કાજામ કર્યો હતો. જો કે વિરોધના પગલે પોલીસ સહિતના જવાબદારો સ્થળ પર દોડી આવ્યા હતા અને યોગ્ય રજૂઆત સંદર્ભે યોગ્ય કરવાની ખાતરી આપી હતી. ગાંધીધામ નેશનલ ઓથોરિટીના અધિકારી એ સાત દિવસમાં માં પ્રશ્ન ના ઉકેલ ની બાંહેધરી આપી હતી. જેને કારણે હાલ પુરતો કોગ્રેસે વિરોધ બંધ રાખ્યો છે. છેલ્લા બે દિવસથી આ રસ્તાને લઇને વિરોધ ચર્ચામા રહ્યો હતો જેને સ્થાનીક ટ્રાન્સપોર્ટ સહિતના લોકોએ પણ ટેકો આપ્યો હતો ત્યારે યોગ્ય કરવાની ખાતરી મળ્યા બાદ હાલ વિરોધ શાંત થયો છે.

# ભચાઉ તાલુકામાં ગેરકાયદેસર હથિયાર સાથે ઈસમ ઝડપાયો



ગાંધીધામ તા.૨

ભચાઉ તાલુકાના એક ઈસમને ગેરકાયદેસર હથિયાર સાથે ઝડપી પાડી, એસ.ઓ.જી. ગાંધીધામ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરાઈ હતી.

નજીકના સમયમાં આવતા તહેવારો અનુસંધાને ગેરકાયદેસર હથિયારના કેસો શોધી કાઢવાની સુચના અન્વયે એસ.ઓ.જી.ટીમ સામખિયારીમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાતમી મળેલ કે, મોરબીથી સામખિયારી તરફના ઓવરબ્રિજના સર્વિસ રોડ પર ભીખાભાઈ હરજી કોલી (રહે.જશાપરવાંઢ તા.ભચાઉ એ પોતાના કબ્જામાં ગેર કાયદેસર હથિયાર રાખેલ છે જેની તપાસ કરતા મજકુર ઈસમ પાસેથી વગર પરમીટનો તમંચો કિ.રૂ.૧૦,૦૦૦ મળી આવેલ, જેથી જીલ્લા મેજીસ્ટ્રેટ કચ્છના હથિયાર બંધી જાહેરનામાના ભંગ બદલ તેની વિરુધ્ધ આર્મ્સ એક્ટ મુજબનો ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી માટે સામખિયારી પો.સ્ટે.ને સોપવામાં આવેલ હતો.

આ કામગીરીમાં એસ.ઓ.જી. પો.ઇન્સ. ડી.ડી.ઝાલા, સ.ઈ.એન.કે.ચૌધરી તથા એસ.ઓ.જી.સ્ટાફ જોડાયેલ હતો